
# કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૫૫ · અંક ૧૧ · સળંગ અંક ૬૫૯
નવેમ્બર · ઇસ્વીસન ઓગણીસસો અઠ્યોતેર · તંત્રી · બચુભાઈ રાવત
સંસ્થાપક · સ્વ. ર. મ. રાવળ



મા (વુડકટ · મહેશ્વર શુક્લ)



ગામડાનું આંગણું' (એચિંગ - યજ્ઞેશ્વર શુક્લ) કલમ કે પીંછી વડે કાગળ ઉપર ચીતરવું અને જસતના પતરા ઉપર પોલાદી અણી વડે ભાર દઈને ચિત્ર કોરવું – અને તે પણ ઊલટું, એમાં ઘણો ફેર છે. હાથનો એક ખોટો ઘસરકો યે ક્યારેક બધી મહેનત બરબાદ કરી દે. એચિંગ (કે આ અંકના પૂઠા પર છે તેવા વૂડકટ જેવી) મુદ્રણક્ષમ કળા (ગ્રાફિક્સ)માં માધ્યમના ઉપયોગની સમજ, કલાની સૂઝ અને કોરવાની આવડતની એકસાથે જરૂર પડે છે. અને તેમાં કળા દાખવવી એ કર્તાની સિદ્ધિ છે. આ એચિંગ તથા પૂઠા પરના વૂડકટમાં કલાકારે એ દાખવી છે.

કુમાર

નવેમ્બર ૧૯૭૮ · અંક ૬૫૯

તંત્રી: બચુભાઈ રાવત ✿ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

**ચિત્રો**



**કાવ્યો**



**ચરિત્ર**



**વાર્તા**



**લેખો**



**વિભાગો**



'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૮ યા પાઉન્ડ ૩ યા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

# વાચકો લખે છે...

## नव-वर्ष-मंगलम्

भास्करस्य प्रभा-पुंजम्
प्राचीं रंजयति श्रिया ।
उषा सांवत्सरी रम्या
जीवनं रंजयेन्मुदा ॥

संसारस्य विसंवादाः
वैकल्यं जनयन्ति ये ।
तेषु संवाद – रेखाणां
माधुरी मधुरायताम् ॥

रायस्पोषाय मोदाय
जनानां कर्म – चातुरी ।
दिव्यं सारस्वतं ज्योतिः
जायतां कीर्तिरुत्तमा ॥

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

## સૂર્યમૂર્તિ?

'સૂર્યપૂજા પરદેશી માનવસંઘે સૌરાષ્ટ્રમાં આણી છે. શ્રીકૃષ્ણના પુત્ર સામ્બે યવનના પ્રદેશમાં જઈ ત્યાં આદરેલી સૂર્યની પૂજાથી પોતાનો કોઢનો રોગ મટાડચો હતો. એ સામ્બ સૌરાષ્ટ્રમાં સૂર્યની પૂજા લાવ્યો. તેની સાથે સૂર્યના પૂજારી મગ બ્રાહ્મણો પણ લાવ્યો. એ કથા સાચી ઠરાવતાં સૂર્યનાં અનેક અસલી મંદિરો અને મગ (અબોટી) બ્રાહ્મણો કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા પર નજરે પડે છે.' (ઓખા મંડળના વાઘેર, લે. કલ્યાણરાય જોશી. પૃ.૨૬)

આવાં સૂર્યમંદિરો સુવર્ણતીર્થ (વરવાળા), કકલાસકુંડ (દ્વારકા) વગેરે સ્થળોએ ખંડિત દશામાં આજે પણ ઊભાં છે. પરંતુ આમાંના એક પણ મંદિરમાં મૂર્તિ આજે ઉપલબ્ધ નથી. કાં તો એ ચોરાઈ ગઈ છે અથવા બીજી કોઈ રીતે ગુમ થઈ છે.



## અનુરોધ

સુરેન્દ્રનગરના સ્વ. દુષ્યંત બાપાલાલ શાહની સ્મૃતિમાં દર વર્ષે એસ. એસ. સી.માં પહેલા દસ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને એક વર્ષ માટે 'કુમાર' મોકલવાનું અનુદાન આપનાર દાતા—સ્વ.ના બંધુ—શ્રી રમેશભાઈ શાહ તરફથી અમને નીચેનો અનુરોધ-પત્ર મળ્યો છે:

વર્ષો પહેલાંની વાત છે. નાનાં છોકરાંઓ મળીને 'આંધળો પાડો'ની રમત રમતાં. બે ત્રણ જણા ભેગા થઈને દાવ દેનારની આંખે મોટો રૂમાલ બાંધતા. પછી રમત શરૂ કરતાં પહેલાં એકાદ જણ એની સામે આંગળીઓ ધરી પૂછતો—કેટલી દેખાય છે? એને જરા પણ નથી દેખાતું એ એમ પૂછી નક્કી થતું. આજે પણ આ રમત રમાય છે. પણ પાટો બરાબર બંધાયો છે કે નહિ એ આંગળીઓ બતાવી પુછાતું નથી. બાળકો સમજે છે કે આંગળીઓ દેખાશે તો પણ સાચી સંખ્યા બોલશે નહિ. વર્ષો પહેલાં એવું જૂઠું બોલવાનો રિવાજ જ ન હતો.

બાળક જન્મથી જ બધું સાચું જ કરે છે, બોલે છે. પછી દુનિયાનું જોઈને ખોટું બોલતાં–આચરતાં શીખે છે. એને ખોટું બોલતાં જોઈ મા-બાપ સાચું બોલવાની શિખામણ આપે છે. આમ ધૂળ ઉપર લીંપણ થાય છે. આ જાતના સંસ્કાર સમાજમાં બરાબર ગોઠવાઈ ગયા છે. છતાં સહુને ખટકે તો છે જ. કાંઈ ઉપાય નથી એટલે '...તો ય આપણાં છોકરાં ફલાણાના કરતાં ઘણાં સારાં છે.' એમ મન મનાવી લેવાય છે.

બાળકો પછી કિશોરો પછી કુમારો, આમ વય વધતાં આવા જ વાતાવરણનું પોષણ મળતું જાય છે. વાતાવરણ પણ કેવું પ્રદૂષણભર્યું છે! રેડિયો–ટી. વી. તથા અસંખ્ય છાપાં-સામયિકો-માસિકો. પાણી તથા હવાનાં પ્રદૂષણો અટકાવવા સરકાર કાયદાઓ બનાવે છે. લાખો રૂપિયા ખર્ચે છે. કુસંસ્કારનું ઝેર આ બધાંથી કાતિલ છે.

આ પ્રદૂષણ હટાવવા, વર્ષોથી સંસ્કાર ફેલાવવા ટેક લઇને 'કુમાર' એની મજલ સ્થિર ગતિએ આગળ ને આગળ ધપાવ્યે જાય છે. આ જ્ઞાન-દીપ વર્ષોથી ગુજરાતી સમાજને અજવાળી રહ્યો છે. જે વર્ષોમાં એ શરૂ થયું ત્યારે બાળકો એકબીજા સાથે વિશ્વાસથી જ રમતાં, ભળતાં. આવા કોરી પાટી જેવાં કૂમળાં મનમાં સંસ્કારો રેડવાનું સહેલ હતું.

આજના ખરાબ વાતાવરણથી ટેવાએલાં બાળકોને સાચા સંસ્કારો આપવા અઘરું કાર્ય છે. શાળાઓમાં શિક્ષણની જવાબદારી પૂરી નિભાવાતી નથી તો સંસ્કાર જેવો શબ્દ કે વિષય અભ્યાસક્રમમાં જડે જ ક્યાંથી?

આ ઝંઝાવાત સામે ઝઝૂમીને 'કુમાર' જે કાર્ય કરે છે એ એના વાચકોથી અજાણ્યું કેમ જ હોય.

'કુમાર' એની મજલ આગળ ધપાવ્યે રાખવા શી શી મુશ્કેલીઓનો સામનો કરે છે એ જોવા-જાણવાની ફરજ સહુ વાચકોની છે જ. નવાંનવાં ચટકીલાં સામયિકો નીકળે છે અને તુરત જ બહોળો ફેલાવો પામે છે. એના પ્રકાશકો અઢળક પૈસા પણ કમાય છે. 'કુમાર'ને ત્યાં આવું કશું થતું નથી. 'કુમાર'ને વધુ ને વધુ ફેલાવાની જરૂર છે. વધુ વાચકો–વધુ ગ્રાહકો વધુ જાહેરાતો એ જ એનું પોષણ છે. આંખે ઊડીને વળગે એવી રંગબેરંગી સુઘડ છપાઈ સાથે આપણા હાથમાં આવે એવું આપણે સદા યે ઇચ્છીએ.

સરકારે પ્રૌઢ શિક્ષણના પ્રચારાર્થે એક સૂત્ર બનાવ્યું છે. Each one teach one–સહુ ગ્રાહકો પણ એક એક ગ્રાહક વધારે એવી ગણતરી કરીએ તોપણ ફેલાવો બમણો થઈ જાય.

સહુ ગ્રાહકોને ખાસ વિનંતી કે અંગત રસ લઈને 'કુમાર'માં તેલ સીંચે કે એનો પ્રકાશ વધુ ને વધુ ફેલાતો જાય. જેઓ વર્ષોથી 'કુમાર' વાંચે છે એ મારી જેમ દૃઢપણે માનતા હશે કે ખરેખર જીવન-ઘડતરમાં 'કુમાર'નો ફાળો અનન્ય છે. માવતરને પોષવાની જેટલી ફરજ સંતાનોની છે એટલી જ આ જ્ઞાન-ગુરુને પોષવાની આપણી ફરજ છે.

દુનિયાની કોઈ સંસ્થા દેશે-દેશમાં સંસ્કારપ્રચારનું કાર્ય કોણ કેવું કરે છે એ જોવા સર્વેક્ષણ કરે તો 'કુમાર'ને બહુ મોટો યશ મળે. સાથે સાથે ગુજરાતી પ્રજાને એવો જ ભારે ઠપકો પણ મળે. આપણી તરફ આમ કોઈ આંગળી ન ચીંધી જાય એ જરૂરી છે. એક એલ. પી. રેકર્ડ કરતાં 'કુમાર'નું વર્ષભરનું લવાજમ ઓછું છે. એક નાનકડા કુટુંબનો એક વાર સિનેમા જોવાનો ખર્ચ પણ એથી વધુ હોય. 'કુમાર'થી અજાણ્યા આવા ગુજરાતીઓને 'કુમાર' ભણી વાળવા પરિચિતોની ફરજ છે.

મારી જેમ બીજા ઘણા ગ્રાહકો કુમાર વધુ સમૃદ્ધ બને એમ ચાહતા હશે. આટલો સળી-સંચાર એમને પ્રવૃત્ત કરશે એટલી ખાત્રી છે. (આવતા એક વર્ષમાં સો જેટલા નવા આજીવન ગ્રાહકો ઊભા કરવા મેં નક્કી કર્યું છે.)

(મુલુંદ–મુંબાઈ) —રમેશ બી. શાહ

દ્વારકાથી ૭ કિ. મી. દૂર આવેલા સામ્બ-લક્ષ્મણના મંદિર પાસેથી અમે એક ખંડિત મૂર્તિ શોધી કાઢી છે જે આ સાથેના ચિત્રમાં જોઈ શકાય છે. આ મૂર્તિ ભૂખરા રેતાળ પથ્થર પર કોતરાએલી છે. ચાર ફૂટ ઊંચી શિલા પર કોતરાએલી આ મૂર્તિ નીચે 'ચતુર્હેતુ પૂર્ણેન દ્વા વિશ:' વાંચી શકાય છે. ચાલુક્ય યુગ પછીની ૧૨મી ૧૩મી સદીની આ લિપિ હોવાનું અમારા મુરબ્બી શ્રી લક્ષ્મીશંકર જોશીનું કહેવું છે. તેઓએ ઉપર્યુક્ત વાક્યનો આ મુજબ અર્થ કર્યો છે: '...(ના) ચાર હેતુઓ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) વડે પૂર્ણ થએલા એવા (વડે) બાવીસમો (મી)...' 'પૂર્ણેન' પછી દ્વા વંચાય છે, પરંતુ આગલા શબ્દ વિશ: સાથે દ્વા નો મેળ ન બેસતો હોઈ તેઓ એ શબ્દ દ્વા હોવાનું માને છે.

આ મૂર્તિ કદાચ સૂર્યની હોઈ શકે! પગમાં હોલબૂટ હોય એવું જણાય છે. અને આ મૂર્તિ મળી એનાથી બે કિ. મી. દૂર સૂર્યમંદિર પણ આવેલું છે. આસપાસના લોકો તો આ મૂર્તિને અન્નપૂર્ણા માતાજી માને છે! કદાચ આ મૂર્તિ સૂર્યની હોય તો બાજુના સૂર્યમંદિરમાં એ સ્થાપિત હોવી જોઇએ. આ અંગે કોઈ વિદ્વાન પ્રકાશ ફેંકશે એવી આશા રાખીએ છીએ.

—રણજિતસિંહ ચાવડા

(દ્વારકા) —કમલેશ વિસાણી

## સૂરજકુંડ અને સુવર્ણરેખા

'કુમાર' ૬૫૬માં શ્રી હરસુરભાઈ ગઢવીએ આપેલી ગિરનારના સૂરજકુંડની અને ગિરના કનકાઈની માહિતી રસપ્રદ છે. આ સ્થાનો ખરેખર પ્રાચીન અને ઇતિહાસથી ભરેલાં છે. તા. ૭-૫-'૭૮ના રોજ, જૂનાગઢ મુકામે યોજાએલા સૌરાષ્ટ્રઇતિહાસ સંશોધન સભાના દ્વિતીયજ્ઞાનસત્રમાંથી સમય કાઢી ડૉ. આર. એન. મહેતા અને મિત્રો સાથે આ લેખકને સૂરજકુંડ જવાનું થએલું. ગુજરાત સરકારના પુરાતત્ત્વ ખાતાના શ્રી દિનકરભાઈ મહેતા વગેરે મિત્રો શ્રી કે. કા. શાસ્ત્રી સાથે સૂરજકુંડ પહોંચેલા. અમારા માર્ગદર્શક શ્રી ગઢવીજી પોતે જ હતા.

સૂરજકુંડ એના નામ મુજબ હાલ કોઈ સોરાવશેષ ધરાવતું નથી. અહીં જોવા મળતી ઇંટો અગત્યની છે. ઇંટો, એના માપ ઉપરથી ઈ. સ.ની શરૂઆતની જણાય છે. એક કાળે અહીં બૌદ્ધ વિહાર હશે. પણ અહીંની સૌથી અગત્યની બાબત સૂરજકુંડ પાસેથી વહેતી નદીને લોકો હાલ પણ 'સુવર્ણરેખા' તરીકે ઓળખાવે છે તે છે. સૂરજકુંડ ગિરનારથી લગભગ પૂર્વમાં આવ્યો.

આપણા ઇતિહાસની એક વિકટ સમસ્યા સુદર્શન તળાવ ક્યાં હતું તે છે. ચંદ્રગુપ્ત મૌર્યના સૂબા પુષ્યગુપ્તે સુદર્શન નામનું તળાવ બંધાવ્યું હતું એવો ઉલ્લેખ જૂનાગઢના 'અશોકનો શિલાલેખ'થી પ્રખ્યાત ત્રિલેખશિલામાં મળે છે. સુદર્શન તળાવની ચર્ચા કરનાર બધા જ વિદ્વાનોએ 'સુવર્ણરેખા' નદી ઉપર સુદર્શન હતું, ને 'સુવર્ણરેખા' એટલે દામોદરકુંડ વાળી—ગિરનારથી પશ્ચિમમાં વહેતી નદી એમ સ્વીકારી લઇને ચર્ચાઓ કરી છે. હાલ જેની ઉપર દામોદરકુંડ છે તે ગિરનારથી જૂનાગઢ તરફ વહેતી નદીને પણ સુવર્ણરેખા કહે છે તે અદ્યાપિ આપણી નજરમાં આવ્યું ન'તું. આ સૂરજકુંડવાળી સુવર્ણરેખા ધ્યાન બહાર કેમ રહી ગઇ તે પ્રશ્ન છે. દામોદરકુંડવાળી સુવર્ણરેખા ગિરનારથી પશ્ચિમમાં વહે છે, સૂરજકુંડવાળી સુવર્ણરેખા ગિરનારથી પૂર્વમાં વહે છે. આ બે સુવર્ણરેખાઓમાંથી હવે આપણે એ વિચારવાનું રહે છે કે સુરજકુંડવાળી સુવર્ણરેખા સુદર્શન તળાવવાળી સુવર્ણરેખા નથી!

(પોરબંદર) —નરોત્તમ પલાણ

## લસણનો પ્રયોગ અને વિરુદ્ધ આહાર

અંક ૬૫૬માં માધુકરી વિભાગમાં ગંગાધર દવેએ 'દીર્ઘાયુ માટે વિશિષ્ટ પ્રયોગ' રજૂ કર્યો છે, જેમાં એક કળીના લસણની ચાર થી પાંચ કળી દૂધમાં ઉકાળી, દૂધ તથા લસણની કળીઓ સવારે ખાવાનો પ્રયોગ રોજ કરવાથી રોગમુક્તિ અને દીર્ઘાયુ થવાય છે તેમ જણાવેલું છે. મેં ઘણી જગ્યાએ વાંચ્યું છે. આયુર્વેદનાં પુસ્તકોમાં પણ વાંચ્યાનું યાદ છે તેમ જ આયુર્વેદના નિષ્ણાત લેખકો, વૈદ્યો પાસેથી સાંભળ્યું પણ છે કે દૂધ સાથે ડુંગળી અને લસણ વિરુદ્ધ આહાર બને છે. તે લેવાથી ચામડીના નાનામોટા રોગો જન્મે છે. તો આ બાબતમાં સાચું શું તે જાણવું છે. આવો પ્રયોગ કોઈ આડ અસર તો નિપજાવતો નહિ હોય ને? કોઈ આયુર્વેદના નિષ્ણાત અધિકારી આ બાબતમાં ચોખવટ કરશે તો સાચો ખ્યાલ આવશે. પ્રયોગ એવો હોવો જોઈએ કે ફાયદો કરે કે ન કરે પણ નુકસાનકારક તો ન જ હોવો જોઈએ. બીજો ચણાનો પ્રયોગ છે, જેમાંથી કોઈ આડ અસર જન્મે તેવું લાગતું નથી. આ લસણના પ્રયોગ વિષે આધારભૂત, પ્રયોગનિષ્ઠ અનુભવો જાણવા મળે તો વિશેષ ખાત્રી થાય.

(રાજકોટ) —રવજીભાઈ ડોબરિયા

## આવતો અંક મોડો થશે

આવતા માસનો અંક વર્ષાંતનો અંક હોઈ સમૃદ્ધ રૂપે મોડો—ડિસેમ્બરના લગભગ અંતે બહાર પડશે, તેથી વાચકોને ધીરજ ધરવા વિનંતી છે.

# નવજાત શિશુની આસપાસ / ઉશનસ્

(ચાર સૉનેટ)

## ૧) નવોઢામાંથી માતા

• મંદાક્રાન્તા •

—ને એ એના તરફ, બબડે છે જરા આકળી થૈ:
'તેં, તેં મારું સુખ હરી લીધું ઓઢવા પ્હેરવાનું,
ખાવું પીવું, હરવું ફરવું, એ…છૂટા સ્હેલવાનું,
તું સાથે ને સરખી સરખી સૈયરોમાં ભળી જૈ.
તેં વાવ્યું છે ધરુ ઉદરમાં તે થઈ છોડ જેવું
વાગ્યું શાખા-અવયવથી, મારે જ વેંઢારવાનું,
તું તો છૂટો પ્રથમ સમ રે, એક મારે જ સ્હેવું,
પૂરા માસે પ્રસવ પછી યે આયુ કોઢારવાનું.'

આવું આવું બબડતી'તી ત્યાં ઘોડિયું સ્હેજ હાલ્યું
કે એ દોડી દડુક, મળી જ્યાં ડિમ્ભ શું દષ્ટ દષ્ટ,
કોઈ પેલા જનમની પ્રીછે આખી યે રોમહૃષ્ટ
પેલું બોખું ખિલખિલહસે ના—રહ્યું હૈયું ઝાલ્યું:

કો આભારે ઝૂકી, વરસી રૂહે ગાલ શું ગાલ વ્હાલ:
'તું હીણી હું રહી જ શકી શેં આટલો કાળ, બાળ?'

## ૨બ) નવજાત ડિમ્ભ પ્રત્યે મા

• શિખરિણી •

નહીં તો—કહો—ક્યાંયે તમ નજરમાં હું જનની છું?
તમારી ત્રિજ્યામાં કયહીં પણ હજી? રે કીકી મહીં
હું સામે છું તો યે પડતી નથી છાયા મુજ ત્યહીં;

હું જાણું—નોંધ્યું છે—કદીક ટીકીટીકી તમ દગો
મને જોઈ રૂહે છે કંઈ સગપણે, એક જ મને
બધાં ચાંચલ્યોમાં કશી નિકટતાથી સ્થિરપણે;
પરંતુ હું એવી અબુધ નથી ભોળી, સમજું છું,
બધુંયે સમજું છું: ગત જનમની કોઈ પ્રીછનો,
ચહેલા ચ્હેરાનો નજર વતી તાળો જ કરતા;
કસોટી બાકી છે હજી જનનીની કેટલીક કહો;

તમારે તો આવા થઈ જવું અજાણ્યા; પણ અહીં
વિરાગી દાદાજી ઘર ઉમર ઓળંગી અરધો
ગએલા તે પાછા ઘરમહીં, કશું આવું ઊચરે:
'મને બાંધી દીધો ઘરશું ફરી, ફૂટયા નવસ્વરે…'

## ૨અ) નવજાત ડિમ્ભ પ્રત્યે મા

• શિખરિણી •

તમે આ બાજુ—એ કબૂલ—ઊતર્યા છો અમ ઘરે;
પરંતુ સંધું યે તમ હજી ય પેલી તરફનું,
ગયા જન્મારાનું! લગીર અમ રેખા ઊતરવા
દીધી આકારે તે બદલ પણ આભારી જ અમે.

પૂછો તો આ આંખો પ્રથમ ઊઘડી તે ઘડી—પળે
તમારી સામે તો હું જ હતી—જનેતા જ—પણ છે
તમારે એનું કૈં? લઘુલઘુ દગોનું ઊઘડવું—
મિચાવું, ને પેલા જનમ તણી કો તારકકણી
ભણી મંડાઈને, અધૂરુંપધુરું ચાલુ સપનું
તમારી આંખોમાં હજી ય પણ કૈં ઓ જનમનું;

અમસ્તું આ બાજુ હસવું રડવું કારણ વિના;
બગાસાં બ્રહ્માંડી, ચરણ-કર-વીંઝાવું બધું તો
તમારું-યાદા'વે-વ્રજજનમના જેટલું જૂનું!
જુઓને, અંગોને વળગ્યું હજી એ માખણફૂણું!

## ૩) ઘરમાં પાછા ફરતા દાદાની ઉક્તિ

• શિખરિણી •

'મને બાંધી દીધો ફરીથી ઘરશું તેં શિશુક હે!
વળું છું પાછો હું ઘરમહીં હું જે સાંજુક સમે
ગયો 'તો ઓળંગી અરધ ઘરનો ઉંબર, હું જે
ગૃહસ્થીથી થાકયો વિ-રત અધ સંન્યાસી સરખો
જવા દેવસ્થાને ઘડી ધરમ સત્સંગ કરવા
અને એ રીતે આ અતલ કૂપ બ્હારે નીકળવા…

ફરું છું પાછો હું ઘર મહીં, શિશુ! નૂતન સ્વરે
મને તેં બોલાવી લીધ ફરી ઘરે, નાજુક અતિ
ઝીણી કાચી તાંતો બિસની વીંટી લૈ બાંધી જ લીધો!
ફરી પાછો ખૂણે અવશ મૂકી દોં લાકડી, અને
ઉતારી નાખું છું ઝટ પગરખાં, ટોપી શિરથી,
ખમીસે કાઢીને ખીંટી ઉપર ટિંગાડી દઉં છું;

અનાયાસે, ફૂટયા સ્વરની ગ્રહી લૈ તાંત સરું છું
ઘરે ઊંડો ઊંડો અતલ મુજ જન્મેથી—ગરું છું…'

આ સૉનેટ-ચતુષ્ટય ત્રણ ઉક્તિઓરૂપે છે. પ્રથમમાં માતૃત્વ પામેલી નવોઢા પતિ પ્રત્યે ઉપાલંભ-વચનો વિચારે છે ત્યાં જ એના સ્ત્રીત્વ પર માતૃત્વનો વિજય થતો અંત આવે છે. બીજા અને ત્રીજા સૉનેટમાં વિજયી માતાની નવજાત ડિમ્ભ-શિશુ-પ્રત્યેની વત્સલોક્તિ છે. બીજા સૉનેટમાં અંતે 'વ્રજજનમ' શબ્દ મૂકી માતૃત્વની સનાતન મીઠાશનો મહિમા કરાયો છે; તો ત્રીજા સૉનેટમાં એ ભોળા શિશુ અને માતાના સંબંધાનુસંધાનની રમત મંડાઈ છે ત્યાં જ અંતે દાદાજી એ પૌત્રપાશમાં ખરા લપટાઈ જાય છે, જેનું મધુરું ચિત્ર ચોથા સૉનેટમાં એ દાદાજીની ઉક્તિમાં ફોરી રહે છે. ઉમ્મરને આરે પહોંચી ગાર્હસ્થ્યમાંથી મન વાળી લઈ અન્ય પથે પળતા દાદાજીને નવજાત શિશુ એના મૃદુ રવે પણ મક્કમતાથી કેવું બાંધી લે છે।

—ધી. પ.

# પ્રેરણા

બહાદુરશાહ પંડિત

મહેન્દ્ર નામનો મારો એક મિત્ર છે. એ ગુજરાત કૉલેજમાં બીજા વર્ષમાં હતો ત્યારે એણે એક વિદ્યાર્થીનું પાકીટ ચોરવાનો પ્રયત્ન કર્યો. એમ કરતાં પકડાઈ ગયો અને વર્ગના છોકરાઓએ એને માર્યો. ખાનદાન ઘરનો નબીરો હોવાથી મહેન્દ્રને બેઆબરૂ થવાથી ખૂબ લાગી આવ્યું અને એ મુંબાઈ ભાગી ગયો. કુસોબતની અસરથી ચોરી કરેલી, પણ પાછળથી તેને એટલો બધો પશ્ચાત્તાપ થયો કે એણે દરિયામાં પડીને આપઘાત કરવાનો નિશ્ચય કર્યો. દરિયામાં પડતાં પહેલાં એણે છેલ્લે છેલ્લે મોજ માણી લેવા એક પિક્ચરની ટિકિટ લીધી અને ૬ થી ૯ના શોમાં થીએટરમાં ઘૂસી ગયો.

સંજોગોવશાત્ એ ફિલ્મની વાર્તાનો નાયક પણ પ્રેમમાં નિરાશ થવાથી આપઘાત કરવા રેલવેના પાટા પર સૂઈ જાય છે. ત્યાં એક સાધુ આવી એને બેઠો કરે છે અને કહે છે: 'બેટા, ભગવાને આપેલી આ મૂલ્યવાન કાયા આમ અકાળે રોળી નાખવા માટે નથી. એનો માનવ-કલ્યાણ માટે ઉપયોગ કરવાનો છે. આપઘાત તો કાયરો કરે છે. મર્દે તો શહીદ થવાનું હોય; બીજાના ભલા માટે મરી ફીટવાનું હોય.' સાધુના આવા ઉપદેશથી ચિત્રપટનો નાયક ઘેર પાછો ફરે છે અને એના સદ્ભાગ્યે એને એની પ્રેમિકા ફરી મળે છે. આ ચિત્રપટની પ્રેરણાથી મારા મિત્ર મહેન્દ્રએ પણ આપઘાત કરવાનો વિચાર માંડી વાળ્યો ને એ બીજા જ દિવસે અમદાવાદ પાછો ફર્યો. આજે એ મિત્ર મોટો વેપારી બન્યો છે અને સુખી છે.

પ્રેરણા માત્ર કવિઓ અને લેખકોને જ મળે એવો નિયમ નથી. આત્મહત્યા કરવા જતા પ્રણયીજનો કે બેકાર લોકોને પણ ઘણી વાર નવેસર જીવન જીવવાની પ્રેરણા મળી રહે છે. મારા મિત્ર મહેન્દ્રને મળી એવી પ્રેરણા ઘણા માણસોને જીવનનો નવો રાહ બતાવતી હશે. પરંતુ પ્રેરણાના પ્રતાપે ઘણા તો મહાન માણસો બની દુનિયાના ઇતિહાસમાં પોતાનું નામ રોશન કરી ગયા છે.

આવી પ્રેરણાનું પહેલું પ્રભવસ્થાન માતા છે. ટૉમસ આલ્વા એડિસન જગતનો મહાન વૈજ્ઞાનિક ગણાય છે. એ નાનો હતો ને શાળામાં ભણતો હતો ત્યારે એના વર્ગશિક્ષકે કહ્યું હતું: 'અલ્યા, ખરો જડ છે તું! તારા મગજમાં અક્કલના બદલે કેવળ ભૂસું ભરેલું લાગે છે.' આ સાંભળી એડિસન રડતો રડતો ઘેર આવ્યો ને માતાને વાત કરી. માતાએ બેટાને શાળામાં મોકલવાનું બંધ કરી જાતે ભણાવવાનું શરૂ કર્યું. બેચાર દિવસના અનુભવ પછી માતાએ કહ્યું: 'બેટા, તારા જેવા બુદ્ધિશાળી છોકરાને ભણાવવા કેટલું બધું જ્ઞાન જોઈએ! બીચારા શિક્ષક એ જ્ઞાન ક્યાંથી લાવે?' માતાની આ પ્રેરણા એડિસનને મહાન વૈજ્ઞાનિક બનાવી ગઈ.

ઘણી વાર પડકાર પર પ્રેરણાનું કામ કરે છે. 'તારાથી આ કામ નહિ થાય. તારું ગજું નથી કે તું આ કામ કરી શકે' એમ કહેવાથી બાળકો અને યુવાનો એ પડકારને ઝીલી લે છે અને અશક્ય લાગતું કાર્ય શક્ય કરી બતાવે છે.

પોલૅન્ડના શ્રેષ્ઠ સંગીતકાર પેડરવસ્કીને બાળપણમાં એના એક સંગીત-શિક્ષકે કહ્યું: 'તું તારી આખી જિંદગીમાં પિયાનો કદી વગાડી નહિ શકે. વાદ્યનો બહુ શોખ હોય તો ઢોલક કે તંબુરો વગાડતાં શીખી જા. પિયાનો પર તારો હાથ કદી બેસશે નહિ.' આ વાત સાંભળીને પેડરવસ્કીને એવી ચાનક ચડી ગઈ કે એણે પિયાનો પર રીઆઝ કરવાનો સમય બેવડો કરી નાખ્યો. પરિણામે એક દિવસ એ વિશ્વનો સર્વશ્રેષ્ઠ પિયાનોવાદક બની શક્યો.

પ્રસિદ્ધ અંગ્રેજ રાજનીતિજ્ઞ બેન્જામિન ડિઝરાએલી પહેલી વાર ઇંગ્લૅન્ડની લોકસભામાં બોલવા ઊભો થયો ત્યારે એની બોલવાની રીત અને ભાષા સાંભળીને બધાએ એની મશ્કરી કરી અને એને બેસાડી દીધો. બેસતાં પહેલાં એણે કહ્યું કે 'આજે તો તમે મારું વક્તવ્ય સાંભળ્યું નથી પણ એક સમય એવો આવશે કે મને સાંભળ્યા સિવાય તમારો છૂટકો નહિ થાય.' ને એ વાત સાચી પડી. ભવિષ્યમાં એ એવો કાબેલ વક્તા બન્યો કે એનું ભાષણ પાર્લમેન્ટના સભ્યો મંત્રમુગ્ધ થઇને સાંભળવા લાગ્યા, અને એ પાછળથી બે વાર ઇંગ્લૅન્ડનો વડો પ્રધાન પણ બન્યો હતો!

કાકાસાહેબ કાલેલકરે પણ એમની 'સ્મરણયાત્રા'માં માતા તરફથી થએલા આવા પડકારનો એક દાખલો નોંધ્યો છે. એ સાવનૂરમાં હતા ત્યારે એમના ઘરની આસપાસ આમલીનાં ખૂબ ઝાડ હતાં. ઝાડ પર આમલી ખૂબ પાકી ગઈ હતી એટલે એમની બાએ એમને ઝાડ પર ચડી પાકી પાકી આમલી ઉતારવા કહ્યું. કાકાસાહેબ ઝાડ પર તો ચડ્યા પણ સારી અને પાકી આમલી તો ડાળના છેડા પર હોય. ત્યાં સુધી હાથ પહોંચે નહિ અને ત્યાં સુધી જવાની હિંમત ચાલે નહિ! આ જોઈ એમનાં બાએ ચીડાઇને કહ્યું: 'સાવ બીકણ છોકરો! જુઓ તો કેવો ધ્રૂજે છે! આ તો શું સરગવાનું ઝાડ છે કે બટકી જાય? નીડર થઇને વધ આગળ; નહિતર ખાલી હાથે પાછો આવ'. આ પ્રસંગ વર્ણવી કાકાસાહેબે નોંધ્યું છે કે 'મારી આંખે અંધારાં આવ્યાં—બીકનાં નહિ પણ શરમનાં! મને થઈ આવ્યું કે આના કરતાં તો હું મરી જાઉં તો શું ખોટું? પછી હું કયી રીતે આગળ વધ્યો ને છેક છેડા પરની તથા ટોચ પરની ખૂબ આમલીઓ તોડીને લઈ આવ્યો એ કશું ય મારા ધ્યાનમાં ના આવ્યું. એ દિવસથી મેં મારી બીક છોડી દીધી એમ કહું તો ચાલે.'

આમ, માની પ્રેરણાથી મહાન બનેલા માનવીઓનો ઇતિહાસમાં તોટો નથી. વીર શિવાજીને માતા જીજાબાઈ અને દાદા કોંડદેવે જ શૂરાતનની પ્રેરણા રામાયણ મહાભારતની કથાઓ કહીને આપી હતી.

માતા પછી પ્રેરણા આપનાર બીજી વ્યક્તિ શિક્ષક કે અધ્યાપક હોય છે. જન્મથી જ શિક્ષક હોય અને 'વર્ગ'ને જ 'સ્વર્ગ' માનતો હોય એવા શિક્ષકો પોતાના વિદ્યાર્થીઓને માત્ર વાણીથી જ નહિ પણ વર્તનથી ને વ્યવહારથી યે ઘણી પ્રેરણા આપી શકે છે; તો કોઈ વાર એકાદ પુસ્તકનું વાચન પણ માનવીની આખી જિંદગીને પલટી નાખે એવી પ્રેરણા આપે છે. મહાત્મા ગાંધીજીએ રસ્કિનનું 'અન ટુ ધ લાસ્ટ' વાંચ્યું અને એમના આખા જીવનનો રાહ બદલાઈ ગયો. સામાન્ય વકીલ બનવાના બદલે તેઓ વિશ્વવંદ્ય વિભૂતિ બન્યા.

પ્રેરણાનું પ્રભવસ્થાન કોઈ વાર મામૂલી ચીજ પણ બની શકે. રાજા બ્રૂસે જાળ વણવા ભીંત પર ચડતા કરોળિયાને સાત વખત પડતો ને ફરી ફરી ચડતો જોયો અને એને પ્રેરણા મળી. બગીચામાં બેઠાં બેઠાં ન્યૂટને ઝાડ પરથી નીચે પડતા ફળને જોયું અને એને ગુરુત્વાકર્ષણનો નિયમ શોધવાની પ્રેરણા મળી. વૉટ્સે ચાની કીટલીનું વરાળથી ઉઘાડબંધ થતું ઢાંકણ જોયું અને એને વરાળ-એન્જિન શોધવાની પ્રેરણા મળી. દત્તાત્રેયને કેટલા બધા ગુરુ હતા! એ કૂતરાને પણ ગુરુ ગણતા. જેની પાસેથી પ્રેરણા મળે એને એ ગરુ માનતા.

પ્રેરણા મેળવવા માટે રાહ જોવાની ના હોય. આંખ ખુલ્લી હોય અને કાન સરવા હોય તો પ્રેરણા ગમે તે સ્થળેથી અને ગમે તે સમયે મળી રહે છે. મન હોય તો માળવે જવાય એમ 'પ્રાણ હોય એને પ્રેરણા મળે' એવી કહેવત પ્રચલિત કરવા જેવી છે. ઋગ્વેદની એક ઋચા છે: 'આ નો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ' દરેક દિશામાંથી અમને ઉમદા વિચારો પ્રાપ્ત થાઓ.

અને ઉમદા વિચારો એ જ મોટી પ્રેરણા નથી? □



# વિનુ માંકડ

## ક્રિકેટ-ક્રીડાંગણના ભવ્ય વીર

લેખક
ભરત ના. ભટ્ટ

**ખમીર, સાહસ ને શક્તિથી ભરપૂર જે પોતાની ગજબનાક બૅટિંગ, જાદુઈ બોલિંગ અને હેરતભરી ફીલ્ડિંગથી ભારતના સૌથી મહાન ઑલરાઉન્ડર ક્રિકેટવીર ગણાયા**

**ભા**રતના ક્રિકેટ જગત માટે ૨૧ ઑગસ્ટ (૧૯૭૮)નો દિવસ કમનસીબ નીવડયો. તે દિવસે બપોરે ૩-૩૦ના શુમારે બૉમ્બે ઑસ્પિટલમાં વિનુ માંકડનું અવસાન થયું. રમતવીરોના સંદર્ભે કાયમ ગરીબ એવું ભારત તેમના જવાથી વધુ ગરીબ થયું. છતાં, એમનો દેહ જોકે પંચમહાભુતમાં ભળી ગયો પણ તેમનું સૂક્ષ્મ રૂપ એક વિભાગના, એક આદર્શ બનીને ક્રિકેટ જગતના કણેકણમાં વ્યાપી જશે. દેહી માંકડ કયારેક તો જશે જ એવી દહેશત સતત હતી પણ તેમની સિદ્ધિઓ દ્વારા અદૃષ્ટ રૂપે જીવતા માંકડને કાળ પણ મિટાવી નહિ શકે.

એક અવિસ્મરણીય પ્રસંગ આજે ઘણાને યાદ આવશે. ૧૦-૬-'૫૨-ની સવાર. લૉર્ડ્ઝ ખાતે ઇંગ્લૅન્ડ-ભારતની બીજી ટેસ્ટ આરંભાઈ રહી છે. હઝારે ટૉસ જીતે છે ને બેડસર, ટ્રુમૅન અને લેકર જેવાની બોલિંગ સામે ભારતનો દાવ આરંભવા માંકડ અને રૉય મેદાને પડે છે. હજી માત્ર પાંચ માસ પહેલાં જ તેમણે ઇંગ્લૅન્ડ સામેની ગૃહશ્રેણીમાં ૩૪ વિકેટો લીધેલી અને ૨૨૩ રન કરેલા. છતાં આ પ્રવાસી ટુકડીના તેઓ સભ્ય નહોતા! લીડ્ઝ ખાતેની પહેલી ટેસ્ટ ભારત હાર્યું પછી ઇંગ્લૅન્ડમાં જ લૅંકેશાયર પરગણાવતી રમતા માંકડને ભારતીય ટીમની કુમકે બોલાવવા પડયા. ભારત અને ઇંગ્લૅન્ડમાં આ પગલાના તરફદારો ને વિરોધીઓ હતા. દાવ લેવા જતા માંકડે પોતાના ટીકાકારોને મૂગા અને ટેકેદારોને સંતુષ્ટ કરવાના હતા. સામાન્ય માણસ મૂંઝાય તેવા સંજોગોમાં પ્રેરણા પામીને માંકડે આ ટેસ્ટમાં જે પાણી બતાવ્યું તે તેમની જ નહિ, ભારતીય ક્રિકેટની એક વીરગાથા છે. પ્રથમ દાવમાં તેઓ ૧૦૬ રનના જુમલે પહેલા આઉટ થયા ત્યારે ૧૩૦ મિનિટમાં તેમણે ૭૨ રન કરેલા. ભારતના ૨૩૫ રન સામે ઇંગ્લૅન્ડે ૫૩૭ રન ખડકયા ત્યારે તેમણે ૭૩-૨૪-૧૯૬-૫ની બોલિંગ ઍનાલિસિસ આપી! આ ગાળામાં તેમણે હટન જેવા હટનને કાંઈ સતાવ્યા છે! વળી, તુરત દાવ લેવાનો આવ્યો. તે દાવમાં માંકડે જે મુક્ત ફટકાબાજી બોલાવી છે! ૨૧મીની સાંજે ભારતના બે વિકેટે ૧૩૭ રન હતા, તે માંકડ ૮૬ નોટ-આઉટ. ૨૨મીની સવારે લંડનના એક છાપાએ લખ્યું: 'It is now Mankad vs England.' બીજા એક છાપાએ લખ્યું: 'Marathon Mankad the Magnificent'–ઓજસ્વી, અપરાજેય માંકડ. ચોથે દિવસે ૨૭૦ રનના જુમલે માંકડ ત્રીજા આઉટ થયા ત્યારે તેમણે ૨૭૦ મિનિટમાં ૧૯ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે ૧૮૪ રન કરેલા. વળી ઇંગ્લૅન્ડના બીજા દાવમાં તેમણે ૨૪ ઓવર નાખી જેમાંથી હટન-સિમ્પસન માત્ર ૩૫ રન લઈ શકયા. જેમની સામે માંકડે આ તાકાત બતાવી તેનો વિચાર કરતાં લાગે છે કે ૧૦૦ વર્ષના ટેસ્ટ ઇતિહાસમાં પણ આવા દાખલા જૂજ હશે.

તેમનું મૂળ નામ મૂળવંતરાય હિમ્મતલાલ માંકડ. શાળામાં કોઇકે તેમને 'વિનુ' નામથી બોલાવ્યા ને એ નામ રહી ગયું. આથી દુનિયા તો તેમને વી. (વિનુ) એમ. (મૂળવંતરાય) માંકડના નામે જ ઓળખે છે. ઈ. ૧૯૧૭ની ૧૨મી એપ્રિલે સામાન્ય નાગર પરિવારમાં, તે સમયમાં ક્રિકેટરોની 'ફૅક્ટરી' સમાં નવાનગર (જામનગર)માં તેમનો જન્મ થયો.

તે એ જમાનો હતો જ્યારે સામાન્ય પરિવારમાં જન્મી ક્રિકેટર બનવું એ આકાશકુસુમવત્ હતું. સદ્ભાગ્યે જામનગરના રાજવીઓમાં ક્રિકેટ માટે અનેરો રસ અને સૂઝ હતાં. જાણીતા ક્રિકેટર સ્વ. કે. (કુમાર) એસ. (સાહેબ) દુલીપસિંહજીએ શાળાઓ વચ્ચેની એક મૅચમાં રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલ તરફથી રમી રહેલા વિનુ માંકડની શક્તિ પારખી અને એ કિશોરનું નસીબ પલટાયું. દુલીપસિંહજીએ ઇંગ્લૅન્ડના પોતાના પરગણા–સસેક્સ–ના ઑલ-રાઉન્ડર આલ્ફ્રેડ વેન્સ્લેને માંકડના કોચ તરીકે બોલાવ્યા. આમ દુલીપસિંહજી જેવાની નિગાહબાની નીચે, વેન્સ્લેની તાલીમશાળામાં વિનુની ક્રિકેટ-કેળવણી શરૂ થઈ. વિનુની ઈચ્છા તો સીમ બોલર થવાની હતી પણ કોઈ દૈવી પળે વેન્સ્લેએ તેમને ડાબેરી સ્પિનર થવાની સલાહ આપી જે એમણે સ્વીકારી.

ઈ. ૧૯૩૫માં ૧૮ વર્ષની વયે પશ્ચિમ રાજ્યો વતી મુંબાઈ સામે માંકડે રણજી ટ્રોફીમાં પ્રવેશ કર્યો. બીજા જ વર્ષે-૧૯૩૬માં-તેમણે મહત્ત્વનો ફાળો આપી નવાનગર (પશ્ચિમ રાજ્યોનું નવું નામ)ને વિજેતાપદ અપાવ્યું. આ બનાવથી જાણે ભારતીય ક્રિકેટના શુક્ર તારકે ક્ષિતિજમાં ડોકિયું કર્યું. આમ છતાં ૧૯૩૬માં ઇંગ્લૅન્ડ ગએલી ભારતીય ટીમમાં એમની પસંદગી નહોતી થઈ. આ પસંદગી માટે તેઓ અવશ્ય લાયક હતા કારણ કે ૧૯૩૬-'૩૭માં ભારતના પ્રવાસે આવેલી લૉર્ડ ટેનિસનની ઇંગ્લિશ ટીમ સામે માંકડે જ બિનસત્તાવાર ટેસ્ટોમાં એક સદી સાથે ૩૭૬ રન કરેલા અને ૧૫ વિકેટ લીધી હતી. બીજા વિશ્વયુદ્ધ પછી છેક ૧૯૪૬માં, ૨૯ વર્ષની વયે માંકડ માટે પ્રથમ ટેસ્ટ રમવાનો અવસર આવ્યો. યાદ રહે કે આટલી ઉમરે બિશન બેદી ૨૦૦ વિકેટની નજીક હતા!

નવાનગર, ગુજરાત, બંગાળ, મુંબાઈ, રાજસ્થાન એમ અનેક રાજ્યો વતી રણજી ટ્રોફી રમેલા માંકડની એ કારકિર્દી એક બૅટ્સમૅન ને સ્ટૉક બોલર તરીકે આરંભાએલી, તેમાં તેમના આંકડા પણ એટલા નોંધપાત્ર નથી. તેમણે ટેસ્ટને જ પડકારરૂપ રંગભૂમિ માની હશે!

માંકડ પોતાની પહેલી ટેસ્ટ ૨૨-૬-૧૯૪૬ના રોજ ઇંગ્લૅન્ડમાં લૉર્ડ્ઝ ખાતે એક ઓપનિંગ બૅટ્સમૅન તરીકે રમ્યા ને લગભગ ૧૨ વર્ષ (તા. ૧૧-૧૨-'૫૯) સુધીની યશસ્વી ટેસ્ટ કારકિર્દીનો પ્રારંભ થયો. આ પ્રવાસમાં ત્રણ ટેસ્ટમાં તેમણે ૧૨૪ રન કરીને અને ૧૧ વિકેટ લઈને મહત્ત્વનો ફાળો આપ્યો, તેમ છતાં બીજા સંદર્ભમાં જ આ પ્રવાસ તેમને માટે એક સીમાચિહ્ન બની રહ્યો. એ સમગ્ર પ્રવાસ દરમિયાન પ્રથમ કક્ષાની મૅચોમાં માંકડે ૧૧૨૦ રન કર્યા ને ૧૨૯ વિકેટો લીધી હતી. આ થકી માંકડે એક ઑલરાઉન્ડર તરીકેની સિદ્ધિ—એક ઇંગ્લિશ સીઝનમાં ૧૦૦૦ રન કરવાની ને ૧૦૦ વિકેટ લેવાની સિદ્ધિ—મેળવી. જે (ઑસ્ટ્રેલિયનોને બાદ કરતાં) દરિયા પારના માત્ર બીજા બે જ ખેલાડીઓ આજ સુધીમાં મેળવી શકયા છે. એક ઑલ-રાઉન્ડર તરીકે માંકડ જગતભરમાં આવકાર પામ્યા. જાણીતા ઇંગ્લિશ કૉમેન્ટેટર જ્હૉન આર્લોટ લખે છે:

'By the end of the tour there is little doubt that he is the best slow left-arm bowler in the world.'

હવે માંકડ ભારતીય ટીમનું અવિનાભાવી અંગ બની ગયા. ૧૯૪૭-૪૮માં લાલા અમરનાથની આગેવાની નીચે ભારતીય ટીમ ઑસ્ટ્રેલિયા ગઈ તેમાં તેઓ ગયા. ત્યાં તેમને માથે ઓપનરની જવાબદારી હતી જ. દુનિયાના સર્વશ્રેષ્ઠ ઝડપી બૉલરો–લિંડવૉલ અને મિલર–સામે કશી કારી ફાવે નહિ. પહેલી બે ટેસ્ટમાં કુલ ૧૭ રન! પણ મૂંઝાય તો તે માંકડ શાના ? જાતે જ લિંડવૉલને પોતાની ભૂલ વિષે પૂછ્યું. નિખાલસ ભાવે લિંડવૉલ કહે : 'મારા પોકર બૉલમાં તમારું બૅટ મોડું ફરે છે. બૅટની બૅકલિફ્ટ ઓછી કરો.' અને આ સલાહ પ્રમાણે પ્રૅક્ટિસ કરી મેલબૉર્ન ખાતેની ત્રીજી ટેસ્ટમાં માંકડે ૧૩૫ મિનિટમાં ૧૧૬ રન ફટકાર્યા.* બ્રિસબેન ખાતે ૧૯૬૦-૬૧ની સીરીઝમાં સોબર્સે ૧૨૬ મિનિટમાં ૧૦૦ રન કર્યા ત્યારે રે રૉબિન્સને લખેલું, 'મુલાકાતી બૅટ્સમૅન દ્વારા નોંધાવાયેલી આ સૌથી ઝડપી ટેસ્ટ સદી છે!' રૉબિન્સને માંકડનું ઉક્ત બૅટિંગ નહિ જોયું હોય તેમ માનવું રહ્યું.

આ જ ટેસ્ટમાં વધુપડતા વહેલા બૅકિંગ-અપ આપતા બ્રાઉનને તેમણે બૉલિંગ કરતાંકરતાં રન-આઉટ કરેલા એ પણ એક લાક્ષણિક કિસ્સો છે. આ માટે તેમણે બ્રાઉનને આ અગાઉની સામાન્ય મૅચમાં ચેતવેલા પણ ખરા! માંકડની આ પ્રસંગે ઠીકઠીક ટીકા થએલી પણ ઑસ્ટ્રેલિયન સુકાની બ્રૅડમૅને માંકડના આ પગલાને પૂરેપૂરું યોગ્ય કહેલું. આ ઘટના પછી જો કોઈ આ રીતે રન આઉટ થાય તો તેને માટે 'ઑસ્ટ્રેલિયનો 'રૂઈંગ અ માંકડ' એમ કહે છે તેમાં તેમની રમૂજવૃત્તિ અને અણગમો બંને વ્યંજિત થાય છે.

આ જ સીરીઝની પાંચમી ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયાના ૫૭૫ના જુમલા સામે માંકડે ૩૦૦ મિનિટ રમીને ૧૧૧ રન કરેલા ત્યારે તેમની આવા સમી અડગતા નીરખવા જેવી હતી.

જો કે ૧૯૪૮–૪૯માં ભારતના પ્રવાસે આવેલી રન ભૂખી વેસ્ટ ઇન્ડીઝ ટીમ સામે ભારતવતી તેણે સૌથી વધુ ૧૭ વિકેટો લીધી છતાં તેમની બૉલિંગની વેધકતાનો સાચો પરિચય ૧૯૫૧-૫૨માં ઇંગ્લિશ ટીમ ભારત આવી ત્યારે થયો. પહેલી ત્રણ ટેસ્ટ ડ્રૉ થઈ ને ચોથી ઇંગ્લૅન્ડ જીત્યું. આ ચાર ટેસ્ટોમાં જ માંકડે ૨૨ વિકેટો લીધી હતી. મદ્રાસની પાંચમી ટેસ્ટમાં તો તેમનાં આંગળાંઓએ જાણે જાદુ જ કર્યો! માંકડે એ મેચમાં ૧૦૮ રન આપીને ૧૨ વિકેટ ઝડપી અને ભારતને એક દાવથી વિજય અપાવ્યો. માંકડ એક જ ટેસ્ટમાં ૧૦ વિકેટો લેનાર પહેલા ભારતીય બન્યા એટલું જ નહિ, તેમણે ભારતને પોતાનો પહેલો ટેસ્ટ–વિજય અપાવ્યો. આ સીરીઝમાં તેમણે લીધેલી ૩૪ વિકેટો (સરાસરી ૧૬.૭૯) નો ભારતીય વિક્રમ ૧૯૭૨-'૭૩માં ચંદ્રશેખરે ૩૫ વિકેટ લઈને તોડ્યો.

આગળ જોયું તેમ પોતાની ઑલ-રાઉન્ડર તરીકેની ગુંજાયશ તેમણે ક્રિકેટગોપ્તા સમા ઇંગ્લિશ સમીક્ષકો સન્મુખ ૧૯૫૨માં પ્રદર્શિત કરી.

ઈ. ૧૯૫૨-૫૩માં પાકિસ્તાન પહેલી વાર ભારત સામે ટેસ્ટ રમવા આવ્યું. દિલ્હીની પ્રથમ ટેસ્ટમાં ભારતે પોતાનો બીજો ટેસ્ટ–વિજય નોંધાવ્યો જેના ઘડવૈયા પણ માંકડ જ હતા. તેમણે ૧૩૧ રન આપીને ૧૩ વિકેટો લીધેલી. બીજીમાં માંકડ રમ્યા નહિ અને ભારત હાર્યું. ત્રીજી બૉમ્બે-ટેસ્ટ ભારત ૧૦ વિકેટે જીત્યું ત્યારે માંકડે ૧૨૪ રનમા ૮ વિકેટો લીધી હતી. આ જ ટેસ્ટમાં માંકડે ૧૦૦ ટેસ્ટ વિકેટોનો આંકડો વટાવ્યો ને એ સાથે ક્રિકેટ જગત જેને 'ટેસ્ટ ડબલ' તરીકે ઓળખે છે તે–૧૦૦૦ રન અને ૧૦૦ વિકેટની–સિદ્ધિ માત્ર ૨૩ ટેસ્ટમાં પ્રાપ્ત કરી સૌથી ઓછી ટેસ્ટમાં એ સિદ્ધિ મેળવવાનો, હજી આજે પણ અપરાજિત વિક્રમ સ્થાપ્યો. તેમની સૌથી નજીક ઑસ્ટ્રેલિયાના એમ. એ. નોબલ (૨૭ ટેસ્ટ) છે. સૌને જાણીને નવાઈ લાગશે કે દુનિયાના શ્રેષ્ઠ ઑલ રાઉન્ડર સર સોબર્સે આ સિદ્ધિ સૌથી વધુ ૪૮ ટેસ્ટને અંતે મેળવેલી.

૧૯૫૩ના વેસ્ટ ઈન્ડીઝના પ્રવાસમાં માંકડની સફળતા મધ્યમ રહી ને એ પછી ૧૯૫૪-૫૫માં માંકડના જ સુકાનીપદે થએલો પાકિસ્તાનનો પ્રવાસ સર્વ રીતે ગૌણ રહ્યો. જાણે આરામ લઈને તાજા થયા હોય તેમ માંકડ ૧૯૫૫-૫૬ની ન્યૂઝીલૅન્ડની ટીમ સામે બૅટસમૅન. તરીકે ઝળક્યા. ત્રણ ટેસ્ટ ડ્રૉમાં પરિણમી અને બીજી ને પાંચમી ભારત જીત્યું તે બંનેમાં માંકડે ઓપનર રહી ૨૨૩ અને ૨૩૧ રન કરી પોતાની બૅટિંગ કારકિર્દીમાં પરાકાષ્ઠા ચડાવી તેમણે પાંચમી ટેસ્ટમાં ૨૩૧ રન (૫૧૦ મિનિટ, ૨૧ ચોગ્ગા) કરતાંકરતાં પંકજ રૉય (૧૭૩) સાથે પ્રથમ વિકેટની ભાગીદારીમાં ૪૧૩ રન ચડાવી ટેસ્ટ-વિક્રમ સ્થાપ્યો જે આજે પણ અકબંધ છે.

ઈ. ૧૯૫૬માં ઑસ્ટ્રેલિયા સામે ૩ ટેસ્ટમાં ૧૧ વિકેટો લઈ નિવૃત્તિ તરફ ગતિ કરતા માંકડ ૪૧ વર્ષની વયે ૧૯૫૮-૫૯માં વેસ્ટ ઈન્ડીઝ સામે દિલ્હી ખાતે પોતાની છેલ્લી ટેસ્ટ રમ્યા હતા.

સ્વ. માંકડની નિવૃત્તિ સુધીમાં ભારત ૫૭ ટેસ્ટો રમ્યું જેમાંથી માત્ર પાંચમાં તે વિજયી બન્યું. મેં જ અન્ય સ્થળે લખ્યું છે તેમ એ પહેલા પાંચ ટેસ્ટ-વિજયના કોઈ સતત, નિઃશંક અને ક્યારેક તો એકમાત્ર યશભાગી હોય તો તે વિનુ માંકડ છે.

તેમની નિવૃત્તિ પછીનાં ૨૦ વર્ષમાં ક્રિકેટના તંત્રમાં તેમને યોગ્ય અધિકારીપદે નહિ સ્થાપી શકનાર ભારતીય ક્રિકેટ, એક બાજુ તેમની સેવાઓ બદલ કૃતઘ્ની બન્યું છે તો બીજી બાજુ એ અમૂલ્ય સેવાથી વંચિત રહી પોતે જ પાંગળું બન્યું છે.

જેમ સોબર્સ બૉલર તરીકે 'થ્રી ઈન વન' કહેવાતા એમ માંકડ ક્રિકેટર તરીકે 'થ્રી ઈન વન' કહી શકાય. તેઓ જમણેરી નિર્બન્ધ બૅટ્સમૅન, અજોડ ડાબેરી સ્પિનર અને મૂલ્યવાન ફીલ્ડર હતા. ઝડપી બૉલિંગ સામે સજ્જતાથી રમી શકે તેવા જે થોડા બૅટ્સમૅનો ભારતને મળ્યા છે તેમાંના વિનુ માંકડ એક. સ્પષ્ટ દૃષ્ટિ, ને દડાને ત્વરાથી પારખવાની કુનેહ ઉપરાંત ઝડપી બૉલિંગ સામે અનિવાર્ય એવાં હિમ્મત અને આત્મવિશ્વાસ તેમની પાસે અખૂટ હતાં. વિલ્ફ્રેડ રહોડ્ઝની જેમ વિવિધ બૅટિંગ ક્રમમાં આવેલા માંકડે પોતાની પાંચેય ટેસ્ટ સદીઓ ઓપનર તરીકે નોંધાવી છે તે ઝડપી બૉલિંગ સામેની તેમની સધ્ધરતાનો પુરાવો છે. બૅટ્સમૅન તરીકે બધા ફટકા તેમને ફાવે ને કેટલાક એમના આગવા ફટકા પણ ખરા! લેગ સાઈડના શૉટ્સ અને કવર ડ્રાઈવ પર તેમની વધુ સારી પકડ. તેઓ જેવા આક્રમક તેવા જ ધૈર્યવાન. જેવો સમય તેવી તેમની રમત. ક્રુઝો (Crusoe) સરસ લખે છે: 'Mankad in attack is instantene-ous; timeless in defence.' તેઓ જ આગળ લખે છે, 'He is the cat that springs and the cat that waits.'

બૅટ્સમૅન તરીકે ઝડપી બૉલિંગના શ્રદ્ધેય બૅટ્સમૅન છતાં માંકડ બૉલર તરીકે એક આદર્શ સ્લો-સ્પિન બૉલર એ હકીકત ક્રિકેટ-જગતની એક અજાયબી ગણાવી જોઈએ. તેમનો બૉલર તરીકે પહેલો ગુણ તે તેઓ ડાબેરી સ્પિનર. આથી તેઓ સાહજિક લેગસ્પિનર બની શક્યા. તેમની બૉલિંગ કરવાની રીત અત્યંત સાહજિક અને સરળ. ૩-૪ ડગલાં ભરીને બૉલ ફેંકે તેમાં આયાસનું નામ-નિશાન નહિ! ને છતાં ફેંકાએલો બૉલ રામબાણ જેવો વેધક. રૉબર્ટ્સને આ સંદર્ભે તેમની બૉલિંગને યોગ્ય રીતે જ, 'Simple in movemenr and subtle in design'

* લિંડવૉલ ને માંકડનો કિસ્સો મારા એક આગલા લેખમાં છે તેના કરતાં અહીં જરા ભિન્ન વિગતોવાળો છે. આગળ લખાએલો કિસ્સો કાનોકાન સાંભળેલો હતો, જ્યારે અહીં એ જે રીતે મુકાયો છે તેમાં 'સેન્ચરી ઑવ ટેસ્ટ્સ' નામના પુસ્તકનો આધાર હોઈ આને વધુ પ્રમાણભૂત માનવા વિનંતી છે—લેખક.



△ લૉર્ડ્સ ટેસ્ટ પછી, લંડનમાં એક મિત્રને ત્યાં પરિવાર સાથે અભિનંદનના તાર વાંચતા માંકડ. એમની સાથે (ચિત્રમાં) જમણી બાજુ એમના પુત્ર અશોક અને ડાબી બાજુ પુત્ર અતુલ. પિતાને પગલે આ બંને પુત્રો પણ અચ્છા ક્રિકેટ-પટુ બન્યા છે.



▽ લૉર્ડ્સના મેદાન પર બૅટિંગ કરતા માંકડ

કહી છે. બૅટ્સમૅનની ખામીઓનો સતત અભ્યાસ કરતા રહી તેનો લાભ લેવા આતુર. ફ્લાઈટ પણ તેમનું બહુ મહત્ત્વનું શસ્ત્ર. સખત પિચ પર તેઓ આ શસ્ત્રનો અસરકારક ઉપયોગ કરે. વચ્ચે વચ્ચે તેઓ ઑફ બાજુથી ધસી આવે તેવા ઝડપી બૉલ પણ નાખી શકે. આ ઉપરાંત, તેમના દરેક બૉલમાં વૈવિધ્ય. આર્લોટ લખે છે : 'He never become automatic, never bowls am aimless ball, never lets the batsman rest !' લાંબા સ્પેલમાં થાકવું નહિ, ઝુડાવાથી હતાશ થવું નહિ, સખત પીચ પર પણ કાંડાં-આંગળાંની પૂરી શક્તિને કાર્યાન્વિત કરી બૉલ સ્પિન કરવો એ એમના પૂરક ગુણો. બૉલિંગ કરતાંકરતાં ક્યારેક તો તેમનાં આંગળાંમાં લોહી નીકળ્યાના દાખલા પણ બનેલા.

બેઠી દડીના ને જરા સ્થૂળ લાગતા માંકડ સ્લિપ, અને ખાસ તો શૉર્ટ લેગના ચપળ ફીલ્ડર. તેમણે ૪૪ ટેસ્ટમાં ૩૩ કૅચ કરેલા એ હમણાં સુધી ભારત માટે વિક્રમ હતો. આમ છતાં માંકડની ફીલ્ડર તરીકેની અદ્વિતીયતા તે તેમના ફૉલો થ્રુમાં. બૉલ નાખ્યા પછી વિપળમાં તેઓ ઑન કે ઑફ બાજુ એવા ધસી જાય કે ભલભલા બૅટ્સમૅનનો તાકાતવાન ડ્રાઈવ અટકી પડે. તેમની આ ચપળતાએ હૅમંડ અને હટન જેવાને પણ તાજુબ કરી દીધા હતા. માંકડ એટલે ભારતીય બૅટ્સમૅનોમાં અગ્રિમોમાંના એક; બોલર તરીકે ક્રિયાની સરળતા, આવડતમાં ઉચ્ચ કક્ષાનાં કલા અને કૌશલનો સુભગ સમન્વય. મન અને તનનો સહકાર અને બૉલની વેધકતા થકી જગતમાં પોતાના પ્રકારનામાં નોંધપાત્ર માપદંડ સમા. અને નિર્ણયાત્મક બની શકે તેવા ફીલ્ડર, આટલું નિઃશંકપણે ન કહીએ તો માંકડની પ્રતિભાને અન્યાય થાય.

આ બધા ગુણોની ઉપર ઝળકે છે એમની નિસ્વાર્થ-ખેલદિલી. માંકડને મન ક્રિકેટ, દેશ, ટીમ એ જ કાયમ મહત્ત્વનાં રહ્યાં છે. આ ત્રણનું હિત સાચવવામાં, એની સેવા કરવામાં તેમણે શરીર, અંગત સિદ્ધિ, યશ કે અપયશની પણ પરવા કરી નથી. તેમને મન તો, તેમની અંગત સિદ્ધિઓ તે, દેશ અને ક્રિકેટની સેવા કરવા જતાં મળેલું આડકતરું ફળ માત્ર ગણાવી શકાય. જેમ વીર નર્મદે 'તારે ખોળે છઉં' એમ કહી સરસ્વતીની ઉપાસનામાં જ પોતાનું જીવન આપ્યું તેમ માંકડે પણ બંધાદારી ક્રિકેટર રહી ઠીકઠીક સમય ક્રિકેટદેવીની ઉપાસનામાં આપ્યો. હવે એ સમય આવી ગયો છે જ્યારે કોઈક ભારતવાસી જગતના ક્રિકેટરોમાં માંકડનું સ્થાન શું છે તે નિઃસંકોચપણે સ્પષ્ટ કરે. આ સંદર્ભમાં માંકડ એક ડાબેરી સ્પિનર તરીકે અને એક ઑલરાઉન્ડર તરીકે વિચારાવા જોઇએ.

ઈ.સ. ૧૯૧૮ પૂર્વેનો સમય જવા દઈ તે પછીનાં ૬૦ વર્ષનો આંતરરાષ્ટ્રીય ક્રિકેટ-ઇતિહાસ જોતાં તેમાં વેરિટી, ફ્લીટવૂડ સ્મિથ, વેલેન્ટાઈન, લૉક, માંકડ, નાડકર્ણી, દુરાની, અન્ડરવૂડ, બેદી અને હાવર્થ એ ગણનાપાત્ર ડાબેરી સ્પિનરો. આંકડા સંદર્ભે આમાંના મૂર્ધન્યોની સાથે રહેનાર માંકડે જે સંજોગોમાં એ સિદ્ધિ મેળવી છે તેની નોંધ લેવાવી જોઇએ. એમના સમયમાં ભારતીય ટીમે સાંઘિક સૌષ્ઠવ નહોતું પ્રાપ્ત કર્યું, પિચો સખત હતી. ફ્લોઝ ફીલ્ડિંગનો ટેકો નહોતો. સામે છેડે એવો કાયમી સાથ નહોતો. બ્રૅડમૅન, હેમંડ, વિકસ, હનીફ જેવાની સામે બૉલિંગ કરવાની હતી ને યુવાનીનાં મહત્ત્વનાં આઠ વર્ષ એળે ગયાં હતાં. આવા 'ષડ્‌રિપુ' અન્ય બૉલરોને નથી નડયા. પદ્ધતિ, પરિસ્થિતિ અને પ્રાપ્તિ એ બધાંનો વિચાર કરતાં આ સર્વેમાં માંકડ મોખરે છે. ફાસ્ટ બૉલરોમાં જે સ્થાન લિંડવોલનું છે તે ડાબેરી સ્પિનરોમાં માંકડનું છે.

Crusoeએ માંકડને તેમની બૉલિંગના સંદર્ભમાં Cool genius કહ્યા તે યથાર્થ છે. તેમની પ્રતિભા શરદચંદ્ર જેવી—આકાશના ને સાહિત્યાકાશના પણ—પૂનમોમાં જે શરદપૂનમ. ભારતીય નવલકારોમાં જે શરદ્‌બાબુ તે ડાબેરી સ્પિનરોમાં માંકડ. શીતળ ઓજના અખૂટ રાશિ.

ટેસ્ટમાં ૨૦૦૦ રન અને ૧૦૦ વિકેટની સિદ્ધિ મેળવનારામાં સોબર્સ, બેનો મિલર, માંકડ, ગૉડાર્ડ, બેઈલી, રૂહોડ્ઝ અને ટૉની ગ્રેગ છે. આમાંથી માંકડ સિવાય એક પણ ઑલ-રાઉન્ડર એવો નથી જેણે ટેસ્ટ કારકિર્દી દરમિયાન બેવડી સદી અને એક ટેસ્ટમાં ૧૦ વિકેટ એમ બંને સિદ્ધિ (અલબત્ત, અલગ અલગ ટેસ્ટમાં) મેળવી હોય. આ સિદ્ધિ બે બે વાર પ્રાપ્ત કરનાર માંકડ જ છે. ૨૯ થી ૪૦ વર્ષની ઉમર વચ્ચે એમણે કુલ ૬૦ (બિનસત્તાવાર ટેસ્ટો સાથે) ટેસ્ટોમાં રમી ૩૧૩૨ રન કર્યા ને ૨૧૨ વિકેટો લીધી. તેમની સરખામણી સોબર્સ અને મિલર સાથે જ થઈ શકે. જો કે આ બંને મૂલ્યાંકનો તો એક ચંચૂપાત છે. પૂરા મૂલ્યાંકન માટે તો એક લેખમાળા લખી શકાય—લખવી જોઈએ. (અનુ. પૃ. ૩૯૯)

## આંકડાઓ પર દૃષ્ટિપાત

| | કારકિર્દી | કુલ રન | સૌથી વધુ | સરાસરી | સદીઓ | વિકેટો | સરાસરી |
|---|---|---|---|---|---|---|---|
| ટેસ્ટ | ૧૯૪૬–૫૯ | ૨૧૦૯ | ૨૩૧ | ૩૧·૪૭ | ૫ | ૧૬૨ | ૩૨·૩૧ |
| પ્ર.ક.મૅચો | ૧૯૩૫–૬૩ | ૧૧૫૪૪ | ૨૩૧ | ૩૪·૮૭ | ૨૬ | ૭૭૬ | ૨૪·૬૦ |

# મૃત્યુ

લેખક · અશ્વિન દેસાઈ

મળસ્કે ચારના સુમારે શાંતિલાલે દેહ છોડયો.

અચાનક જ આક્રંદ સંભળાયું, પત્ની, બંને પુત્રો, તેમના પુત્રો, પુત્રીઓ અને વહુવારુઓએ રુદન કર્યું. ઘરમાં ગમગીની છવાઈ ગઈ. આમ તો આખી રાત બધાં જાગતાં જ હતાં. મૃત્યુ ક્યારે આવે તેની કોઇને ખબર નહોતી. આગલે દિવસે કોઈ પેઢીએ પણ નહોતું ગયું, કારણ કે ડૉક્ટરે આશા છોડી દીધી હતી.

શાંતિલાલને ઘણાં વરસોની બીમારી હતી. પાચનશક્તિ ખલાસ થઈ ગઈ હતી, અને લગભગ પથારીવશ જેવા જ હતા. દીકરાઓએ ઘણી કોશિશ કરી, દવા-દારૂ કર્યાં પણ કંઈ ફેર ન પડયો, ઑપરેશન કરાવ્યાં, ફોટા લેવડાવ્યા, પણ બીમારી ચોક્કસ પકડી નહોતી શકાતી, પછી થાકી-હારીને, ઘેર જ સારવાર આપવાનું નક્કી થયું, તે મુજબ વારા પ્રમાણે દીકરા દીકરીઓ શાંતિલાલની સંભાળ રાખતાં. પણ આખરે એ દિવસ પણ આવી જ ગયો, અને શાંતિલાલને જવું જ પડયું. બધાં શાંતિલાલના પલંગની આજુબાજુ ભેગાં થઈ ગયાં, ને આશાભરી નજરે શાંતિલાલની લાશને જોઈ રહ્યાં—કદાચ શાંતિલાલ પાછા આંખ ખોલે તો!

હજી તો મહિના પહેલાં જ નાનો દીકરો ક્યાંકથી વાત લાવ્યો હતો: 'બાપા! કહે છે કે અમેરિકામાં આવા રોગની ખૂબ સરસ સારવાર થાય છે!' શાંતિલાલ પથારીમાં પડયા પડયા જ, છત તરફ જોઈને બોલ્યા હતા: 'એનો આપણને શો ખપ? આપણાથી કંઈ થોડું જ અમેરિકા જઇને......'

'કેમ ન જવાય? આપણે પણ ધારીએ તો અમેરિકા જઇને ટ્રીટમેન્ટ લઈ શકીએ! એમાં કંઈ ખાસ મોટી વાત નથી!' આથી શાંતિલાલના મનને સહેજ આનંદ થએલો, પણ બોલેલા: 'ના દીકરા, ગમે ત્યાં જઇને સારવાર કરાવીશું તો યે મોત કોઇને છોડવાનું નથી। તો પછી કુદરત સાથે શા માટે જિદ કરવી?' ને નાનો દીકરો વધારે કંઈ ન બોલેલો.

મોટો દીકરો પણ શાંતિલાલની દેખભાળમાં જરા યે ઊણપ વર્તાવા ન દેતો. સવારે ઊઠીને પ્રથમ શાંતિલાલના રૂમમાં આંટો મારી આવતો. શાંતિલાલ જાગ્યા હોય તો એમને છાપું વાંચી સંભળાવતો, અને સૂતા હોય તો એમનું ઓઢવાનું સરખું કરી આવતો. સવારની ચા પણ મોટો દીકરો પોતાના હાથે જ પીવડાવતો. કોઈક વૈદે કહ્યું હતું કે સવારની ચામાં શુદ્ધ ઘી નાખીને પીવાથી ફાયદો થાય છે, તેથી મોટો દીકરો ખાસ તપાસ કરીને બાપા માટે શુદ્ધ ઘી લઈ આવ્યો હતો અને સવારની ગરમ ચામાં મોટો પોતે ઘીની ચમચી પોતાના હાથે નાખતો.

શાંતિલાલની એક ખાસ ટેવ હતી. દિવસમાં ત્રણ વખત શાંતિલાલ પોતાના પલંગની જગ્યા બદલાવતા! પણ, કોઈ પણ દીકરો કે દીકરી શાંતિલાલની ઇચ્છા સામે અણગમો વ્યક્ત ન કરતા. એઓ કહે એટલી વાર એમના પલંગની જગ્યા બદલાતી.

ઘણી વાર શાંતિલાલ કહેતા: 'કોને ખબર કેમ, ઘરમાં પડયાપડયા ચેન નથી પડતું. જીવ બળ્યા કરે છે. ક્યાંક બહાર જવાનું મન થાય છે!' આ સાંભળીને, ઘરમાંથી કોઈ પણ શાંતિલાલને ટેકો દઇને બહાર ફરવા લઈ જતું. ફરીને આવ્યા પછી શાંતિલાલના પગ ખૂબ ફાટતા. શાંતિલાલ કહે એ પહેલાં તો કોઇ ને કોઈ માલિશનું તેલ લઇને હાજર થઈ જતું,

એકવાર શાંતિલાલને કાચી કેરીની કચુંબર ખાવાની ઇચ્છા થઈ. આવી ત્યારે કેરીની સીઝન નહોતી એટલે તપાસ કરવા છતાં કેરી મળી નહિ. બંને ભાઈઓ ભૂલેશ્વર, ક્રાફર્ડ માર્કેટ વગેરે સ્થળે ખાસ કાચી કેરી શોધવા ફરી વળ્યા અને ખૂબ જહેમતના અંતે કાચી કેરી શોધીને જ જંપ્યા! શાંતિલાલને ખબર પડી ત્યારે એમણે દીકરાને બોલાવીને કહ્યું: 'મને ખબર નહોતી કે તમને કાચી કેરી શોધવામાં આટલી તકલીફ પડશે! નહિતર હું આવી બાળક જેવી માગણી કરત જ નહિ!' ત્યારે દીકરાઓએ કહેલું કે 'બાપા! તમારા મનની ઇચ્છા પણ જો પૂરી ન કરી શકીએ, તો પછી અમારી જિંદગીનો અર્થ જ શો છે? અને તમારી આટલી મામૂલી ઇચ્છા પણ અમને ભારે પડે તો પછી થઈ રહ્યું ને?' આથી શાંતિલાલ મનમાં ખૂબ ફુલાએલો: છોકરાઓ કેટલા સમજુ છે!

શાંતિલાલને રામાયણ-મહાભારત વાંચવાનો ખૂબ શોખ હતો. જ્યાં સુધી આંખો સારી હતી ત્યાં સુધી તો શાંતિલાલ પોતે જ વાંચતા. પણ પછી આંખો નબળી પડી તેથી પોતાનું પ્રિય વાચન પણ છોડવું પડયું! પણ દીકરા-દીકરીઓએ શાંતિલાલને આંખોની ખોટ પણ ન પડવા દીધી. હમેશાં કોઈ ને કોઈ શાંતિલાલને એમનો મનગમતો ભાગ વાંચી સંભળાવતું. આમ શાંતિલાલ લાંબા કાળથી પથારીવશ હોવા છતાં ખાસ અગવડ નહોતા અનુભવતા.

પણ આખરે ભગવાનનું તેડું આવ્યું. અને શાંતિલાલે પોતાની તમામ માયાઓ સંકેલી લીધી. છોકરાંઓ રઘવાયા જેવાં થઈ ગયાં. આ આઘાત આવવાનો હતો તેની જાણ હોવા છતાં એ ખૂબ વસમો હતો. ઘરમાં ખૂબ દોડધામ થઈ ગઈ. તરત જ ડૉક્ટરોને બોલાવવામાં આવ્યા. ડૉક્ટરોએ નાડી તપાસી અને અંતિમ નિર્ણય આપી દીધો. ઘરમાં સોપો પડી ગયો. મોટા દીકરાએ તરત જ એમના કોઈ સંબંધીને બોલાવીને કાનમાં કંઈક વાત કરી, સવારે શહેરનાં તમામ અખબારોમાં ફોટા સાથે શાંતિલાલના મરણના સમાચાર આવ્યા. ગામેગામ સગાં-વહાલાંને તાર-ટેલિફોન કરી દેવાયા. શહેરમાં રહેતા તેમના સંબંધીઓ ધીમેધીમે ભેગા થવા લાગ્યા. સાંજ સુધીમાં તો સંખ્યાબંધ માણસો ભેગા થઈ ગયા. શહેરની ખાસ સારામાં સારી ભજન-મંડળીને પણ બોલાવવામાં આવી. અને પાછલા પહોરે શાંતિલાલની નનામી તૈયાર થવા માંડી. ઉપર ફૂલહારના ઢગના ઢગ થયા. શાંતિલાલ મઘમઘતાં ફૂલોથી ઢંકાઈ ગયા.

અને નિયત સમયે, ઘરના તમામનાં આક્રંદ કરતાં કરુણ રુદન સાથે, આગળ ભજન-મંડળીના મધુર ભજન સાથે, પૂરા દબદબાથી શાંતિલાલની અંતિમ યાત્રા નીકળી. આખા રસ્તાનો ટ્રાફિક બંધ થઈ ગયો. રસ્તે ચાલતા લોકો ય થંભીને એક કોરે ઊભા રહી ગયા. ઘર અને દુકાનોમાંથી બહાર નીકળીને માણસો શાંતિલાલની અંતિમ યાત્રા પૂરા સન્માનપૂર્વક નિહાળી રહ્યા. સ્મશાને પહોંચાડીને શાંતિલાલને ચંદનના લાકડામાં સુવડાવવામાં આવ્યા. મોટા દીકરાએ અગ્નિદાહ દીધો. પંડિતોના મંત્રોચ્ચાર સાથે ચંદનની પવિત્ર જ્વાળાઓમાં શાંતિલાલ લુપ્ત થઈ ગયા.

સ્મશાનમાં બળી રહ્યા દરમિયાનમાં પણ હાજર રહેતી વ્યક્તિઓ વચ્ચે શાંતિલાલ વિષે ખૂબ ચર્ચાઓ થઈ. શાંતિલાલના ગુણોનાં અવલોકનો થયાં, વખાણાયા. અને શાંતિલાલની રાખનો કુંભ ભરીને આખરે એમના પુત્રો ઘરે પાછા વળ્યા.

એમનાં અસ્થિનું વિસર્જન ભારતની તમામ પવિત્ર નદીઓમાં કરવાનું ઠરાવાયું. એ મુજબ એમનો નાનો પુત્ર પવિત્ર અસ્થિકુંભ લઇને ભારત-યાત્રાએ નીકળી પડયો. મોટો એમનાં ક્રિયાકર્મમાં પરોવાયો. ઘરના બીજા સભ્યો મુલાકાતીઓ સાથે શોક વ્યક્ત કરવામાં ગૂથાયા, ગરુડ-પુરાણ વંચાયાં. શાંતિલાલને નામે દાન-ધર્મ થયાં. ગરીબો અને બ્રાહ્મણોને જમાડાયા. શોક-સભાઓ થઈ. અને આમ અનેક રીતે શાંતિલાલને અમર કરી દીધા. શાંતિલાલ મરીને પણ જીવી ગયા.

શાંતિલાલની વરસી વરાઈ ગઈ, અને બીજા દિવસે બધાં પરવારીને બેઠાં હતાં ત્યાં નાના દીકરાએ ધીમેથી મોટા ભાઈને પૂછયું: 'બધી બૅન્કોમાં ખબર આપ્યા?'

'ના, કેમ ?' મોટાને સહેજ આશ્ચર્ય થયું.

'તમને ખબર નથી ? માણસ મરી જાય એટલે એનું બૅંકનું ખાતું અટકાવી દેવામાં આવે તે ?'

'મને ખાસ ખયાલ નથી. હવે ખબર આપી દઈશું.'

'પણ આમ ને આમ તો બાપાએ કોઈ એક ફાડચા હશે તો પાસ થઈ જશે !' 'ભલે થતા. આપણને એમાં શો વાંધો હોઈ શકે ?'

'કેમ ? બાપાના મૃત્યુ પછી બાપાનો બૅંક ઍકાઉન્ટ આપણા બન્નેનો થયો ! એમાંથી બાપાના લેણદારોને કેવી રીતે ચૂકવાય ?'

મોટાના મગજમાં પણ ઝબકારો થયો ! અને બન્ને ભાઈઓ બીજે દિવસે દોડીને બૅંકોમાં ખબર આપી આવ્યા.

બે-ત્રણ દિવસ પછી મોટી દીકરીએ વાતમાંથી વાત મૂકી : 'ભાઈ, બાપાના બૅંકના લૉકરમાં તમારું નામ હતું ?'

'હા, કેમ ?' મોટાએ જવાબ આપ્યો.

'બાપાએ મારું સોનું એમના ખાનામાં રાખ્યું છે.'

'શું વાત કરે છે ?' નાનાએ આશ્ચર્યથી પૂછ્યું, 'અમને તો ખબર પણ નથી ! આજ સુધી તો કોઈ દિવસ એવી વાત પણ થઈ નથી !'

બહેન પણ સહેજ ખસિયાણી પડી ગઈ. પછી બોલી : 'બાપાએ મને અમુક સોનું ભેટ આપેલું. પછી મેં કહેલું કે, બાપા, હમણાં તમારા ખાનામાં જ રાખી મૂકો. જરૂર પડચે હું લઈ જઈશ.'

'પણ અમને ય બાપાએ કહેલું તો જોઈએ ને ?' નાનાએ કહ્યું.

'હા. પણ ન કહ્યું હોય તેમાં કંઈ મારો વાંક તો નથી ને ?' બહેન સહેજ ખિન્ન અવાજમાં બોલી. એટલે વાત ત્યાંથી આગળ વધીને બોલાચાલી સુધી આવી ગઈ. કોઈક વડીલ સુરબ્બીએ સલાહ આપી કે ઝગડો કરવા કરતાં તમારી બાને જ પૂછી જુઓ ! બાને પણ ચર્ચામાં સામેલ કરવામાં આવી. બાને દુ:ખ થયું : 'હમણાં મને કંઈ યાદ નથી. યાદ કરીને કહીશ.' કરીને વાત આઘી ટાળી.

પછીના એક દિવસે વળી નાની દીકરીએ નવી વાત ઉપાડી : 'બા ! બાપુજી પાસે એક સાચા હીરાનો હાર હતો ને ?' બા થોડી વાર વિચારમાં પડી ગઈ. પછી બોલી : 'હા. હતો ખરો ! એમણે ક્યાં મૂક્યો હશે, મને ખબર નથી !' 'કદાચ ઘરની તિજોરીમાં જ હશે !' નાનાએ કહ્યું.

'બાપા કંઈ એટલા કાચા નહોતા, કે એટલો કિંમતી હાર ઘરમાં રાખી મૂકે !' મોટી દીકરી બોલી.

'એ પણ કદાચ લૉકરમાં જ હશે !' નાનાએ કહ્યું.

'બધી વાત કરતાં બાપાનું વિલ જ જોઈ જવું પડશે !' મોટાએ તોડ કાઢચો, ને બીજે દિવસે બધાં બાપાના ખાસ વકીલ પાસે પહોંચ્યાં. વકીલે કહ્યું કે બાપાનું વિલ એમના બૅંકના લૉકરમાં જ છે, એટલે તરત જ બધાં બૅંકમાં ઊપડચાં.

મોટા દીકરાએ બૅન્કના રજિસ્ટરમાં સહી કરી, અને બધાં સાથે બૅન્કના લૉકર-રૂમમાં પ્રવેશ્યાં. હીરાનો હાર કોના ભાગે ગયો હશે તે જાણવાની સૌને જ તાલાવેલી હતી, અને બધાંને હાર જોવો પણ હતો !

સૌથી પ્રથમ તો લૉકરમાંથી હારને જ શોધી કાઢવામાં આવ્યો. બધાંએ એક પછી એક, હારને પોતાના હાથમાં લઈને જોયો ને તપાસીને ખાતરી કરી. અને પછી વિલનું કવર હાથમાં લીધું. બધાં ખૂબ જ અધીરાઈથી જોઈ રહ્યાં અને બધાંની નજર સામે મોટા દીકરાએ વિલનું કવર ફોડચું. અંદરથી એક ચિઠ્ઠી નીકળી પડી, તે નાનાએ ઊંચકીને મોટેથી વાંચી : 'આજે મારું ખરેખર મૃત્યુ થયું છે.'

બધાં એકબીજાની સામે જોઈ જ રહ્યાં ! □

# મેં સાહસ કર્યું ......... પ્રા. સુબોધ જોષી

એક દિવસ બપોરે બેત્રણ વિદ્યાર્થીઓએ ખબર આપ્યા કે ગણદેવીના મંદિર પાસે એક ખંડિયેર ઘરમાં એક મોટો અજગર ભરાયો છે. મૂળ હું જીવવિજ્ઞાનનો વિદ્યાર્થી અને મને સર્પ-સૃષ્ટિમાં વિશેષ રસ હતો. કેવળ લાકડીના સહારે મેં અનેક ઝેરી—બિન-ઝેરી સાપને પકડેલા પણ ખરા. સાપને જોતાં એ ઝેરી છે કે બિનઝેરી એની સમજ પણ મોટેભાગે મને પડી જાય.

અજગરની વાત સાંભળી ત્યારે એને પકડવાની મને ઇચ્છા થઈ આવી. હું ગણદેવી જવા તૈયાર થયો. મારા મિત્રો ભૂપેન્દ્ર ઠાકોર અને જગદીશ બિસ્કિટવાળા પણ સાથે આવવા તૈયાર થયા. ગણદેવી પહોંચીને પેલું પડી ગએલું ઘર જોયું. એનાં તૂટી પડેલાં નળિયાંના ઢગની અંદર અજગર હોવાનું કોઇએ કહ્યું. સૌ પ્રથમ તો જરૂર પડચે તુરત બહાર નીકળી જવાનો માર્ગો મેં વિચારી લીધા. પછી અમે પડેલાં નળિયાં ખસેડી લેવા વિચાર્યું. હું અંદર ઊતર્યો અને બહાર ઊભેલા મિત્રને નળિયાં આપવા લાગ્યો. ધીરેધીરે ઢગ ઓછો થવા લાગ્યો. એવામાં એકાએક અંદર જોરથી સળવળાટ થયો. હાથમાં લીધેલાં નળિયાં ફેંકી એકદમ કૂદીને મારા ઉપર ઝળૂંબી રહેલા એક લાકડાને હું વળગી પડચો. પછી જોયું તો અજગર બહુ પાસે જ હતો અને એની પૂછડી દેખાતી હતી. તુરત નિર્ણય કરીને મેં એ પકડી લીધી ને મિત્રોને પણ મારી મદદમાં બોલાવી એમને પૂછડી પર મજબૂત પકડ રાખવા સૂચવ્યું.

અજગરે એની તાકાત બતાવવા માંડી. શરીર ફુલાવે અને એકદમ ઢીલું કરી દે. ગમે તે પળે પૂછડી અમારા હાથમાંથી સરી જાય તેવો ડર હતો, છતાં જોર કરી અમે અજગરને એ ઢગની બહાર ખેંચવા માંડચો અને એના મોં સુધી ખેંચાઈ આવતાં જ એના મોં પર એક મોટું લાકડું દબાવ્યું. પહેલી વાર તો અજગરે બળ કરી એ લાકડું ખસેડી દીધું, પણ ફરી ચપળતાથી તુરત જ વધુ બળપૂર્વક લાકડું દબાવવામાં અમે સફળ થયા. મોં દબાયું એટલે એ થોડો શાંત થયો. પછી બહુ સાવધાની-પૂર્વક અમે એને એક કોથળામાં ઉતાર્યો અને એ કોથળાને બીજા બે કોથળામાં નાખી એ પોટલું નવસારી લઈ આવ્યા. નવસારીમાં અમારી બારિયા સાયન્સ ઇન્સ્ટિટયૂટ કૉલેજના એક કાચવાળા ઓરડામાં એને ખુલ્લો મૂકી છેવટે તેના પર ક્લૉરોફોર્મ-નો સતત છંટકાવ કર્યો ત્યારે તે શિથિલ થયો. □

---

અનુસંધાન] માગશર [પૃ. ૩૯૬થી

હિન્દુ વ્રતોત્સવો ઉપરાંત, આ માસમાં (અથવા એની આગળ-પાછળના નજીકના જ દિવસોમાં) કેટલાક હિન્દેતર તહેવારો પણ આવે છે. આ વર્ષે માગશર સુદ બીજના દિવસે (૨૭ ડિસેમ્બરે) મુસ્લિમોના મોહરમના તહેવાર સાથે હિજરી સન ૧૩૯૯નો આરંભ થાય છે. ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મહમ્મદ પયગમ્બર સાહેબ મુસ્લિમ ગણના પ્રમાણે આ દિવસે મક્કા છોડીને મદીના હિજરત કરી ગએલા ને ત્યારથી હિજરી સનનો આરંભ ગણાય છે.

આ વર્ષે માગશર સુદ ૧૨ (તા. ૧૧ ડિસે.)ના દિવસે તજિયા છે. પયગમ્બર સાહેબની પુત્રી ફાતિમા જન્નતના પુત્ર ઈમામહુસેનની શહાદતનો આ દિવસ છે. બળજબરીથી ખલીફા બની બેઠેલા યઝીદના સૈનિકોએ ઈમામહુસેન તથા એમની સાથેનાં સ્ત્રી-બાળકો સહિત બોંતેર જણાંની આ દિવસે કરબલાના રણમાં કતલ કરી નાખી હતી.

આ વર્ષે ખ્રિસ્તીઓનો નાતાલનો તહેવાર-૨૫મી ડિસેમ્બર પણ માગશર માસની વદ ૧૦ના દિવસે આવે છે. પૅલેસ્ટાઈનના બેથ્લેહેમ નગરમાં માતા મરિયમની—મેરીની—કૂખે આ તારીખે ઈસુ—જિસસ—નો જન્મ થયો હતો. પહેલી જાન્યુઆરીએ શરૂ થતા (સન ૧૯૭૯ના) વર્ષ પૂર્વે આ તિથિથી ખ્રિસ્તીઓનું ઉલ્લાસનું પર્વ આરંભાય છે. □

# માગશર

લેખક • ચંદ્રકાન્ત મો. શુકલ

વિક્રમ સંવતાનુસાર વર્ષના બીજા માસ માર્ગશીર્ષ કે માગશરનું નામ મૃગશીર્ષ નક્ષત્ર પરથી પડચું છે; કારણ આ માસની પૂર્ણિમાએ ચંદ્ર મૃગશીર્ષ નક્ષત્રમાં હોય છે. ગીતામાં શ્રી કૃષ્ણે પોતાના વિષે બોલતાં કહ્યું છે કે 'માસાનાં માર્ગશીર્ષોઽહમ્—માસોમાં હું માર્ગશીર્ષ છું.' મહાભારતકાળમાં વર્ષારંભ માર્ગશીર્ષથી ગણાતો. એ પરથી આ માસને 'અગ્રહાયન' નામ પણ અપાએલું છે. આપણામાં પ્રત્યેક માસના અધિષ્ઠાતા દેવો પણ નિશ્ચિત કરેલા છે. એ રીતે માર્ગશીર્ષના અધિદેવતા 'કેશવ' એટલે ભગવાન વિષ્ણુ સ્વયં છે. આ માસનાં વ્રતોત્સવોની સંખ્યા જૂજ છે. તેમાંના મુખ્યને ક્રમ વાર જોઈએ :

મહારાષ્ટ્ર તરફ સુદ પંચમીને દિવસે નાગપૂજાનું માહાત્મ્ય છે.

ચંપાષષ્ઠી. સ્કંદપુરાણાનુસાર મહાભારત યુદ્ધ પછી રાજ્યારૂઢ થએલા યુધિષ્ઠિરને દુર્વાસા મુનિએ આ વ્રતનો વિધિ કહી સંભળાવેલો. તે પ્રમાણે પ્રાત:કર્મથી પરવારીને પિતૃતર્પણ કર્યા પછી જલકુંભ પર રથ અને સારથિ સહિત સૂર્યની સ્થાપના ને પૂજા કરી દાનદક્ષિણા આપવાનો મહિમા છે. તારકાસુરનો નાશ કર્યા પછી દેવોના સેનાપતિ કાર્તિક સ્વામી આ તિથિએ દેવોથી અભિષિક્ત થયા હતા. એ પરથી આ ષષ્ઠીને સ્કંદષષ્ઠી પણ કહે છે. મહારાષ્ટ્ર તરફ આ તિથિનો વિશેષ મહિમા છે. ત્યાં જે બ્રાહ્મણોના કુલદેવતા ખંડોબા છે તેમને ત્યાં સુદ પ્રતિપદાથી જ ખંડોબા-ઉત્સવ આરંભાઈ જાય છે. આ પર્વદિનોને 'ખંડોબા નવરાત્ર' કહે છે. જેજુરીમાં ખંડોબાનો મોટો મેળો પણ ભરાય છે.

મોક્ષદા એકાદશી: પૂર્વે ગોકુલ નામના નગરમાં વૈખાનસ નામે એક ધર્મપરાયણ રાજા રાજ્ય કરતો હતો. એક દિવસ સ્વપ્નમાં એણે એના પિતાને નર્કમાંથી પોતાનો ઉદ્ધાર કરવાનું કહેતા સાંભળ્યા. વિદ્વાન બ્રાહ્મણોના સૂચનથી વૈખાનસે ત્રિકાળવેત્તા પર્વત મુનિને પોતાના પિતાના મોક્ષનો ઉપાય પૂછ્યો ત્યારે મુનિએ એને માર્ગશીર્ષની શુકલ એકાદશીનું વ્રત કરવા કહ્યું હતું. આ પરથી આ એકાદશી મોક્ષદા એકાદશી કહેવાઈ. એને વૈતરણી એકાદશી પણ કહે છે. પણ આ તિથિનું વિશેષ મહત્ત્વ તો ગીતા-જયંતી તરીકે છે, કારણ આ દિવસે શ્રી કૃષ્ણે અર્જુનને ગીતાનો બોધ આપીને એને કર્તવ્યમાર્ગે દોર્યો હતો. રાષ્ટ્રીય સ્તરે ગીતાજયંતી ઊજવીને લોકોને કર્તવ્યાભિમુખ કરાવવા જેવું છે.

અનંગ ત્રયોદશી : પ્રાણીમાત્રમાં સંવનન ભાવનું ઉદ્દીપન કરીને સંસારના તંતુને ટકાવી રાખનાર કામદેવની પૂજાનું આ વ્રત માગશર સુદ ૧૩ના દિવસે થાય છે. પોતાને તપોભંગ કરીને ઉમા પ્રતિ આકૃષ્ટ કરનાર કામદેવને બાળીને ભસ્મ કરી નાખ્યા પછી શોકવ્યાકુલ રતિની વિનવણીથી ભગવાન શંકરે આ તિથિએ કામદેવને અનંગ (દેહ રહિત) સ્વરૂપે જીવિત રહેવાનું વરદાન આપ્યું હતું.

માગશર સુદ ચતુર્દશીએ આપ્તજનોનું શ્રાદ્ધ કરી એમને પિશાચ યોનિમાંથી ઉગારવાનો મહિમા છે.

માગશરની પૂર્ણિમાએ દત્તજયંતી ઉજવાય છે. બ્રહ્મા–વિષ્ણુ–મહેશ એ ત્રણે દેવોના તેજતત્ત્વનું સામંજસ્ય ધરાવતું જે સ્વરૂપ અત્રિ–અનસૂયાને ઘેર પ્રકટ થયું તે ભગવાન દત્તાત્રેયની જન્મજયંતીનો આ દિવસ છે. મહારાષ્ટ્રમાં એનું અનેરું માહાત્મ્ય છે. ગુજરાતમાં પણ નર્મદાકિનારે શ્રી રંગ-અવધૂતના નારેશ્વર આશ્રમમાં આ દિવસે દત્ત સંપ્રદાયના ભક્તો મોટો ઉત્સવ ઊજવે છે.

માગશરની કૃષ્ણ અષ્ટમીએ કાલભૈરવની ઉત્પત્તિ થએલી હોઈ એ



△ માગશર: ઋતુઓના લાક્ષણિક ફેરફારોએ જેમ માસમાસનાં વ્રતોત્સવોની યોજનાઓમાં અનેરો ભાગ ભજવ્યો છે તેમ 'ઋતુસંહાર'થી માંડી બારમાસીનાં ગીતો જેવી સુંદર રચનાઓમાં પણ પ્રેરણા પૂરી છે, અને એ જ રીતે આપણા ચિત્રકારોએ પણ તેમાંથી પ્રેરણા લઈ વર્ષના બારે ય માસની લાક્ષણિકતાઓ ચિત્રોમાં ઉતારી છે. ઉપર ૧૮મી સદીના એવા એક રાજસ્થાની ચિત્રનું રેખાંકન છે. તેમાં અસ્તાચળ તરફ જઇ રહેલા સૂર્યની સાથે ઓસરતા જતા દિવસના પ્રકાશમાં વૃક્ષોમાં લપાઈ બેઠેલાં પંખીઓ, સગડીના તાપે કે ઝૂંપડીને આશરે હૂંફ લેતાં માનવ-પાત્રો ને પાણી ગરમ કરતી દાસી વગેરેના આલેખન દ્વારા ચિત્રકારે માગશર માસની ઢળતી સાંજના ઠંડા વાતાવરણનું સુંદર નિરૂપણ કર્યું છે.

દિવસે એનું પણ પૂજન ઘણા કરે છે.

માગશર વદ એકાદશીને સફલા એકાદશી કહે છે. એક કથા છે કે પૂર્વે ચંપાવતી નગરીમાં રાજ્ય કરતા માહિષ્મત રાજાના ચારમાંનો સૌથી મોટો પુત્ર લુંપક કુકર્મી નીવડચો હતો. એનાં અનેકવિધ પાપાચરણોને કારણે રાજાએ એને પોતાના રાજ્યમાંથી હાંકી કાઢતાં એ જંગલમાં જઈ રહ્યો. ત્યાં પણ એ જીવહિંસા અને અન્ય દુષ્કૃત્યો કરતો જ રહ્યો. એક વાર એને માંસ-મદિરા કંઈ ન મળતાં ભૂખ્યા રહેવું પડચું ને અંતે ફળ-મૂળ ખાઈને દિવસ પૂરો કરવો પડચો. એ દિવસ આ એકાદશીનો હોઈ અજાણ્યે થએલા ઉપવાસનું પુણ્ય મળતાં એને સદ્બુદ્ધિ સૂઝી અને એ સદ્ગતિ પામ્યો હતો.

(અનુ. પૃ. ૩૯૫)

‘વિનોદ’ની નજરે–૩૨

# પ્રવીણ જોષી

લેખક
વિનોદ ભટ્ટ



રામલાલને ત્રણ બેટા. સૌથી મોટો પ્રવીણ (પવલો); વચેટ અરવિંદ ને છેલ્લો હેમંત. સૌ પહેલાં મોટો બગડયો—નાટકચેટકની આડી લાઇને ચડી ગયો. એના વાદે અરવિંદો ય બગડયો. એક નાનો સારો નીકળ્યો. રામલાલનો આ જૂનો મત હતો. હવે બદલાયો છે.

જો કે આ પ્રવીણને ઍક્ટર તરીકે તો હું ઘણો મોડો ઓળખતો થયો. ‘રંગરેખા’ નામના એક સાપ્તાહિકના તંત્રી તરીકે તેને જાણતો. ‘રંગરેખા’ ‘પ્લેબૉય’ ટાઈપનું મૅગેઝીન. ત્યારે મારી ઉમર કાચી; પણ પાછી એટલી બધી કાચી નહિ કે આ મૅગેઝીન ઘરના ઓટલે બેસીને ના વંચાય એવી સમજણ ના પડે. મૅગેઝીન પર છાપાનું પૂઠું ચડાવીને કે ઝોળીમાં નાખીને ઘેર લાવતો ને બેડ-રૂમમાં ઘૂસીને એક બેઠકે વાંચી નાખતો. પછી કોઈ મિત્રને, પાછું નહિ આપવાની શરતે તે આપી દેતો. મારી જેમ ઘણા લોકો એવું કરતા હશે; કદાચ એટલે જ ‘રંગરેખા’ની રીડરશિપ ઘણી મોટી હોવા છતાં તેનું સર્ક્યુલેશન વધ્યું નહિ ને છેવટે સારી એવી ખોટ ખાઇને પ્રવીણને એ બંધ કરી દેવું પડયું. આ જ મૅગેઝીનના જૂના અંકો તારીખ ફેરવીને આજે ફરી છાપીને બજારમાં મૂકવામાં આવે તો તે ખરીદવા માટે લોકો પડાપડી કરે; પણ ત્યારે એના જમાના કરતાં વીસ-પચ્ચીસ વર્ષ આગળ હોવાને કારણે તે બંધ થઈ ગયું. જોકે તેને ચાલુ રાખવા પ્રવીણે ઘણા ધક્કા મારેલા. લેખકો તેમાં લખવાનું ચાલુ રાખે એ વાસ્તે ‘રંગરેખા’ના વધેલા અંકો પસ્તીમાં વેચીને એમાંથી તે લેખકોને પુરસ્કાર ચૂકવતો. પણ તો યે ના ચાલ્યું.

રેડિયો પર એક સ્ટેશન પરનું ગાયન બરાબર ના જામે ત્યારે આપણે જેમ સ્ટેશન બદલીએ છીએ, ફેરવીએ છીએ, એ રીતે પ્રવીણે પત્રકારત્વનું સ્ટેશન છોડીને ‘નાટક’નું સ્ટેશન પકડયું. પ્રવીણના બાલમાનસ પર લોકોની તાલીઓ ઝીલવાનો ભારે અભરખો. બૅટ્સમૅન ફટકાબાજી કરે ત્યારે તેના ફટકાને પ્રેક્ષકો તાલીઓના ગડગડાટથી વધાવે એ દૃશ્ય પ્રવીણને બહુ જ ગમે. એટલે પોતાનાં પરાક્રમો પર લોકોની તાલીઓ—ઍપ્લૉઝ પડે એ સાંભળવા બાળપણથી જ તેના કાન તડપતા. બચપણમાં આર્થિક સ્થિતિ અતિ સાધારણ. માંડમાંડ બધું ચાલે. આથી એક પ્રકારનો ઈન્ફીરિયૉરિટી કૉમ્પ્લેક્સ તેના મનમાં પેસી ગએલો. બીજા છોકરાઓથી પોતે ઘણો પછાત છે એવી પીડા સતત સતાવ્યા કરે. આમાંથી કેમ કરીને બહાર નીકળવું એની ચિંતા કાયમ રહ્યા કરે.

ને પ્રબોધ જોષીના એક કૉમેડી નાટકથી તે ‘ક્લિક’ થયો. ખરાબ અવાજથી સ્ટેઈજ પર તેણે પ્રવેશ કર્યો. (આજે એવા અવાજની નકલ કરવામાં ઘણા ઍક્ટરો ગર્વ લે છે.) તેનો આદર્શ હીરો હતો દિલીપકુમાર. કૉલેજકાળમાં દિલીપકુમારનો પાકો વ્હેમ. દિલીપકુમારનું પિક્ચર પડે એટલે પહેલે જ દિવસે જોઈ પાડે. કૉલેજિયન દોસ્તોને ખબર જ હોય કે નવા પિક્ચરમાં દિલીપ કરે છે એવો ડ્રેસ પ્રવીણકુમાર પહેરી જ લાવશે! દિલીપકુમાર વળી એટલો પરગજુ કે ફિલ્મોમાં બહુ મોંઘાં કપડાં પહેરે નહિ; ને આપણો હીરો બે-ચાર દિવસમાં જ એ પ્રકારનાં કપડાં સીવડાવીને પહેરી લાવે, હેર-સ્ટાઈલ પણ એવી. દિલીપકુમારના પોઝમાં ફોટા પડાવીને કેટલાક ફોટોગ્રાફર્સને ય પ્રવીણે ઓબ્લાઈજ કરેલા. પણ પછી તેને જ લાગ્યું હશે કે પોતે આમ ને આમ નકલ ચાલુ રાખશે તો ભવિષ્યમાં ફિલ્મવાળાઓ પેલા દિલીપને છોડીને આ નકલી દિલીપને હીરો બનાવી દેશે ને ગરીબ ઓરિજિનલ હીરોના પેટ પર પાટુ વાગશે, એટલે ઉદાર થઈને દિલીપકુમારને તેણે છોડી દીધો. (પ્રવીણ બહુ ઝડપથી બધું છોડી શકે છે.)

પ્રવીણે પ્રવીણ જોષી બનવાનું નક્કી કર્યું એથી દિલીપકુમારને થયો એટલો જ ફાયદો તેને પણ થયો. ઈન્ટર કૉલેજિયેટ નાટયસ્પર્ધાઓમાં હીરો તરીકે પ્રવીણે ધાક જમાવી દીધી, છાકો પાડી દીધો. પછી તો એ સફળ થતો જ ગયો, થતો જ ગયો, થતો જ ગયો.

‘હીરો બનાવવા માટે તું કોને ગુરુ માને છે?’ એવું તેને મેં પૂછયું ત્યારે તેણે કહેલું: ‘સંજોગોને.’ (જ્યારે કાન્તિ મડિયાનો એવો દાવો છે કે પોતે પ્રવીણનો ગુરુ છે—જેવો દાવો ઘણાખરા નાટકવાળાઓ આજે સંજીવકુમાર માટે કરે છે; પણ એ વખતે સંજીવને રોલ આપવા ય કોઈ રાજી નો’તું.) પ્રવીણના શ્વાસમાં નાટક છે. તેની રગોમાં લોહીને બદલે નાટક દોડે છે. તેણે ધાર્યું હોત તો પોતે લખપતિ સસરાના જમાઈ તરીકે આરામથી જિંદગી બસર કરી હોત, પણ નાટક માટેની તેની લગને લગ્નમાં તેને ફાવવા ના દીધો.

પણ તેનું નસીબ જરા પાંસરું કે (‘શાલીમાર’ ફેઈમ) ક્રિશ્ના શાહ ડિરેક્ટર તરીકે આઈ. એન. ટી.માંથી એક્ઝિટ કરી ગયા ને પ્રવીણને આઈ. એન. ટી.માં એન્ટ્રી મળી ગઈ. ક્રિશ્ના શાહના જવાથી હૉલીવૂડ તેમ જ આઈ. એન. ટી. બન્નેને ફાયદો થયો. એ પરદેશ ના ગયા હોત તો ગુજરાતને પ્રવીણ ના મળ્યો હોત.

અને પ્રવીણ માત્ર ઍક્ટર કે ડાયરેક્ટર નથી. એ કરતાં ય જબરો ‘ગ્રેટ શો–મૅન’ છે. ફિલ્મ લાઈનમાં રાજકપુર છે એવો નાટય જગતમાં પ્રવીણ છે. ગ્રેટ શો મૅન હોવા ઉપરાંત પ્રવીણ જાગ્રત માણસ છે. પોતાનાથી કોઈ મોટું ના થઈ જાય—ખુદ તેનો પડછાયો પણ મોટો ના થઈ જાય એની એને સદા ય ફિકર રહે છે. (એ ફિકરને કારણે જ તેના ભાઈ અરવિંદ સિવાય કોઇને તે પાસે નથી રાખતો.) કદાચ એટલે જ નાટકો પણ એવાં જ પસંદ કરે છે કે જેમાં ‘પોતાને’ પ્રકટ કરી શકે. જેમાં પ્રવીણ ઢંકાઈ જતો હોય એવી સ્ક્રિપ્ટ તે નહિ સ્વીકારે. તેના નાટકનાં બધાં જ પાત્રોમાં તમને પ્રવીણ જ દેખાશે.

તે એવું બોલતો સંભળાય કે હવે કશું નવું કરવાની જરૂર છે ત્યારે એનો અર્થ એવો કરવાનો કે તેનું ને અરવિંદનું કોઈ નવું નાટક ટૂંક સમયમાં આવી રહ્યું છે... ને ‘સારી સ્ત્રીઓ સ્ટેઈજ પર કયાં છે?’ એવું કહે તો સમજવું કે તેની પત્ની જોખમમાં છે.

જો કે નાટક વિષેની તેને પાકી સમજ છે. કયું નાટક ચાલશે ને કયું ફ્લૉપ જશે એ તે સારી પેઠે જાણે છે. તેને ખબર હતી કે ‘...અને ઇન્દ્રજિત’ નાટક નહિ ચાલે; છતાં ઑડિયન્સની સમજ વધે (ને આઈ. એન. ટી.ની મૂડી ઘટે.) એ માટે તેણે એ નાટક ભજવ્યું. લોકોએ પૈસા પાછા

## આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૯૪

### ન્યૂમોનિયા

ન્યૂમોનિયાને આયુર્વેદમાં શ્વસનક જ્વર અથવા ત્રિદોષજ જ્વર કહે છે. લોકભાષામાં તેને મુંગિયો તાવ કહે છે.

આ રોગમાં ફેફસાંમાં સોજો આવવાથી અંદરનો ભાગ જાડો અને જડ થઈ જાય છે. વળી, ફેફસાંમાં કફ પણ ભરાય છે.

**લક્ષણો**: રોગીને શરૂઆતમાં ઠંડી વાઇને તાવ આવે છે. પછી એકદમ તાવ વધી જાય છે. શરૂઆતમાં તાવની આ ગતિ ખૂબ તીવ્ર હોય છે. તે પછી રોગીને છાતીમાં દુખે છે. છાતી કફથી ભરાઈ જવાથી સખત તાવ, ઉધરસ તથા સસણી લાગુ પડે છે. શ્વાસ લેવામાં મુશ્કેલી પડે છે અને ખાંસીમાં કફ પડે છે. છાતી, પીઠ, પડખાં, ગળું, માથું ખૂબ દુખે છે. રોગી તંદ્રામાં રહે કે બેભાન પણ થઈ જાય, ને પ્રલાપ પણ કરે. ગળામાં કાકડા ફૂલે, જીભ જાડી ને મેલવાળી થાય અને મોં ચીકણું થઈ જઈ ખાવા પ્રત્યે અરુચિ જાગે. વળી, ઊંઘ ઘટી જાય, કબજિયાત પણ રહે, પેશાબ ઓછો થાય, નાડીની ગતિ ખૂબ વધે ને હૃદય નબળું પડે. રોગી ગભરામણ અનુભવે તથા અશક્ત ને ઢીલો થઈ જાય.

**ઉપચાર**: ૧) સંપૂર્ણ આરામ. ૨) ખૂબ ઉકાળીને અર્ધું બાળી નાખેલું પાણી પાવું. ૩) પેશાબ સાફ લાવવા જવનું પાણી આપવું, ૪) તુલસી–મરીનો ઉકાળો પાવો કે ૫) દૂધમાં ગરમ મસાલો નાખી પાવું. ૬) છાતીએ અળસીનો લેપ કરવો. ૭) ખસખસના ડોડવાનો વરાળિયો શેક આપવો. ૮) છાતીએ પંચગુણ તેલ ઘસવું. ૯) જુલાબ આપવો નહિ તેમ જ ૧૦) સ્નાન કરાવવું નહિ. (સ્પંજ કરી શકાય.) ૧૧) ઊંઘ લાવવા મૃત સંજીવની સુરા કે અશ્વગંધારિષ્ટ પાવો. ૧૨) કફ છૂટો કરવા અરડૂસીનો રસ આપવો. ૧૩) પેટ સાફ લાવવા ગરમાળાનો ગોળ આપવો. ૧૪) ઔષધમાં મૃત્યુંજય રસ, કાલકૂટ રસ, કલ્પતરુ રસ, લક્ષ્મીનારાયણ રસ, ભારંગ્યાદિ ક્વાથ વગેરે આપવાં. ૧૫) ગરમ કપડાં પહેરાવી ગરમ વાતાવરણમાં રોગીને રાખવો. ઓરડો સ્વચ્છ રાખવો.

**વૈદ્ય નવીનભાઈ ઓઝા**

માગ્યા. પણ પ્રવીણ એમ પૈસા પાછા ના આપે. પૈસા પાછા આપવાને બદલે પ્રેક્ષકોને તેણે ભાષણ આપ્યું; 'શું શાં પૈસા ચાર એ ગુજરાતી પ્રજા માટે કહેવાયું છે એ ઘણી વાર સાચું લાગે છે. આપણે તો કળા 'ખરીદનાર' પ્રજા છીએ. આપણી રગોમાં કળા નથી દોડતી. સંસ્કાર એ રીંગણાં કે બટાકા જેવી શાકભાજી નથી. પૈસા માગીને ગુજરાતી પ્રજાએ પોતાની વેપારી વૃત્તિનું જ પ્રદર્શન કર્યું છે. કોઈ ફિલ્મ ના ગમે તો આપણે ઊભા થઇ ને ચૂપચાપ થીએટરની બહાર ચાલ્યા જઇએ છીએ. પણ નાટક નથી ગમતું ત્યારે પૈસા પાછા માગીએ છીએ! આ હીન મનોવૃત્તિનું જ પ્રદર્શન છે.'

આવું આઈ. એન. ટી.ના 'ચોરબજાર' નાટક વખતે ય થએલું. ધરાર નિષ્ફળ ગએલું. બે જ શોમાં સમેટી લેવું પડેલું. એમાં ય લોકોએ પૈસા પરત માગેલા. 'ચોરબજાર'ની નિષ્ફળતા માટે અમારા એક મિત્રે એ વખતે રમૂજમાં કહેલું: 'સંસ્થાનું નામ નાટકને આપ્યું એટલે આવું થયું.'

નિષ્ફળ નાટકોને પ્રવીણ 'એક્સ્પેરિમેન્ટ' તરીકે ખપાવે છે. જ્યારે કોઈ નાટક ઊપડે નહિ ત્યારે 'આ તો એક્સ્પેરિમેન્ટ હતો' એમ કહીને તે મન વાળે છે. પરદેશ જઇને આવ્યા પછી તેણે એક ભવાઈ કરી: 'મોતી વેરાણાં ચોકમાં.' ભવાઈ એ એક ઉત્તમ ચીજ છે એટલું જ્ઞાન લેવા તે પરદેશ ગએલો!

કેટલાક મિત્રો કહે છે કે પરદેશ જઈ આવ્યા પછી પ્રવીણ સ્યૂડો-ઈન્ટલેક્ચ્યુઅલ થઈ ગયો છે. 'પાંચસો પંચાવન' સિગારેટ ઈન્ટેલિજન્ટ માણસો જ પીતા હોય છે એટલે તે પાંચસો પંચાવન પીએ છે. (તેના મતે બીજા લોકો ઈન્ટેલિજન્ટ નથી એટલે કોઇને તે ૫૫૫ ઑફર કરતો નથી—ખુદ તેના સગા ભાઈ અરવિંદને ય નહિ.)

આમ તો તે નામ જેવા જ ગુણો પણ ધરાવે છે. વ્યવહારમાં ય પ્રવીણ છે, ચતુર છે. સારો પી. આર. ઓ. પણ ખરો. કોની પાસેથી કામ કઢાવવું એ પ્રવીણ પાસેથી જ શીખાય. 'તમારા જેવા માણસોની થીએટરને ખાસ જરૂર છે' એવું બધાને, એકબીજાની ગેરહાજરીમાં, કહ્યા કરે. કોઈને માઠું લાગે એવો વ્યવહાર પણ બનતાં સુધી ના કરે, કોઈ બોલ્ડ સ્ટેઈટમેન્ટ કરવાનું ય મોટે ભાગે તો ટાળે જ. મિત્ર તરીકે સારો. બે પૈસા ઘસાઈ છૂટે. ઓવર સ્પેન્ડિગ પણ ખરો. આવક કરતાં જાવક મોટી. એટલે ખિસ્સું હમેશાં કાણું રહે. તેની પાસે બેસવાનું, ગપ્પાંબાજી કરવાની મઝા આવે. કોઈ સારા પિક્ચરમાં ટિકિટ ના મળી હોય ને પ્રવીણ સાથે બે-અઢી કલાક ગાળી નાખ્યા હોય તો પિક્ચર ગુમાવ્યાનું લેશમાત્ર દુ:ખ ના થાય. તેની સાથે કામ કરવું એને ય તેના સાથીઓ એક લ્હાવો ગણે છે. તેની સેક્રેટરી રીટાએ મને કહેલું કે 'પ્રવીણ નાટકને બદલે જો કોઈ બીજા ધંધામાં પડે—ફ્રૂટનો ધંધો કરે ને તો ય તેની સાથે ધંધામાં હું જોડાઉં.' (આડવાત: નાટકની અવેજીમાં રેડીમેડ કપડાંનો ધંધો કરવાનું પ્રવીણને વધારે ફાવે; કેમ કે તેને કપડાંનો ગાંડો શૉખ છે. એટલે મારા મતે એ જ ધંધો તરત શરૂ થઈ શકે એમ છે.)

'ચોવીસે કલાક નાટકમાં જ ડૂબ્યા રહેવામાં તને ક્યારેક કંટાળો નથી આવતો?' એક દિવસ તેને મેં પૂછ્યું. 'કંટાળો?...અરે કોઈ વાર તો ખુદ મારા પોતાના પર ગુસ્સો આવી જાય છે. ખોટા માણસો માટે આ બધું કરું છું એવું ય લાગે છે. પણ પછી એકાદ પ્રસંગ એવો બની જાય છે ત્યારે બધું વસૂલ લાગે છે. એક જ દાખલો આપું: 'ખેલંદો' નાટકની પહેલી નાઈટ અમે મુંબાઈમાં ભજવેલી. એ ભજવીને બધા રંગતે ચડયા. અરવિંદને બીજે દિવસે વહેલી સવારની ફ્લાઈટ પકડવાની હતી; એટલે એ ઊંઘવાને બદલે વહેલી સવારે ઍરોડ્રોમ પર પહોંચી ગયો. ત્યારે ત્રણેક 'કપલ' ઍરોડ્રોમ પાસેના 'બાર'માં બેઠેલાં. એમાંના એકે અરવિંદને આમંત્રણ આપ્યું: 'આવો અરવિંદભાઈ, અમારી સાથે બીઅર પીઓ.'

'નો થૅન્કસ.' અરવિંદે ઉત્તર આપ્યો: 'મારે અત્યારની ફ્લાઈટમાં શૂટિંગમાં (ને તે ય પાછું ગુજરાતમાં) જવાનું છે. મને નહિ ફાવે...'

'અરે યાર, તમારા વિષે ચર્ચા કરવામાં અમે અહીં આખી રાત કાઢી. તમારું નાટક અમે સેલિબ્રેટ કરી રહ્યા છીએ ને તમે જ એમાં જોડાવાની ના પાડો છો!' બસ વિનોદભાઈ, આવા સુખદ અનુભવો થાય છે ત્યારે બધાં જ દુ:ખો ભૂલી જવાય છે, દિલ બાગ બાગ થઈ જાય છે.'

પછી નાટક વિષે વાત નીકળી એટલે તેને મેં પૂછ્યું; 'નાટક વિષે તું શું માને છે?'

'નાટક! અરે ભાઈ! નાટક તો માનવજીવનના આંગણે ઊગેલી રાતરાણી છે. મને કોઈ એમ કહે કે તારી વહાલામાં વહાલી વસ્તુના સોગંદ ખા તો સરિતા મને ઘણી પ્રિય હોવા છતાં સોગંદ તો હું નાટકના જ ખાઉં. નાટક જેટલી બીજી કોઈ ચીજ મને પ્રિય નથી. હું દ્રઢપણે એમ

માનું છું કે હું નાટક ના કરતો હોત તો ભારતનો એક થર્ડક્લાસ નિકમ્મો સિટિઝન હોત. કોઇને કશા ય ખપનો ના હોત—ગુડ ફૉર નથિંગ'.

નાટકથી સ્હેજ જ ઓછી પ્રિય એવી સ્ત્રી વિષે એવું માને છે કે સ્ત્રી એ લંગર છે. લંગર બરાબર ન હોય તો તકલીફ પડે. પ્રવીણને સારું લંગર શોધતાં ઘણી તકલીફ પડી છે. સરિતા તેનું ત્રીજું લંગર છે. પ્રવીણનું સ્ત્રી-દાક્ષિણ્ય ઘણું જ ઊંચું છે. તેને મન સ્ત્રીનું ગૌરવ ઊંચું હોઈ તેને પરણવાનું બહુ ગમે છે. (ચાર્લી ચૅપ્લીનની ઝડપથી તેણે સ્ત્રીઓ બદલી છે. એક વાર અરવિંદને મેં ખાનગીમાં પૂછયું: 'સ્ત્રી વિષે પ્રવીણનો શો મત હશે?' ત્યારે અરવિંદે માથું ખંજવાળીને કહેલું: 'એ બાબતમાં તે બહુ ક્લીઅર નહિ હોય, નહિ તો તેણે ત્રણત્રણ સ્ત્રીઓ ના કરી હોત.'

પ્રવીણને હસાવતાં આવડે છે એમ હસતાં ય આવડે છે. તેની રમૂજવૃત્તિ, સટલ્ટી પણ ભારે છે. ઈ. ૧૯૭૦માં અરવિંદે આઈ. એન. ટી. છોડયું. પોતે નવી ઊભી કરેલી સંસ્થાનું નામ શું આપવું એ બાબત મૂંઝાતા અરવિંદે તેને પૂછયું; 'મારી સંસ્થાનું નામ શું રાખું?' જવાબમાં પ્રવીણે તુરત જ કહ્યું: 'આમે ય આઈ. એન. ટી.માંથી તું જઈ જ રહ્યો છે ને તો પછી તારી સંસ્થાનું નામ પ્રસ્થાન જ રાખને!'

અરવિંદ ભાઈ છે તેને પ્રવીણ એક સુખદ અકસ્માત જ સમજે છે. અને નાના ભાઇની સાથે તે એક દોસ્તની જેમ જ વર્તે છે. કયારેક બહુ સારા મૂડમાં હોય ત્યારે અરવિંદના ખભા પર હાથ મૂકીને ચોપાટી પર તે મસ્તીથી ચાલે છે ને સામેથી કોઈ યુગલ આવતું હોય તો અરવિંદને કાનમાં કહે છે: 'અલ્યા અરવિંદ! તું પેલા જાડિયા વિલનને પકડીને ફેંટ માર ને હું પેલી છોકરીને સાચવું છું.' ત્યારે અરવિંદ કહે: 'અઘરું કામ છોકરીને સાચવવાનું છે એ તો તું સારી રીતે જાણે છે. એ કામ હું કરીશ. તું પેલું વિલનવાળું સહેલું કામ પતાવ.'

પણ નાટક સામે આવે ત્યારે ગંભીર બનીને પ્રવીણ બધું જ ભૂલી જાય છે: ભાઈ, પત્ની, જાત, બધું જ. એક નાટક 'સળગ્યાં સૂરજમુખી'નું દિગ્દર્શન પ્રવીણ કરે. તેમાં મુખ્ય હીરો તરીકે અરવિંદ એક ઈમ્પોટન્ટ પતિનો રોલ કરે. ને સરિતા તેની પત્ની બને. નાટક થોડું ફાસ્ટ પણ ખરું.

આ નાટકનો શો પૂરો થયો ત્યારે સ્ટેઈજ પર ધસી આવતાં એક પ્રેક્ષકે પ્રવીણને કહ્યું; 'પ્રવીણભાઈ, તમે જાણો છો કે સરિતા તમારી પત્ની છે ને અરવિંદ તમારો નાનો ભાઈ છે. નાટકમાં એ બંને જણ સારી એવી છૂટછાટ લે છે, એ દૃશ્ય જોતી વખતે કેવા પ્રકારની અનુભૂતિ થાય છે?' ને પ્રવીણે પેલા પ્રેક્ષકને કહ્યું: 'તમે તમારી પત્નીને કોઈ ગાયનેકૉલોજિસ્ટ પાસે મોકલો છો ત્યારે કેવી લાગણી અનુભવો છો? બસ એવી જ!'

લઘુકથા

# મસોતું

**ડૉ. નરેશ ભટ્ટ**

ડાઇનિંગ ટેબલ લૂછવા માટે આજે નિરીક્ષાએ નિનાદનું જૂનું બુશ શર્ટ લીધું. જમતી વેળા અનુરાગ આ જોઇ રહ્યો. તેણે ધીમેથી કહ્યું કે, 'બુશ શર્ટ તો હજુ ચાલે તેવું છે છતાં કેમ મસોતા તરીકે કાઢી નાખ્યું?' નિરીક્ષા બોલી; 'એ તો ખભા પરથી ફાટી ગએલું છે તેથી નિનાદ કંઈ પહેરે નહિ, એટલે એનો ઉપયોગ મસોતા તરીકે કરવા માંડયો.'

જમ્યા પછી સૌ બેસીને રેડિયો સાંભળતાં હતાં. થોડી વારે ઊઠીને અનુરાગે પેલું ભીનું બુશ શર્ટ તાર પરથી ઉપાડયું અને બાજુ પર મૂકયું. બપોરે સૌ જ્યારે આરામ કરતાં હતાં ત્યારે તેણે નાનકડું થીગડું પેલા બુશ શર્ટ પર લગાડયું, અને સાંજે ફરવા જતી વેળા એ બુશ શર્ટ તેણે પોતાની થેલીમાં મૂકી દીધું. પોતાના ઘરની પાછળ જ આદિવાસીઓનાં છોકરાં રમતાં હોય છે ત્યાં જઇને થેલીમાંથી પેલું બુશ શર્ટ કાઢી એક નાના છોકરાને આપી દીધું. એ છોકરાએ બુશ શર્ટ લઇને છાતી સાથે વળગાડયું અને પછી ખૂબ કૂદ્યો. નિરીક્ષા આ બધું જોઈ રહી. અનુરાગે કહ્યું કે, 'આ મસોતાથી ડાઇનિંગ ટેબલ સાફ થશે પરંતુ કોઇની આંખનું એકાદ આંસુ જો આ મસોતાથી દૂર થતું હોય તો તે મને વધુ ગમે.'

નિરીક્ષા બુશ શર્ટ પહેરેલા છોકરાને જોઈ જ રહી. □

પ્રવીણ વિષે વાત કરતાં કોઇ પણ માણસ એટલું તો કબૂલ કરશે જ કે પૉપ્યુલર નાટકો સર્જવામાં તેનો ખાસ્સો ફાળો છે. એવરેજ ગુજરાતી મેલો ડ્રામેટિક છે. એ લોકોમાં પ્રવીણે એક ક્રેઈઝ ઊભો કર્યો છે. અમદાવાદમાં તો આઈ. એન. ટી.નાં નાટકો જોવાં એ સ્ટેટસ સિમ્બૉલ ગણાય છે. પોળે પોળે એની ચર્ચાઓ થતી હોય છે. ને આજે ગુજરાતમાં આઈ. એન. ટી.નો પર્યાય છે પ્રવીણ જોષી.

આ પ્રવીણ ને અરવિંદ કોઈ વાર ખાલી ઑડિટોરિયમમાં બેઠા હોય છે ત્યારે અરવિંદ પૂછી બેસે છે: 'પવલા! આપણું ભવિષ્ય શું?' ને પ્રવીણ હસીને તેનો પડઘો પાડે છે: 'અરવિંદા! થીએટરે જ તો આપણને આ બધું આપ્યું છે; નહિ તો આપણી પાસે શું હતું? જો, આપણને અહીંથી કોઈ કાઢવાનું નથી. કંઈ નહિ તો બુકિંગ કલાર્ક તો બનાવશે આ લોકો!... ને આ ખુરસીઓ પણ આપણને વધારે સારી રીતે ઓળખે છે.' □

અનુસંધાન] **કાનજીની રાધા** [પૃ. ૪૦૦ થી

ગઈ હતી! રણછોડ પગીની બંદૂકનો ભડાકો સંભળાયો અને તે સાથે જ ઝાલર, શંખ, નગારાની ધૂમ મચી ગઈ. 'નંદ ઘેર આનંદ ભયો'નો ઘેરો ઘેરો નાદ પડઘાવા લાગ્યો. એ વખતે કાનજીની પાછળ પાછળ જ ચોરેથી આવીને કોઢને ઓથારે લપાઇને વહુ-દીકરાની વાતો સાંભળતી અમરતબાઈ દાંત કચકચાવીને બબડતી હતી: 'વાલામૂઈ, નખ્ખોદ જાયલખમણિયાની માનું! આજ સુધી મારી આ રતન જેવી વહુ માટે મને હાચું ખોટું ભરમાવીને મારા ઘરમાં કંકાહ ઘાલ્યો. હારું થયું કે આજ મેં બધું કાનોકાન હાંભળ્યું...' અમરતની છાતીમાં શ્વાસ સમાતો નહોતો. એનામાં પેટની જણી ચંચી જેટલાં જ હેત દીકરાની વહુ માટે ફૂટી નીકળ્યાં અને તેણે મંદિર તરફ દોટ દીધી, પોતાના કા'નને હીંચકાવવાના ફૂટી નીકળેલા ઓરતા પૂરા કરવા તે જગતના કા'નને હીંચકાવવા દોડી.

...ત્યારે રાધા કાનજીના વિશાળ ખભા પર માથું ઢાળી ગણગણતી હતી: 'જો જો, માને એકે વેણ કીધું સે તો!' □

અનુસંધાન] **વિનુ માંકડ** [પૃ. ૩૯૩ થી

ઈ. ૧૯૭૩માં યોગ્ય રીતે 'પદ્મભૂષણ'નું બહુમાન પામેલા વિનુ માંકડ પોતાના ત્રણેય પુત્રો—અશોક, અતુલ અને રાહુલ—ને ક્રિકેટર તરીકેનો વારસો આપતા ગયા છે. તેમના ક્ષરદેહે, અક્ષરદેહે અને પરિવારથી, આર્લોટ લખે છે તેમ, He belongs to cricket; cricket is the richer for having him! મેં જ અન્યત્ર લખ્યું છે તેમ જો સર્વકાલીન વિશ્વટીમ પસંદ કરવાની હોય ને તેમાં દરેક દેશને પ્રતિનિધિત્વ આપવાનું હોય તો ભારત વતી પહેલા માંકડ હોય. લક્ષણ સંદર્ભે મેં તેમને 'સવ્યસાચી' કહ્યા છે. તેમાં આગળ કહી શકાય કે જો ભારતીય ક્રિકેટ એ મહાભારત છે તો માંકડ તેના અર્જુન છે. □

# કાનજીની રાધા

લેખક • રમણિક જી. અગ્રાવત

ચોરો ચોક, અડખેપડખેની બે ડેલીઓ અને ચોકને એક ખૂણે આવેલી દલીચંદ વાણિયાની દુકાનનો ઓટો સુધ્ધાં, બધું ય હકડેઠઠ હતું. એકઠી થએલી એ મેદનીની વચ્ચે પગમાં પજંગિયા બાંધીને જુવાની જાણે હેલે ચડી હતી. ખેતરોમાં અષાઢનો ગારો ખૂંદીખૂંદીને કસાએલા પગો, ભીમગર મા'રાજની તબલાંની થાપીએ થાપીએ તાલ પુરાવી નાચતા હતા. ગોકુળઆઠમના ઓચ્છવે રંગ જમાવ્યો હતો. આ જ મધરાતે ધરમદાસ બાપુની ટોકરીના રણકાર અને રણછોડ પગીની બંદૂકના ભડાકા સાથે કાનુડો અવતરવાનો હતો, ને એનો આનંદ બીજલ રબારીના બુલંદ ગળામાં ઘુમરાઈ ઘુમરાઈને જાણે બેવડાતો જતો હતો!

રાધાનાં રૂસણાં ને મનામણાં, કા'નની પજવણી ને મીઠીમીઠી મસ્તીઓ બીજલના ગળામાંથી જાણે તાદશ બની વહેતી હતી. છોકરડાંઓ ઉત્સુકતાથી ઊભાં હતાં અને આ ધમાલ તો હજી મધરાત સુધી ચાલવાની એમ જાણતા હોઈ આધેડ ગલઢેરા એકવાસુ ખૂણેખાંચરે ગોઠવાઇને અધખૂલી આંખે બધું જોતાંજોતાં બીડી-ચલમની લિજ્જત લેતા હતા.

મંદિરને છેક ઉપલે પગથિયે નંદુ મુખીનો કાનજી કાંઈક ખોયોખોયો બેઠો હતો. ચોકમાં આવી રમઝટ બોલાતી હોય ને કાનજી આમ બેઠો રહે એ કોઈ માને એમ નહોતું. પણ આજ તો સરખેસરખા ભેરુબંધો એને ચોકમાં ખેંચી જવા આવ્યા ત્યારે કાનજી ખિજાઈ ગયો હતો. તેની પડોશમાં રહેતા લખમણે એના મોઢા પરથી જ વાત વાંચી લીધી. નક્કી આજ અમરતકાકી ને રાધીભાભીને કાં'ક બોલવું થયું હશે, એમ એ સમજી ગયો અને એટલે જ તેણે સૌને મનાવીને બાજી સંભાળી લીધી.

કાનજી બેચેન બની ગયો હતો. માથે વીંટેલા ફાળિયા ભેળો જાણે આખી દુનિયાનો ભાર એના ઉપર ખડકાઈ ગયો હોય એવો એ ભારેખમ બની ગયો હતો. અંતે મનમાં જ કાંઇક નક્કી કરીને એ ઊભો થયો. દલીચંદની દુકાનના ઓટે બેઠેલા બાપુ ઉપર એની નજર પડતાં એનાથી મનોમન નિસાસો નંખાઈ ગયો. ત્યાંથી નજર ફેરવીને એણે રામજી મંદિરના ઊંચા ઓટા ઉપર બેઠેલાં બૈરાંઓના ઘેરા પર ઠેરવી. જો રાધી ત્યાં બેઠી હોય તો તે એને બધાં બૈરાંઓમાંથી પણ ઓળખી કાઢે જ. પણ રાધી ત્યાં નહોતી. પાછી વળતી નજર ફરી એક વાર બાપની સામે મંડાઈ ગઈ. પંચની વચ્ચે બેસી હોકો ગગડાવતા બાપનો ચહેરો તેને દયામણો લાગ્યો. હસીહસીને વાતો કરતા બાપના ચહેરા પર કાનજીને ચોખ્ખેચોખ્ખી વેદના વંચાતી હતી. પાંચ ગાઉના પલામાં આગેવાન ગણાતા એ નંદુ મુખીનું વેણ કોઈ ઉથાપી શકતું નહિ. પણ એ મુખીના ઘરમાં કાયમનો કલહ હતો. અને તેથી જ તો પેલી અંબા દરજણે ભર બજારમાં વેણનો ચાબખો માર્યો હતો ને કે, 'બઉ પટલાઈ કરવા હેંડયા સો તો ઘર હંભાળોને, ઓલી બચાડી રાધડીને તો કાયમનાં ઓયકારા સે, ને મારા મોહનિયાની વહુની પટલાઈ કરવા હેંડી નેકળ્યાં સે...'

નંદુમુખીના જીવનનો આ પહેલો પ્રસંગ હતો કે કોઈ તેની સામે બોલ્યું હોય અને તે ય ભરબજારમાં! 'હરે રામ...રામ...' કરતા મુખી માથે ફાળિયું સંભાળતા નીચું મોં કરી ઘર ભેગા થઈ ગયા હતા. અને તે દિ' વાતવાતમાં એનાથી કાનજી પાસે બોલાઈ ગયું હતું: 'કાનિયા, આ કંકાહ મારા ભલી ભાંતે ગોઠવેલા માળાને વીંખીને જ જંપશે. આના કરતાં તો થાય છે...અફીણની એકાદ ગાંગડી...' અને આગળના શબ્દો આંસુ બનીને દડી ગયા હતા.

મુખીના ઘરમાં તો આ રોજનું થયું હતું. કાનજીની મા અમરતબાઇનો સ્વભાવ કોણ જાણે કેવો થઈ ગયો હતો કે કંકાસ વિના એકાદ અઠવાડિયું તો માંડ કોરું જાય! કાંઈક ને કાંઇક બહાનું કાઢીને એ રાધી જોડે ઝગડતી જ, ને ક્યારેક એને પીટતી, કાં પોતે કૂટવા માંડતી, પણ ઘરમાં કંકાસની આગને સળગતી રાખતી જ. અને આટલી ઉંમરે નંદુ મુખી યે એને શું બોલે?

ચાલતાંચાલતાં ક્યારે ઘર આવી ગયું તેની કાનજીને ખબર ન રહી. ધીમે ડગલે એ ડેલીમાં દાખલ થયો. અંદર રાંધણિયામાં ઝાંખો દીવો બળતો હતો. ઓસરીની કોરે આવીને અટકી ગયો. અંદરથી એક ડુસકું સંભળાયું, ને કાનજી જાણે કોઇએ ધગધગતી ભઠ્ઠીમાં ફેંકી દીધો હોય તેમ ચમકી ગયો. હડી કાઢીને એ અંદર ગયો. પેટીને અઢેલીને પેઢલી પર બેઠીબેઠી રાધી રડતી હતી. એકાએક કાનજીને જોઈ લાજ કાઢી એણે મોં ઢાંકી દીધું. કાનજીને ઘડી બે ઘડી તો શું બોલવું તે સમજાયું નહિ. અંતે એણે પૂછ્યું: 'રાધી! ચોરે કાં ન આવી?'

રાધી શું બોલે? કાનજીને કશું સમજાતું નહોતું. એકાએક કાંઈક યાદ આવી ગયું હોય તેમ બોલી ગયો:

'રાધી, હવે મારાથી આ વેઠાતું નથ્ય...' અને રાધી જાણે વજ્રઘાત થયો હોય તેમ ચમકી ગઈ.

'રાધી, આ લાજ કો'ની કાઢી છે? આપણ બે સિવાય અહીં કોઈ નથ્ય...' કહેતા કાનજીએ રાધીનો હાથ પકડીને માથા પરથી સાડલાનો છેડો ફગાવી દીધો. રાધી ના...ના...કરતી બંને હાથથી મોં સંતાડવા ગઈ, પણ કાનજી એનો ચહેરો જોઈ ગયો. રાધીના કપાળમાં હજી હમણાં જ થીજી ગએલું લાલ-લાલ લોહી ચોખ્ખું દેખાતું હતું. કાનજીએ બંને હાથથી રાધીનું મોં ઊંચું કરી કહ્યું: 'રાધી, આ કોણે કર્યું...? રાધી... માએ તને તાવીથો મારી દીધો લાગે છે! બોલ રાધી, ખરું ને...?'

'ના રે! હું મૂઈ કોઢમાં વાછડાને બાંધવા ગઈ'તી તે સાંકળ ભાળી નઈ ને પડી.' રાધીએ હિબકાને દબાવતાં કહ્યું.

'ના રાધી તું ખોટું બોલ છ. નકર ખા મારા સમ.' એ બોલ્યો, પછી જરા વાર મૂગા રહી: 'આ હવે મારાથી જીરવાતું નથી, રાધી.'

'હવે જાવ, જાવ! જીરવવાવાળા મોટા જોયા નો હોય તો! મારે ખોટું વળી શું લેવા બોલવું પડે?' રાધી માંડમાંડ રુદનને કાબૂમાં રાખતી હતી. 'ના રાધી, આ કાયમનો કંકાહ હવે એમ નઈ ટળે. આપણાં બેમાંથી એકાદનો ભોગ લે ઈ પે'લાં આપણે નોખાં...'

અને એ આગળ બોલે તે પહેલાં રાધીએ કાનજીનાં મોં આડો હાથ દઈ દીધો: 'મારા જીવના સમ જો આવું બોલો તો. બે ઠામ ભેગાં થાય તો ખખડેય ખરાં. તમને વળી આવું ક્યાંથી હૂઝે સે?'

'રાધી, હું નક્કી કરીને જ આવ્યો છું. તું ન માનતી હો તો હું આ હેંડયો. આજથી આ ઘરમાં પગ મૂકવો હરામ...'

'ના ના. આવું બોલો તો તમારી રાધીના સમ, કાન...' જિંદગીમાં પહેલી જ વાર પતિનું નામ હોઠે આવી જતાં રાધી થથરી ગઈ. દોડીને એ બહાર નીકળવા જતા કાનજીને વળગી પડી. રડતાં રડતાં એ બોલી: 'તમને તે હું થ્યું સે? મારે તો કાંઈ દખ નથ્ય. મા નઈ કે તો કે'સે કુણ?'

'પણ રાધી, તારે આ રોજરોજનું...' અને રાધીએ કાનજીને બોલતો અટકાવી દીધો, 'તમે કાંઈ બોલો તો રાધીનું મરતાં...' ને એ આગળ કંઈ બોલે તે પહેલાં કાનજીએ તેનાં મોં આડો હાથ દઈ દીધો. કાનજીને પેલી રાધી યાદ આવતી હતી જે ખેતરને શેઢે છુપાઈછુપાઇને એને મળવા આવતી હતી. ક્યાં એ અલબેલી રાધી ને ક્યાં આજની રાધી? જાણે એની બધી જ ચંચળતા ચોરીના ધુમાડામાં જ ઓગળી

(અનુસંધાન પૃષ્ઠ ૩૯૯)

## પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર



નવેમ્બર ૧૯૫૩ · સળંગ અંક ૩૫૯

ગુજરાતી સાહિત્યમાં 'લઘુકથા'નું સ્વરૂપ શરૂ કરવાનો યશ 'કુમાર' લઈ શકે. અને એણે શરૂ કરેલી ધાટી ઉપર પ્રથમ મૌલિક (જો કે જરા લાંબી) લઘુકથાઓ લખવી શરૂ કરી શ્રી મોહનલાલ પટેલે. એવી આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલી એમની લઘુકથા:

### શાળાનો રિપોર્ટ

હેડમાસ્તર મિ. શાહ પોતાના તરફ જોઇએ એવી કાળજી બતાવતા નથી એવું શાળાની તપાસણી દરમ્યાન નવા ઈન્સ્પેક્ટર સાહેબ મિ. હબીબે જોઈ લીધું. મિ. શાહ વર્ષોથી એમની કુનેહ અને વ્યવસ્થાશક્તિ માટે પંકાઈ ચૂક્યા છે એની મિ. હબીબને ખબર હતી; એટલે જ તો એમની ખાતરી થઈ ગઈ કે મિ. શાહ પોતાના જેવા નવા ઈન્સ્પેક્ટરને ઘોળીને પી ગયા હોય એમ ગણે છે!

પણ પોતાની સત્તાનો મિ. હબીબને પૂરો ખયાલ હતો એટલે મિ. શાહના આ અભિમાનનું ભાન કરાવે એવો રિપોર્ટ આ વખતે લખવાનો એમણે નિશ્ચય કરી લીધો. એકબે વખત તો એમણે મિ. શાહને કહ્યું પણ ખરું 'મિ. શાહ, તમારે કામ હોય તો ઑફિસમાં બેસો. હું વર્ગ અને શિક્ષક શોધી લઈશ!' આનો પોતે શો જવાબ આપ્યો એ તો ખુદ મિ. શાહને પણ ખબર નહોતી.

મિ. હબીબ આ નિશાળના આગલા રિપોર્ટ જોઇ ગયા, અને એ પ્રશંસા ભરપૂર રિપોર્ટસથી તદ્દન જુદો જ રિપોર્ટ લખવા માટે સો ગળણે ગળીને પાણી પીવાનું એમણે શરૂ કર્યું. શિક્ષકોની શિક્ષણપદ્ધતિ એમણે અનેક રીતે અપૂર્ણ જોઈ. વિદ્યાર્થીઓમાં શિસ્તની ખામી તો શોધવા જવી પડે એમ નહોતું. એક વર્ગમાં એમણે એક વિદ્યાર્થીને પૂછીને જાણ્યું કે સમયપત્રકો એજ દિવસે ચોંટાડવામાં આવ્યાં હતાં! ગઈ વાર્ષિક પરીક્ષાનાં પરિણામ-પત્રકોમાં પણ કંઈક શંકાઓ એમણે ઊભી કરી. હિસાબો પણ બરોબર ચકાસીને તપાસવા માટે કારકુનને કડક સૂચના આપી દીધી. એમનો ખયાલ હતો: ઈન્સ્પેક્ટરની અવગણના કરનાર હેડમાસ્તર પણ જાણી લે!

બીજા દિવસે તો મિ. શાહના વર્તનમાં વધારે બેદરકારી જણાઈ. ચાલુ સમય દરમ્યાન પણ મિ. શાહ શાળા છોડીને એકબે વાર બહાર ગયા હતા એ પણ એમના ધ્યાન બહાર ન રહ્યું.

બપોરે બે વાગતાં મિ. શાહે આવીને એમને કહ્યું: 'આપ સાહેબને એક વિનતિ કરવાની છે.'

જરા તોછડાઈથી મિ. હબીબ બોલ્યા: 'શી?'

'આપ સાહેબ અત્યારે ઈન્સ્પેક્શન બંધ ન રાખી શકો?' મિ. હબીબ આ અણસમજુ હેડમાસ્તર તરફ રોષભરી નજરે જોઇ રહ્યા. હેડમાસ્તર વધુ પડતી છૂટ લેતા હોય એમ એમને લાગ્યું. ત્યાં તો મિ. શાહ ફરી બોલ્યા: 'આ વિનતિ આપ સ્વીકારો તો સારું!'

મિ. હબીબે વધારે કડકાઇથી પૂછ્યું: 'કેમ?'

લાગણીભર્યા અવાજે મિ. શાહે જવાબ આપ્યો: 'અમારી શાળાના એક વિદ્યાર્થીનું અવસાન થયું છે.' મિ. હબીબ શાંત બની ગયા. એ કંઈ બોલે એ પહેલાં ખૂણાના ટેબલ પાસે બેઠેલો બટક બોલો એક વૃદ્ધ કારકુન પોતાની મર્યાદા સમજ્યા વગર બોલી ઊઠ્યો: 'છેલ્લા ત્રણ દિવસથી આચાર્યસાહેબે દૂધ કે ખોરાક કંઈ પણ લીધું નથી!'

મિ. હબીબ શા વિચારમાં પડી ગયા એ કોઈ સમજી શક્યું નહિ. એમને વિચારમાં પડી ગએલા જોઈ મિ શાહ બોલ્યા: 'અત્યારે શાળા બંધ નહિ થાય તો આખી જિંદગી વસવસો રહી જશે!' કંઈક વિચારોમાં જાગતા મિ. હબીબે કહ્યું: 'જરૂર! સ્કૂલ બંધ થવી જોઈએ!'

શાળા બંધ થઈ અને શોકસભા બાદ સૌ વિખરાયા.

સાંજે ઈન્સ્પેક્ટર સાહેબના સરકારી રહેઠાણેથી એમના ભોજન માટે મોકલેલું ટિફિન બૉક્સ નોકરને પાછું લાવતો જોઈ મિ. શાહને સહેજ નવાઈ થઈ. પણ એ કંઈ પૂછે એ પહેલાં એક ચિઠ્ઠી કાઢીને એણે એમના હાથમાં મૂકી. એમાં લખ્યું હતું:

મિ. શાહ.

ભોજન પાછું મોકલ્યાનો અવિવેક કરવા બદલ ઘણો જ દિલગીર છું. આપની નિર્મળ માનવતાએ મારા હૃદયમાં સુંદર છાપ પાડી છે. આજ આવા દિલગીરીના પ્રસંગે હું આવું ઉત્તમ ભોજન લઉં તો મને પણ આખી જિંદગી ચેન પડે નહિ. શાળામાં ભણતાં બાળકો આપણાં જ સંતાનો છે ને?

—ડી. હબીબ

---

અનુસંધાન] કલા વાર્તા [પૃ. ૪૦૫થી

સગવડ કરી આપી. જયપુરમાં ગાળેલાં ચાર વર્ષ દરમિયાન એને ત્યાં ભારતીય પરંપરિત શૈલીએ ચિત્રો, ભીંતચિત્રો, જયપુરની વિખ્યાત બ્લ્યુ પૉટરી વગેરેના ચિત્રકામ સાથે રંગીન પથ્થરો ને માટી વગેરેમાંથી અસલની પદ્ધતિએ રંગો તૈયાર કરવાની અને વિવિધ રંગ માધ્યમના ઉપયોગની અચ્છી જાણકારી ને તાલીમ મળી. શિષ્યવૃત્તિથી તાલીમ લેતા વિદ્યાર્થીમાંથી થોડા સમયમાં એને ત્યાં લેક્ચરરનું પદ મળ્યું. દિલ્હીની લલિતકલા અકાદમીએ આ કલાશાળાને સોંપેલા અજંતાનાં મ્યૂરલ્સમાં, કાંગડા કુલુ પાસેના સુજાનપુર ટીરાના એક જીર્ણ મંદિરમાં નાશ પામી રહેલાં ભાગવતનાં ભીંતચિત્રોની નકલો કરવામાં, ચિતોડના મીરાંમંદિરનાં ભીંતચિત્રોમાં, ને પિછવાઇઓ વગેરેના જેવાં ખાસ કાર્યોમાં કૃપાલસિંહના સહાયક તરીકે ચિત્રકામ કરવામાં ભારતીય પદ્ધતિએ કામ કરવાનો બહોળો અનુભવ એને મળ્યો.

જયપુરથી આવ્યા પછી થોડો સમય 'કુમાર કાર્યાલય'માં પણ કામ કર્યું. આ જ અરસામાં વડતાલના સંત કાનજી ભગત એક અચ્છી રીતે ઘડાએલા ચિત્રકારની શોધમાં હતા તેમણે એનું કામ જોયું. પોતાને જોઇતો જ માણસ મળી જતાં એમણે રવિભાઈ પાસે એની માગણી કરી અને એણે વડતાલનું કામ સ્વીકારી લીધું. વડતાલમાં એને જરૂરી એવી બધી જ સગવડ કરી આપવામાં આવી. અહીં એણે જે કામ કરી બતાવ્યું એ પ્રકારનું કામ કરનાર કદાચ ગુજરાતમાં એ પ્રથમ જ છે. શુદ્ધ સોનાના વરખ ઘૂંટીને ને નંગ વગેરેના જડતર સાથે ઊપસતાં શોભનવાળાં જે ચિત્રો એણે વડતાલમાં બનાવ્યાં તથા જૂનાં ચિત્રોની જે રીતે મરામતો કરી તે વડતાલ સાથે સંકળાએલાં પ્રત્યેક સ્થળે અત્યંત પ્રશંસા પામી છે. જયપુરની તાલીમનો એણે અહીં ખૂબ જ સુંદર ઉપયોગ કરી બતાવ્યો છે. ભલે એ સાંપ્રદાયિક પ્રકારનું કામ હતું, પણ તેમાં એની કલાશક્તિની પૂરી કસોટી પણ હતી જ અને એમાં એ ઉજ્જ્વલતાથી પાર ઊતર્યો છે. અગિયાર વર્ષ પછી તેણે ત્યાં દસેક જેટલા અચ્છા ચિત્રકારો એકઠા કરી 'શ્રી સ્વામીનારાયણ ચિત્રશાળા' ઊભી કરી આપીને હવે સ્વતંત્રપણે કામ કરવા માટે અમદાવાદમાં રહેવાનું રાખ્યું છે.

ગયા વર્ષે પોતાના ચિત્રકામના વૈવિધ્યનો ખયાલ આપે એવું એક ચિત્ર-પ્રદર્શન પણ અમદાવાદમાં યોજ્યું હતું જેનું ઉદ્ઘાટન ગુજરાતના ત્યારના ગવર્નર શ્રી કે. કે. વિશ્વનાથને કરેલું. આજે અમદાવાદમાં એનું પોતાનું મકાન છે, બે નાના પુત્રોવાળું કુટુંબ છે, ને 'ક્લાસિકલ આર્ટ કૉર્નર' નામે સ્ટૂડિયો સ્થાપી એ વ્યાવસાયિક ચિત્રકામ કરવા સાથે હવે સર્જનાત્મક કલાસર્જનના માર્ગે આગળ ધપી રહ્યો છે. નસીબ ને સંજોગોને દોષ દઇને અકર્મણ્યતામાં ગોથાં મારતા લક્ષ્યચ્યુત યુવાનોએ જગદીપનાં ધૈર્ય અને પુરુષાર્થને સમજવો ઘટે છે. □

# સાહિત્યસંપર્ક

## એકાંતની સોડમાં

'...recollected in tranquility' કહીને કવિ વર્ડ્ઝવર્થે કવિતાસર્જનમાં એકાંતનો—નીરવતાનો શો મહિમા છે તે દર્શાવી જ આપ્યું છે. પ્રસ્તુત સંગ્રહમાં વ્રજલાલ દવેની છંદોબદ્ધ અને ગેય મળીને કુલ ૭૧ રચનાઓ સંગૃહીત કરવામાં આવી છે. કવિ ઘણાં વર્ષોથી નગરમાં વસે છે પણ પ્રકૃતિ, અને તેમાં ય ગ્રામપ્રકૃતિનો તેમનો અનુબંધ અતૂટ રહ્યો છે તે અહીંની કેટલીક રચનાઓમાં જોઈ શકાય છે. પહેલી જ કવિતાનો ઉપાડ અહીંના કવિને તહીં ગ્રામસીમમાં લઈ જાય છે:

> વીણું ક્ષણો: સીમતટોની ફાંટમાં
> ભરી રહું કંટકનીલ ડાળખી,
> ભેગાં કરું ખોઈ મહીં પ્રભાતની,
> હુલાસ ઝૂલ્યાં ખડ કાળિયાં, સુણું
> ધ્રોના ઝીણા શ્વાસ તુષાર સોંડે;

તો પ્રકૃતિમાંથી ચિંતન ઊભું કરવાની ગાંધીયુગીન આદતનું રચનાવિધાનની દૃષ્ટિએ સુભગ પરિણામ 'ઝાકળ' જેવાં સૉનેટોમાં ને અન્ય રચનાઓમાં પણ જોવા મળે છે.

આ ઉપરાંત ગૂઢનું આકર્ષણ પણ એમનો એક મહત્ત્વનો કવનવિષય બની રહે છે. 'શબ્દ સ્નેહનો' જેવી રચનામાં જુઓ:

> તારી વાણી જ્યાં છલકાણી
> મારી સોબતું બદલાણી;
> ધૂળના ઢેફામાં મહોરી તાજી શતરાણી.

'જળને તરસ્યું લાગે' કે 'જળ વ્હેર્યું' જેવી ગેય રચનાઓમાં પણ અભિવ્યક્તિના નાવીન્યથી આ ગૂઢની જ લગની વ્યક્ત થઈ છે, પ્રણય, પણ ઓછા પ્રમાણમાં ય, અહીં દૃષ્ટિગોચર થાય છે—જો કે પ્રકૃતિ અને પ્રભુ એ બે વિષયોના મુકાબલે એનું નિરૂપણ એટલું ચોટદાર રહ્યું નથી.

કવિએ વિવિધ છંદો અને વિવિધ ગાનલયોનો અહીં સફળતાથી ઉપયોગ કરી બતાવ્યો છે તેમાં એમનું આગલી કવિપેઢી સાથેનું પૂર્વસંધાન અને 'ઊભયાન્વયી અવ્યય' કે 'રૂપાંતર' જેવાં ગદ્યકાવ્યોમાં અનુગામી પેઢીનું અનુસંધાન જોવા મળશે. "'સ્પુટનિક'ની શુનીને"માં આધુનિક સંદર્ભે વેદના કે 'જરાસંધનું સપનું' જેવામાં પુરાણકલ્પનના વિનિયોગથી પ્રકટતી વેદના આસ્વાદ્ય બને છે. એકંદરે ભાવોર્મિ વિચારોર્મિના સહજોદ્રેકની પ્રતીતિ કરતાં અહીં અભિવ્યક્તિની પરિષ્કૃત રીતિ જ આસ્વાદનું મુખ્ય કારણ અને કામણ બનીને આવી છે, તેવો કવિનો આ પ્રથમ કાવ્યસંગ્રહ આવકાર્ય છે.



(પ્ર. રૂપાલી પ્રકાશન, રિલીફરોડ, અમદાવાદ-૧ કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૫) —ધીરુ પરીખ

## બૌદ્ધધર્મ દર્શન

ધર્મવિષયક પુસ્તકો કાં તો ભાવુક ધર્માનુયાયીઓ દ્વારા લખાતાં હોય છે અથવા તો તટસ્થ ધર્મ-અભ્યાસી દ્વારા. આ બંને પ્રકારના લેખકોનાં પરિણામો ભિન્નભિન્ન રહેવાનાં જ. બૌદ્ધધર્મ અને ધ્યાનનું નિરૂપણ કરતા ડૉ. નગીન જી. શાહના આ ગ્રંથમાં એમના ધર્મ-અભ્યાસનો સુપાક ઊતર્યો છે. બૌદ્ધધર્મને સમગ્રતયા નિરૂપવા-નાણવાનો અહીં પ્રશસ્ય પુરુષાર્થ જોવા મળે છે. કુલ ૧૬ પ્રકરણોમાં વહેંચાએલા આ ગ્રંથમાં શરૂમાં આર્ય ધર્મપરંપરા અને આર્યંતર ધર્મપરંપરાની વિસ્તૃત ભૂમિકા રજૂ કરી બુદ્ધના આગમનકાળની એટલે કે ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીના ભારતની રાજકીય, સામાજિક અને ધાર્મિક સ્થિતિનો ચિતાર આપવામાં આવ્યો છે. ત્યાર બાદ બુદ્ધના ચરિત્રનો અને ઉપદેશનો સરળ રસમય શૈલીમાં પરિચય કરાવવામાં આવ્યો છે. આ જ ધર્મમાં ભિક્ષુનો સાધનાપથ શો છે અને સમાધિમાર્ગ શો છે તેની તાટસ્થ્યપૂર્વક ચર્ચા કરવામાં આવી છે. ભિક્ષુની વિહારચર્યા તથા સંગીતિ અને સંઘભેદનાં પ્રકરણોમાં એ વિશિષ્ટ ધર્મની પારિભાષિક શબ્દોના પ્રકાશમાં સામાન્ય જિજ્ઞાસુને પણ સમજ અને રસ પડે તે રીતે છણાવટ કરવામાં આવી છે. એમાં લેખકની આ ધર્મ અને દર્શન પરની અભ્યાસપકડ પ્રતીત થયા વગર રહેતી નથી. એ ધર્મના રૂપાંતર મહાયાન વિષે પણ અલગ પ્રકરણોમાં ચર્ચા કરવામાં આવેલી છે. આ ઉપરાંત 'તાંત્રિક બૌદ્ધ સાધના' નામક પ્રકરણમાં આ ધર્મમાં થતી તંત્રસાધનાનો સવિગત પરિચય કરાવવામાં આવ્યો છે. એક પ્રકરણમાં બૌદ્ધ દાર્શનિક વિચારધારાનો પરિચય આપવામાં આવ્યો છે. સમગ્રતયા જોતાં આ ગ્રંથમાં ગ્રંથકર્તાની દૃષ્ટિ ધર્મમૂલક છે અને છતાં ય બૌદ્ધ દર્શનનો પણ ખયાલ અપાયો છે. આ ઉપરાંત ભારત બહાર બૌદ્ધધર્મના પ્રચારની અને બૌદ્ધધર્મના પ્રદાન અને વૈશિષ્ટ્યની પણ ઝીણવટપૂર્વક વાત કરવામાં આવી છે.

ગ્રંથનો વિષય ગંભીર અને અમુક અંશે શાસ્ત્રીય હોવા છતાં લેખકે પોતાના શૈલીસાફલ્યથી તેને સામાન્યજનરોચક બનાવ્યો છે. વળી ધર્મ અને દર્શનના પારિભાષિક શબ્દો વાપરવા પડે ત્યાં વાપર્યા હોવા છતાં એ નિરૂપ્યા વિષયની સમજમાં ક્યાં યે બાધારૂપ થતા નથી એવું વિષયનું નિરૂપણ લેખકની ઊંડા અભ્યાસની પરિણતિ છે આજે ધર્મો વિષે આપણે આમેય ઓછું વાંચીએ છીએ અને જે કંઈ વાંચીએ છીએ તે વ્યવસ્થિત અભ્યાસમૂલક હોતું નથી તે સંજોગોમાં બૌદ્ધધર્મદર્શન વિષે અદ્યેય પરિચય આપતો આ ગ્રંથ કદાચ આપણી ભાષામાં પહેલો જ હશે એથી એ ખૂબ આવકાર્ય છે અને વધુ તો સાડા ત્રણસોથી પણ વધુ પૃષ્ઠોના આ ગ્રંથની કિંમત માત્ર રૂપિયા પંદર જ છે એ દૃષ્ટિએ તો સંસ્થાઓએ તે અવશ્ય વસાવવા જેવો છે. (પ્ર. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, પાકું પૂઠું, પૃ. ૩૫૭, રૂ. ૧૫.) —ધીરુ પરીખ

# આવકાર

## ઈન્દુ પ્રકાશન

ખરાદી શેરી, ઝાંપાવાડ, સૂરત

**ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ**: લે. અમૃત મોદી. કાચું પૂઠું, પૃ. ૩૬, રૂ. ૨-૨૫.

**મહાન વૈજ્ઞાનિકો**: લે. અમૃત મોદી. કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૨-૭૫.

**રણમેદાને રૂમઝૂમલાલ**: રૂપાંતરકાર: ધનસુખલાલ મહેતા. કાચું, પૃ. ૬૮, રૂ. ૩-૫૦.

**નેપોલિયન બોનાપાર્ટ**: લે. અમૃત મોદી. કાચું પૂઠું, પૃ. ૪૩, રૂ. ૨-૨૫.

**સંસ્કાર ખાતર**: લે. વિજય શાસ્ત્રી. કાચું પૂઠું, પૃ. ૮૬, રૂ. ૩-૭૫.

**સ્વામી રામતીર્થ**: લે. મુકુલ કલાર્થી. કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૨-૨૫.

**લીલી નાઘેર**: લે. પ્રાણભાઈ ભટ્ટ. કાચું પૂઠું, પૃ. ૫૨, રૂ. ૨-૭૫.

**સાહિત્યકાર જયંતિ દલાલ**: લે. ડૉ. સી. એચ. ગાંધી. કાચું પૂઠું, પૃ. ૧૭૨, રૂ. ૧૦.

## અન્ય પ્રકાશકોનાં

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ભાગ ૧લો**: લેખકો: ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ, યશવંત શુક્લ ને ચીમનલાલ ત્રિવેદી. પ્રકાશક: ગુજરાતી સાહિત્ય પરિષદ, હ. કા. કૉલેજ, અમદાવાદ-૯. પાકું પૂઠું, પૃ. ૩૩૭, રૂ. ૪.

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ભાગ ૨જો**: લેખકો–પ્રકાશક: ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૮૬૦, રૂ. ૩૫-૫૦.

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ભાગ ૩જો**: લેખકો–પ્રકાશક: ઉપર મુજબ. પાકું પૂઠું, પૃ. ૬૬૦, રૂ. ૧૫-૮૫.

**કવિ નાનાલાલની કવિતામાં માનવજીવન-દર્શન**: લે. ડૉ. ધનવંત શાહ. પ્ર૦ પ્રાચી પ્રકાશન, એફ ૭૬, 'વિનર્સ' વરલી સી ફેઈસ (સાઉથ), મુંબાઈ-૧૮. પાકું પૂઠું, પૃ. ૪૭૦, રૂ. ૩૮.


# શતરંજના કોયડા .................. સુરેશ મોદી

આ વખતના કોયડાની આકૃતિમાં કોઈ નવું મહોરું નથી. બોર્ડ પણ સાધારણ છે અને શરત પણ Direct mate કોયડા જેવી 'સફેદે રમવાનું અને બે ચાલમાં મહાત કરવાનું' એ છે, છતાં fairy chess કોયડાની માળામાં આ કોયડો કેવી રીતે આવ્યો એ પ્રશ્નનો જવાબ તેના ઉકેલમાં છે.

આકૃતિમાં બધાં જ મહોરાંની સ્થિતિ symmetrical છે. તેથી એમ લાગે છે કે કોયડાના બે ઉકેલ હશે. પણ બોર્ડ પર એક બાજુ એક ખાલી પંક્તિ વધુ છે જે સ્થિતિ તે Asymmetry પૂરી પાડે છે અને તેથી એક જ ઉકેલ શક્ય બને છે.

T. R. Dawson

1914



Mate in two

આકૃતિ જોતાં સમજાશે કે સફેદ ઘોડાને તો શેહ આપવા માટે પણ ત્રણ ચાલની જરૂર પડે તેમ છે. પ્યાદાં પણ આગળ ચાલી શકે તેમ નથી. જો c5 કે g5 પરનું સફેદ પ્યાદુ કાળા પ્યાદાને 'આ પાસાં' મારી શકે તો જ બે ચાલમાં મહાત શક્ય બને.

જો કાળાની છેલ્લી ચાલ પ્યાદાની બે ખાનાંની ચાલ હતી તેવું નિર્વિવાદ પુરવાર થાય તો જ સફેદ ચાવીની ચાલમાં 'આ પાસાં' પ્યાદુ મારી શકે. આ પુરવાર કરવા કાળાની છેલ્લી ચાલ શી શી હોઈ શકે તે આપણે તપાસીએ. કાળા રાજાની આસપાસનાં બધાં ખાનાં પર સફેદનો કાબૂ છે. તેથી છેલ્લી ચાલ રાજાની ન હોઈ શકે. b7 અને h7 પરનાં પ્યાદાં પોતાની મૂળ જગ્યાએ છે તેથી છેલ્લી ચાલ તેની પણ ન હોઈ શકે. E4 પરનું પ્યાદુ છેલ્લે ચાલ્યું હોત તો d5, E5 કે f5 એ ત્રણમાંથી એક ખાનું ખાલી હોત. હવે બાકી રહે છે d5 અને f5 પરનાં પ્યાદાં. d5 પરનું ચાર ખાનાં પરથી ત્યાં આવી શકે. c6 કે E6 પરથી સફેદ મહોરું મારી, d6 પરથી એક ખાનું આગળ વધીને કે d7 પરથી બે ખાનાં ચાલીને. c6 અને E6 ખાનાં ખાલી નથી અને d6 પર તેને સફેદ રાજાને શેહ આવે છે માટે તે ચાલ્યું હોય તો ફક્ત d7 થી d5 પર ચાલ્યું હોઈ શકે. તેવી જ રીતે પુરવાર થાય છે કે છેલ્લી ચાલ જો f5 પરનું પ્યાદુ ચાલ્યું હોય તો તે E6, g6 કે f6થી નહિ પણ f7 થી f5 પર ચાલ્યું હોવું જોઇએ.

આટલું પુરવાર થવાથી આપણને એટલી ખબર પડી કે છેલ્લી ચાલમાં કાળો f7–f5 કે d7–d5 ચાલ્યો છે. આથી અનુક્રમે 1 g×f5 e. p. કે 1 c×d5 e. p. ચાવીની ચાલ થાય. ઉકેલમાં આ બેમાંથી એક જ શક્ય છે માટે છેલ્લી ચાલ f7–f5 હતી કે d7–d5 હતી તે પણ સાબિત કરવું જરૂરી છે.

મૂળ સ્થિતિમાં દરેક પંક્તિ પર એક એક પ્યાદુ હોય છે. જ્યારે પ્યાદુ સામા પક્ષના કોઈ મહોરાને મારે ત્યારે તે પંક્તિ બદલે છે. પ્યાદાની પરિસ્થિતિ જોતાં તેણે સામા પક્ષના મહોરાને માર્યું હશે તે કહી શકાય છે. અહીં પ્યાદાની અનોખી રચના જોશો અને પોતાની મૂળ પંક્તિ પરથી જ્યાં આવ્યાં છે ત્યાં આવતાં ઓછામાં ઓછા કેટલાં કાળાં મહોરાં માર્યાં હશે તેનો વિચાર કરશો તો જણાશે કે સફેદ પ્યાદાઓએ મળીને કાળાનાં ઓછામાં ઓછા ૧૧ મહોરાં માર્યા હશે. કાળાનાં પાંચ મહોરાં મર્યાં છે તે બધાંને પ્યાદાએ જ માર્યાં છે. તેથી કાળાનો સફેદ ખાના પરનો ઊંટ પોતાના મૂળ સ્થાન c8 પર મર્યો નથી. b7 પરનું પ્યાદુ હજી પોતાના સ્થાન પર છે તેથી ઊંટ c8 પરથી d7 થઇને બહાર નીકળ્યો હશે. તો d7 પરનું પ્યાદુ આ પહેલાં જ ચાલ્યું હોવું જોઇએ. માટે કાળાની છેલ્લી ચાલ d7–d5 ન હોઈ શકે. એટલે કે f7–f5 હોવી જોઇએ. માટે ચાવીની ચાલ 1. c×d5 e. p. ? ન હોઈ શકે તે 1 g× f5 e. p. ! છે. તે પછી 1..., P-any; 2. f7≠.

આ દલીલને Retrograde Analysis કહે છે અને આવા કોયડા Fairy chess કોયડા ગણાય છે. T. R. Dawsonનો આ કોયડો Asymmetry અને Retrograde Analysisનો સુંદર અને જાણીતો નમૂનો છે.

**મારે કોઈ નામ આપવું બાકી છે:** લે. પ્રબોધ ર. જોશી. પ્રકાશક : કુમકુમ પ્રકાશન, અમદાવાદ-૧. કાચું પૂઠું, પૃ. ૫૬, રૂ. ૫.

**રમણલાલ નીલકંઠ :** લે. ચંપૂ વ્યાસ. પ્રકાશક: ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૫.

**પરિશેષ :** યશવંત ત્રિવેદીની કવિતા. સંપાદન : પ્રમોદકુમાર પટેલ. પ્રકાશક : યશવંત ત્રિવેદી, જીવનવીમા નગર, સાવંત સેવાસદન, એ / ૬૧૧, ચોથા માળે, બોરીવલી (વેસ્ટ) મુંબાઈ-૯૨, કાચું પૂઠું, પૃ. ૧૫૬, રૂ. ૧૫.

**યાદગાર વાચન :** સંપાદન : મહેન્દ્ર મેઘાણી. પ્રકાશક: લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર-૧. પાકું પૂઠું, પૃ. ૪૩૦, રૂ. ૧૫.

**શિકારીનાં શસ્ત્રો અને સાધનો :** (પ. પુ. ૪૭૦) : લે. વજેન્દ્રપ્રસાદ દેસાઈજી. પ્ર૦ : પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ, મુંબાઈ-૨. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૦-૭૫.

**મરડો અને કબજિયાત :** (પ. પુ. ૪૭૧) : લે. ડૉ. પી. એન. જોશી. પ્રકાશક : ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૦-૭૫.

**બાળકોને લગતા કાયદા :** (પ. પુ. ૪૭૨). લે. હરીશ જાદવ. પ્ર૦ : ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૦-૭૫.

**હરસ મસા ને ભગંદર** (પ. પુ. ૪૭૩) : લે. ડૉ. ભાનુ ર. શાહ. પ્ર૦ : ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૦-૭૫.

**સ્વામિનારાયણ :** પ્ર૦ : અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ મંદિર, શાહીબાગ, અમદાવાદ, કાચું પૂઠું, પૃ. ૨૦.

**ધરતીનું લૂણ :** (પુનર્મુદ્રણ) પ્ર૦ : એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. મુંબાઈ-૨, પાકું પૂઠું, પૃ. ૨૫૬, રૂ. ૧૫.

**કથાવલોકન :** લે. દીપક મહેતા. પ્ર૦ પોતે જ, એમ/૨૬, કાલકાજી, નવી દિલ્હી-૧૯. કાચું પૂઠું, પૃ. ૧૯૭, રૂ. ૧૨.

**કાગવાણી-૨ :** લે. દુલા કાગ. પ્ર૦ : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૧. પાકું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૯.

**રેણુ કન્યા :** લે. ડોલરકુમાર ભટ્ટ. પ્ર૦ : એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., મુંબાઈ-૨. પાકું પૂઠું, પૃ. ૩૦૫, રૂ. ૧૫.

**નાનાલાલ શતાબ્દી ગ્રંથ (સ્મૃતિ ગ્રંથ) :** લે. અનંતરાય રાવળ, રમણલાલ જોશી, અન્યો. પ્ર૦ : ગુ. યુનિ. અમદાવાદ-૯. પાકું પૂઠું, પૃ. ૩૩૮, રૂ. ૧૦.

**સ્મરણપથ :** લે. ગોવિંદ પરમાર. પ્ર૦ : અમર પ્રકાશન, મટવા કૂવા, કલોલ (ઉ. ગુ.). કાચું પૂઠું, પૃ. ૬૦, રૂ. ૪.

**પુનઃ આયુર્વેદ પ્રતિ :** લે. શોભન. પ્ર૦ : આયુ પ્રકાશન, સ્પેક્ટ્રમ બીજે માળે, અમદાવાદ-૧. કાચું પૂઠું, પૃ. ૫૪, રૂ. ૩.

## જગદીપ જોષી





▷ ઈ. ૧૯૭૯નું વર્ષ 'ઈયર ઑવ ધ ચાઈલ્ડ'–બાલવર્ષ–તરીકે ઊજવાઈ રહ્યું હોઈ એ નિમિત્તે 'ભારતનાં બાળકો' એ વિષય પર 'ડિરેક્ટોરેટ ઑવ ઍડવર્ટાઇઝિંગ ઍન્ડ વિઝ્યુઅલ પબ્લિસિટી' (ડી. એ. વી. પી.)એ એક ફોટોચિત્ર-સ્પર્ધા યોજી હતી. દેશના ૨૨૦૦થી વધુ નામી-અનામી ફોટોગ્રાફરોનાં ૧૨૦૦૦ જેટલાં ફોટોચિત્રો એ માટે આવેલાં. તેમાંથી ઉત્તમોત્તમ ચિત્રોની તારવણી મુશ્કેલ બનતાં નિર્ણાયકોએ પાંચ સર્વોત્તમ કૃતિઓને ઈનામની કુલ રકમના ૧૦૦૦૦ રૂપિયા સરખે ભાગે વહેંચી આપવાનો નિર્ણય લીધો હતો. એ પાંચ સર્વોત્તમ ચિત્રોમાં નવી દિલ્હીનાં ચાર ચિત્રો સાથે જે એક માત્ર અન્ય ચિત્ર ચૂંટાયું તે, વડોદરા (ગુજરાત)ના જાણીતા કલાકાર જ્યોતિ ભટ્ટનું આ ફોટોચિત્ર.

જગદીપ જોષી એનું નામ. ખ્યાતનામ ગુજરાતી ચિત્રકારોની નામાવલીમાં કદાચ એનું નામ નહિ જડે, પણ ચિત્રકાર તરીકે વયના પ્રમાણમાં એણે ઘણો સારો એવો અનુભવ મેળવ્યો છે, અને એ પણ માત્ર ચિત્રકળા ક્ષેત્રનો જ નહિ, જીવનના પણ કંઈ અજબ અનુભવ એ પામતો રહ્યો છે.

ઈ. ૧૯૪૦માં એનો જન્મ થયો હશે. ચોક્કસ સાલની તો કદાચ એને ખુદને પણ ખબર નથી. એ જન્મ પણ ક્યાં થયો, કોને ત્યાં થયો એની પણ એને પૂરી જાણ નથી. બચપણમાં જે કોઈ ગામડામાં એ રહેતો હતો ત્યાંની આજુબાજુની હરિયાળી ભૂમિ, નદીનો કાંઠો, ઘરની એક ગાય પર એક અંધારી રાતે વાઘે મારેલી તરાપ અને એ વાઘ પાછળ ડંગોરો લઈને દોડેલા પિતાની આછી પાતળી યાદ સિવાય બાળવયનું બીજું કોઈ સ્પષ્ટ સ્મરણ તેને નથી. એક દિવસ એનાં નાની ઘેર આવ્યાં ને માબાપે એમની સાથે પોતાના આ પુત્રને મોસાળ મોકલ્યો. ગાડીમાં જ ઘરડાં નાનીમાની તબિયત એકાએક બહુ બગડી જતાં કોઈ સ્ટેશને એને લઇને ઊતરી ગયાં. સવારે એની આંખ ઊઘડી ત્યારે આસપાસ લોકોનું ટોળું એકઠું થએલું જોઈ એ અવાચક થઈ ગયો. નાનીમા એને છોડી પરલોક ઊપડી ગયાં હતાં. કોઇએ એને ખવડાવ્યું, પૂછતાછ કરી, પોલીસ આવી, એની ઓળખ વિષે દોડધામ ચાલી ને અંતે જેને પોતાના વિષે વિશેષ કંઈ ખબર નહોતી એવા પાંચેક વર્ષના આ છોકરાને અંતે અનાથાશ્રમના આશરે મૂકી દીધો. કહે છે કે 'જેનું કોઈ નથી એનો ભગવાન છે.' બીજાની તો ખબર નહિ, પણ આ જગદીપે જીવનમાં જે કંઈ હાંસિલ કર્યું છે તે જોતાં તો લાગે જ કે એ કહેવત ખરી જ છે.

અનાથાશ્રમના ઉછેરમાં એના દિવસો કેવા ગયા હશે એની આપણે તો માત્ર કલ્પના જ કરવી રહી. છએક વર્ષ ત્યાં વીતી ગયાં. એક દિવસ છોકરાઓમાં કંઈ ઝગડો થયો. એમાં એ પણ સામેલ હોવાને કારણે કાચી જેલ મળી. માર પણ ખાવો પડ્યો ને માથું મૂંડાવી એક ઓરડીમાં પૂરી દેવામાં આવ્યા. દોઢેક મહિના પછી છૂટ્યા ત્યારે આશ્રમનું જીવન અકારું થઈ પડ્યું અને બીજા સાતેક છોકરાઓ સાથે એક દિવસ આશ્રમમાંથી એ પણ નાસી છૂટ્યો.

પછીનો એનો અનુભવ એ વાસ્તવિક દુનિયાદારીનો જ અનુભવ છે. નસીબજોગે એક નિઃસંતાન ભલા આદમીએ એને પોતાને ત્યાં નોકરીએ રાખી લીધો, પુત્ર જેમ એને સાચવ્યો. અવારનવાર ખિસ્સાખર્ચી પણ આપતા ને એમાંથી સિનેમા જોવાનો રસ જાગ્યો. શેઠ એ ચસકાથી દૂર રહેવા શિખામણ આપતા, પણ એ ઉંમરે કોને ગમે? એક વાર ગલ્લામાંથી પૈસા ઉઠાવીને પણ ફિલ્મ જોઈ, પરંતુ ધાર્મિક વિષયની એ ફિલ્મમાં બુરાઇનો અંત બૂરો આવતો જોઈ એની આંખ ખૂલી ગઈ. કોઈ પણ ખોટે રસ્તે નહિ જવાનો નિર્ણય કર્યો અને ત્યારથી એણે જીવનમાં જે માર્ગ અખત્યાર કર્યો તેનાં સદ્‌પરિણામ આજે એ ભોગવે છે. આઝાદીપરસ્ત મિજાજને કારણે આપબળે જ જીવન ઘડવા એણે પેલા ભલા માણસનું ઘર પણ છોડયું પછી તો ઘણી વાર ભૂખ્યા પેટે ફૂટપાથ પર સૂવાનું થતું, ને ક્યારેક હોટેલમાં તો ક્યારેક કોઈના ઘરઘાટી તરીકે પણ કામ કર્યું. સામાન્ય ગણાતા લોકોના સારા ને મોટા ગણાતા માણસોના કડવા અનુભવો પણ મળ્યા. અંતે પેલા જૂના ભલા શેઠની ભલામણથી એને આર્કિટેક્ટ શ્રી રમણલાલ કે. ચોકસીની ઑફિસમાં નોકરી મળી ગઈ. અનાથઆશ્રમની નોકરીમાંથી છૂટી થએલી એક પરિચિત ભલી વિધવા સાથે રહેવાની સગવડ પણ થઈ. પોતાનો પગાર એ એને આપી દેતો ને ઘરકામમાં પણ એને મદદ કરતો. પણ એના ઘેરથી ઑફિસમાં નોકરીએ ચાલતા જવાનું બહુ દૂર પડતું એટલે શ્રી ચોકસીએ એને ઑફિસમાં જ રહેવાસૂવાની સગવડ કરી આપી એટલું જ નહિ, એની અંગત જરૂરિયાતો અંગે પણ બંદોબસ્ત કરી આપ્યો. આ ભલા શેઠ અને એમનાં પત્નીએ એને પુત્રવત્ રાખ્યો છે અને આજે પણ એના પ્રતિ એટલી જ મમતા રાખે છે. માબાપની ખોટ એમણે એને કદી વરતાવા દીધી નથી.

અહીંથી એની જિંદગીએ એક નવો જ વળાંક લીધો. એ અરસામાં જ એને ચીતરવાનો નાદ લાગ્યો. કેમ ચીતરવું એનું તો ભાન નહોતું, પણ બજારનાં કામે જતાં એક ગલીમાં સિનેમાની જાહેરાતનાં ચિત્રો ચીતરાતાં જોઈ જોઇને એ પણ નવરાશમાં છાપાના કાગળો પર લીટા કરવા લાગ્યો. એ માટે જોઈતાં રંગપીંછી માટે એ પોતાના ખાવાપીવાના ખર્ચ પર કાપ મૂકી એ પૈસા બચાવતો. શ્રી ચોકસીને આ લગનની જાણ થઈ ગઈ, અને એવામાં એક દિવસ કંઈ કામ અંગે એમની ઑફિસે આવી ચડેલા શ્રી રવિશંકર રાવળને એના વિષે વાત કરી. રવિભાઇએ એને એનું કામ લઈને પોતાને બંગલે આવવા કહ્યું. એ ગયો પણ ખરો, પણ સંકોચનો માર્યો શરબતનો એક ગ્લાસ પીને ત્યાંથી પાછો આવતો રહ્યો. ફરી રવિભાઇએ બોલાવ્યો. પછી તો ધીરેધીરે એનો સંકોચ પણ ઘટી ગયો, ને ત્યાર બાદ તો રોજ વહેલી સવારે એમને ત્યાં પહોંચી જઈ એણે ચિત્રકામની પદ્ધતિસર તાલીમ લેવા માંડી. દિવસે ઑફિસની નોકરી ઉપરાંત રાત્રે નાઈટ સ્કૂલમાં ભણવા માંડયું. સાંજે ગાંધર્વ વિદ્યાલયમાં વાયોલીન શીખવા પણ જવા માંડયું. સાથે





કાગળ-કટાઈના આ નમૂના લગભગ પોણા-ત્રણસો વર્ષ પહેલાંના છે. તેમાં ઉપરની પ્રથમ ફૂલ-છોડની રચનામાં બે પક્ષીઓને ચાતુરીથી બેસાડેલાં છે. વચ્ચેના ચોરસ નમૂનામાં કેન્દ્રમાં ત્રણ કાન તથા ત્રણ જ આંખનો ઉપયોગ કરીને નવ સસલાંનું ચાતુરીભર્યું સુંદર સંયોજન કર્યું છે. જમણી બાજુની કટાઈમાં મથાળે ગણેશ અને તેની નીચે વ્રજ ભાષામાં કાવ્યની કોતરણી કરી છે. કચ્છના મોટી ખાખર ગામમાં ઈ. ૧૭૦૦ના અરસામાં થઈ ગએલા કવિ ઉનડજી જાડેજાએ કરેલી આ કટાઈ એ કાળમાં પોતાની કાવ્ય-શક્તિ સાથે એમણે કેળવેલા કલાકૌશલની દ્યોતક છે. ઉનડજીએ વ્રજ ભાષામાં ૩૪ અને ફારસીમાં ત્રણ ગ્રંથો રચ્યા હતા. તેમાંનો એક 'મેધાડમ્બર' નક્ષત્ર-વિષયક હતો. 'ખુશ્બુ કુમારી' નામની એમની એક રચના પણ સરસ ગણાતી હતી. —સંગ્રાહક: જાડેજા રણજિતસિંહ જોરૂભા–મોટી ખાખર

ફોટોગ્રાફીયે શીખવા માંડી, ને રવિભાઇએ એને સાઈકલ લઈ આપ્યા પછી તો સમયનો પણ બચાવ થવા માંડતાં એણે કલાસાધના વધારી દીધી પરિણામે સી. એન. કલા-મહા-વિદ્યાલયની પરીક્ષાઓ પાસ કરી નાખીને એ જ ગાળામાં રવિભાઇએ સ્વ. ભાઈકાકાના આગ્રહ-થી વલ્લભવિદ્યાનગરમાં ઊભા કરાવેલા 'કલા-કેન્દ્ર'ને ચાલુ રાખવા નોકરી છોડી દઈને દોઢેક વર્ષ ત્યાંની જવાબદારી પણ સંભાળી.

એવામાં જયપુરમાં નવા સ્થપાએલા સવાઈ રામસિંહ શિલ્પકલા મંદિરના સંચાલક કલાકાર કૃપાલસિંહ શેખાવતે યોગ્ય વિદ્યાર્થીઓની માગણી કરતાં રવિભાઇએ એને ત્યાં જવાની

(અનુસંધાન પૃષ્ઠ ૪૦૧)



નીચે: જગદીપે કરેલો સ્વ. શ્રી રવિશંકર રાવળનો એક પેનસિલ સ્કેચ. (વચ્ચે) સોનાના વરખ અને રંગરંગીન નંગ જડિત સ્વામી સહજાનંદનું એક ચિત્ર. એનાં આવાં ચિત્રો મંદિરમાં પૂજા સ્થાને પ્રસ્થાપિત થએલાં છે. જમણી બાજુ ભારતીય ઢબે રંગીન પથ્થર-માટી વગેરેમાંથી બના-વેલા રંગોથી કરેલું એક શોભનચિત્ર.





## દ્વાદશ જ્યોતિર્લિંગ-૧૧: રામેશ્વર

લંકાપતિ રાવણ પુલસ્ત્ય ઋષિનો પૌત્ર તથા વર્ણે બ્રાહ્મણ હતો. એના વધથી લાગેલા બ્રહ્મહત્યાના પાતકના પ્રાયશ્ચિત્ત અર્થે ઋષિ અગસ્ત્યના સૂચનથી રામચંદ્રજીએ ગંધમાદન દ્વીપમાં સમુદ્રતટે જે શિવલિંગ સ્થાપ્યું તે રામેશ્વર. દક્ષિણમાં એને રામનાથ સ્વામી પણ કહે છે. દ્વાદશ જ્યોતિર્લિંગમાંનું એ એક મુખ્ય છે.

રામે એની સ્થાપના માટે સ્વયં શિવજી પાસેથી દિવ્યલિંગ લઈ આવવા હનુમાનને કૈલાસ મોકલેલા, વૃષભ રાશિમાં સૂર્ય, અને હસ્ત નક્ષત્રમાં ચંદ્ર હતો તે જ્યેષ્ઠ સુદ ૧૦ ને બુધવારના ઋષિએ આપેલા મુહૂર્ત સમયે પણ તેઓ પાછા આવી ન શકતાં સીતાજીએ બનાવી આપેલા સમુદ્રરેણુના સૈક્ત લિંગનું પ્રસ્થાપન કર્યું. મોડા પડેલા મારુતિએ આણેલા દિવ્યલિંગની સ્થાપના એની પાસે જુદી કરાવી. પોતાના વિલંબ માટે દુ:ખી થએલા મારુતિના મનના સમાધાન માટે પ્રથમ એમણે આણેલા દિવ્યલિંગની પૂજા થાય એવું વરદાન રામે એમને આપ્યું. એ દિવ્યલિંગ 'વિશ્વનાથ' કે 'હનુમદીશ્વર' નામે ઓળખાય છે.

રામેશ્વરનો ટાપુ ૧૧ મા. લાંબો અને ૭ મા. પહોળો છે અને પંબનની ખાડી પરના રેલમાર્ગે ભારતની તળભૂમિ સાથે જોડાએલો છે. ત્યાંના હાલના રામેશ્વરના વિશાળ મંદિરનો મુખ્ય ભાગ ઈ. ૧૪૧૪માં સેતુપતિ ઉદયિયા અને લંકાના રાજકુમાર પરરાજશેખરે બંધાવેલો. સેતુપતિ રાજવંશના કિરણરાયર, તિરુમલ્લઈ અને દલવઇએ તેનાં ગોપુરો તથા વિસ્તરણનું કાર્ય કર્યું. અને આમ, લગભગ સાડા ત્રણસો વર્ષે આ ભવ્ય સુંદર મંદિર પૂર્ણ થએલું.

ચોપાસ ઊંચા કોટવાળું આ મંદિર તેના વિશાળ વિસ્તાર તથા તેની પ્રલંબ પરશાળોના ઊંચા ભવ્ય સ્તંભોના કારણે અતિ ખ્યાત છે. તેમાં રામલિંગસ્વામી (રામેશ્વર) અને પાર્વતી તથા વિશ્વનાથ અને વિશાલાક્ષીનું સ્થાપન છે. મંદિરના પરિસરમાં ચોવીસ જેટલાં ઉપતીર્થો છે જેમાં સ્નાન કરી ભાવિકો ભીનાં વસ્ત્રે રામેશ્વરનાં દર્શન કરે છે. ગંગાજળના અભિષેકનો અહીં સવિશેષ મહિમા છે. દર શુક્રવારે પાર્વતીની પાલખી, મહાશિવરાત્રીએ દસ દિવસનો મેળો, જેઠ માસમાં રામેશ્વર લિંગપ્રતિષ્ઠાનો ઉત્સવ, આષાઢી મેળો, તથા શ્રાવણમાં પાર્વતીના અને કાર્તિકમાં કાર્તિક સ્વામીનાં લગ્ન તથા વૈશાખમાં વસંતોત્સવ એમ વિવિધ ઉત્સવોથી બારે માસ આ ધામ ધમધમતું રહે છે. યાત્રીઓ અહીં સેતુ માધવના વૈષ્ણવ મંદિરમાં પણ દર્શને જાય છે. —ચંદ્રકાન્ત મો. શુક્લ



# અશ્રુકણી

તમે પોતે જ્યારે મુજ હૃદય-સિંહાસન પરે
બિરાજો છો ત્યારે, પ્રિયતમ પ્રભો ! આટલું ચાહું :
મહારાં કાર્યોમાં, મન વચનમાં ગૌરવ વહું
તમારું સર્વત્રે; બહિર, ભીતરે, અંતરતરે.
—'ઉશનસ્'

## રશબ્રુક વિલિયમ્સ
[૧૮૯૦–૧૯૭૮]

જીવનનાં વિવિધ સાર્વજનિક અને રાજકીય ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા અને કર્મકૌશલથી એક પ્રાધ્યાપક, પત્રકાર, રાજપુરુષ, મુત્સદ્દી પ્રશાસક, કાયદા-પંડિત અને યાત્રાપુસ્તકોના પ્રણેતા તરીકે યશસ્વી બનેલા પ્રોફેસર લૉરેન્સ ફ્રેડરિક રશબ્રુક વિલિયમ્સ અઠયાશી વર્ષની પાકટ ઉંમરે પહેલી ઑક્ટોબર ઈ. ૧૯૭૮ના રોજ હૅમ્પશાયર ઇંગ્લૅન્ડમાં સ્વર્ગસ્થ થયા.

ઑક્સફર્ડ યુનિવર્સિટીમાંથી 'મધ્યયુગ અને આધુનિક યુગનો ઇતિહાસ' વિષય લઈને તેઓ પ્રથમ વર્ગમાં એમ.એ. અને બી. લિટ્.ની પદવીઓ ઉપરાંત અનેક ચન્દ્રકો અને પુરસ્કારો પણ જીત્યા હતા. થોડો સમય તેઓ કૅનૅડાની ક્વીન્સ યુનિવર્સિટીમાં વ્યાખ્યાતા રહીને હિંદ આવીને ૧૯૧૪માં અલ્લાહાબાદ યુનિવર્સિટીમાં આધુનિક ઇતિહાસના પ્રાધ્યાપક નિમાયા હતા. ત્યારથી તેઓ 'પ્રોફેસર' તરીકે સંબોધાતા થઈ ગયા હતા. થોડાં વર્ષ પછી એમણે હિંદ સરકારના કાયદા-વિભાગ અને ગૃહખાતામાં કામ કર્યું. છ વર્ષ સુધી હિંદ સરકારના માહિતી ખાતામાં સંચાલક રહ્યા. પછી વર્ષો સુધી તેઓએ હિંદમાં કચ્છ, પતિયાલા વગેરે અનેક રજવાડાંઓમાં મુખ્ય સલાહકાર અને પ્રતિનિધિ તરીકે કામ કર્યું. બ્રિટિશ અમલ વખતની ચેમ્બર ઑવ પ્રિન્સિઝ— દેશી રાજ્યકર્તાઓના સંઘ 'નરેન્દ્ર મંડળ'ના કર્મસચિવ રહ્યા. ૧૯૩૦–'૩૧માં ભારતની સ્વતંત્રતાની માગણીનો વિચાર કરવા ઇંગ્લૅન્ડમાં મળેલી ગોળમેજી પરિષદ્‌માં હિન્દી રજવાડાંઓના સલાહકાર અને પ્રવક્તા તરીકે લંડન ગયા. દેશી રજવાડાંઓની રાજનીતિ અને બીજાં કાર્યો સાથે વર્ષો સુધી તેમનો પ્રગાઢ સંબંધ રહ્યો હતો.

બીજા વિશ્વયુદ્ધમાં મિત્રરાજ્યો માટે, પ્રથમ તો મધ્ય-પૂર્વીય દેશોની રાજનીતિક પ્રવૃત્તિઓના સલાહકાર તરીકે અને પછી ૧૯૪૧માં બી. બી. સી.ના પૂર્વીય દેશોના વિભાગમાં સંપાદક તરીકે એમણે કીમતી સેવાઓ બજાવી હતી.

અગિયાર વર્ષ પછી પ્રો. વિલિયમ્સ લંડન 'ટાઈમ્સ'ના તંત્રી વિભાગમાં એશિયાઈ દેશોના પ્રશ્નોના વિશેષ લેખક તરીકે જોડાયા. તેઓ ઝડપથી અને સમજપૂર્વક તંત્રીખાતાના નિર્દેશોને ઝીલી લેતા અને બદલાતી પરિસ્થિતિઓ વિષે સારા-સમીક્ષાત્મક લેખો લખતા. એમના ઉપરના ત્રણ તંત્રીઓ એમના કાર્ય વિષે ખૂબ માન ધરાવતા. લેખન ઉપરાંત કલર ફોટોગ્રાફી એમના ખાસ શોખનો વિષય હતો.

'ટાઈમ્સ'માંથી નિવૃત્ત થયા પછી એમણે પોતાનાં પત્ની સાથે ઈઝરાએલ, ભારત અને પાકિસ્તાનની તે તે દેશના સરકારી અતિથિ તરીકે યાત્રાઓ કરી. ઈઝરાએલની પ્રગતિ વિષે એક પુસ્તક પણ લખ્યું. ભારત અને પાકિસ્તાનની યાત્રાઓમાં એમણે પોતાનાં માહિતીપૂર્ણ ભાષણો માટે સારી સામગ્રી ભેગી કરી હતી. કચ્છ દેશના ઇતિહાસ અને દંતકથાઓ વિષે એમનું પુસ્તક જાણીતું અને આકર્ષક છે. એમની બીજી કૃતિઓમાં 'કૉન્કવેસ્ટ ઑવ આર્કિપૅલેગો', 'ભારતની પાર્લમેન્ટ', 'ઇંડિયા અંડર કંપની ઍન્ડ ક્રાઉન', 'પાકિસ્તાન (૧૯૬૨)', 'પૂર્વ પાકિસ્તાન (૧૯૭૨)', પૂર્વ અને પશ્ચિમનું સૂફીઝમ (૧૯૭૩), પાકિસ્તાન–એક ચેલેન્જ (૧૯૭૫) વગેરે વિખ્યાત છે. ત્રણેક વર્ષ પૂર્વે એમણે યાત્રીઓ માટે ભારત, પાકિસ્તાન, નેપાલ, બાંગલાદેશ અને શ્રીલંકા વિષે એક સુંદર ચોપડી લખી છે. લંડન 'ટાઈમ્સ', 'ટાઈમ્સ લિટરરી સપ્લિમેન્ટ', 'એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા', 'એશિયન અફેર્સ' આદિ માટે તેઓ નિયમિત લખતા રહેલા. પ્રોફેસર રશબ્રુક વિલિયમ્સની આ બધી ઉલ્લેખનીય સિદ્ધિઓ પાછળ એમનાં પત્ની ફ્રીડામે નો નિજી સચિવ (પર્સનલ સેક્રેટરી) તરીકેનો નિરંતર સહયોગ ખૂબ ઉપકારક રહ્યો છે. —શંકરદેવ વિદ્યાલંકાર

# દિવંગત

## પ્રો. સી. એમ. કુલકર્ણી

મુંબાઈ વિશ્વવિદ્યાલયમાં ઇતિહાસશાસ્ત્રના પ્રાધ્યાપક અને એ વિભાગના અધ્યક્ષ તથા સંસ્કૃત સાહિત્યના પારદર્શી મનીષી પ્રો. ડૉ. ચિદમ્બર માર્તંડરાવ કુળકર્ણી ૧૯મી જુલાઇએ અક્ષરધામવાસી બની ગયા. તેઓ પ્રાઈમરી સ્કૂલ શિક્ષકના મામૂલી પદેથી પોતાના વિદ્યાવ્યાસંગ અને ગહન ઐતિહાસિક સંશોધનની તપસ્યા વડે યુનિવર્સિટીના પ્રધાન અધ્યાપક સુધીની પ્રતિષ્ઠાને પામી ગયા હતા. તેઓ એક આદર્શ શિક્ષક હોવા ઉપરાંત પ્રાચીન ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિ વિષે ઉત્તમ સાહિત્ય લખી ગયા. મુંબાઈના ભારતીય વિદ્યાભવન તરફથી ભારતીય પ્રજાના ઇતિહાસ ને સંસ્કૃતિ વિષે જે ઉચ્ચ કોટિની ગ્રંથાવલીની રચના કરવામાં આવી છે તેનો સાતમો ખંડ તેમણે લખ્યો છે. કર્ણાટક વિશ્વવિદ્યાલય તરફથી એમને 'ભારતીય સંસ્કૃતિનો વૈદિક આધાર' નામક ગ્રંથ માટે પીએચ. ડી.ની પદવી પ્રદાન કરવામાં આવી હતી.

પૂ. ગાંધીજીની રામરાજ્યની પરિકલ્પના વિષે શોધ કાર્ય કરવા માટે એમને મુંબાઈ વિશ્વવિદ્યાલય તરફથી મહાત્મા ગાંધી રિસર્ચ ફેલોશિપ આપવામાં આવી હતી. —શં. વિ.

## પત્રકાર જી. એન. સાહી

વૃત્તપત્ર-જગતના એક પ્રતિષ્ઠિત પત્રકાર શ્રી ગિરિજાનંદન સાહી ગઈ ૨૧મી સપ્ટેમ્બરે પટણામાં ૬૮ વર્ષની ઉમરે સ્વર્ગસ્થ થયા. તેઓ દેશ-વિદેશનાં અનેક વૃત્તપત્રોનાં સંગઠનો સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવતા હતા. વર્ષો સુધી તેઓ ઈન્ટરનૅશનલ પ્રેસ ઇન્સ્ટિટ્યૂટના સભ્ય હતા.

એમનો જન્મ મુઝફ્ફરપુર (બિહાર)માં ૧૯૧૦માં થયો હતો. ઈ. ૧૯૩૪થી દિલ્હીના સુવિખ્યાત અંગ્રેજી દૈનિકપત્ર 'હિંદુસ્તાન ટાઈમ્સ' સાથે એમનો સંબંધ હતો. ઈ. ૧૯૫૭થી તેઓ તેના મહાપ્રબન્ધક (મૅનેજિંગ એડિટર) અને હિંદી દૈનિક પત્ર 'હિંદુસ્તાન' (દિલ્હી)ના મુખ્ય તંત્રી હતા. પોતાના કાર્યકાલ દરમ્યાન એમણે આ પત્રોની સારી પ્રગતિ સાધી હતી. એમના સમયમાં જ એ સંસ્થાની પોતાની અઢાર માળની ભવ્ય ઈમારત નવી દિલ્હીમાં તૈયાર થઈ હતી.

હિંદુસ્તાન ટાઈમ્સ કંપનીનાં અનેક પ્રકાશનોની વ્યાપકતા અને ગુણવત્તામાં એમનો પણ ફાળો હતો. તેઓ બિહાર ટેક્સ્ટ-બુક પબ્લિશિંગ કૉર્પોરેશન, બિહાર જર્નલ્સ લિમિટેડ–પટણા, અને ન્યુઝપેપર લિમિટેડ–અલ્લાહાબાદના નિર્દેશક હતા. પત્રકાર તરીકે એમણે વ્યાપક વિશ્વ-પરિભ્રમણ કર્યું હતું. તેઓ એક સારા ખેલાડી અને કુશળ ફોટોગ્રાફર પણ હતા. —શં. વિ.

## અંગ્રેજી શબ્દકોશકાર પ્રો. હૉર્નબી

અંગ્રેજી ભાષા શીખવા માટે લાખો અધ્યેતાઓ અને શિક્ષાર્થીઓ જેના શબ્દકોશો માટે ઉપકૃત અને અનુગૃહીત છે એવા વિશ્વ-વિશ્રુત અંગ્રેજી શબ્દકોશકાર પ્રોફેસર આલબર્ટ સિડની હૉર્નબી એંશી વર્ષની ઉમરે ૧૩મી સપ્ટેમ્બરે (૧૯૭૮) લંડનમાં દિવંગત થઈ ગયા. એમના અવસાન પર અંજલિ આપતાં લૉર્ડ ઍનને કહ્યું હતું: 'અંગ્રેજી ભાષાને આંતરરાષ્ટ્રીય-ભાષા તરીકે વિસ્તારવામાં જે સાધના પ્રો. હૉર્નબીએ કરી તેવી કોઇએ કરી નથી. એમના જગદ્વિખ્યાત શબ્દકોશ–ઑાક્સફર્ડ ઍડવાન્સ્ડ લર્નર્સ ડિક્ષનરી ઑાવ કરન્ટ ઇંગ્લિશની આજ સુધી સિત્તેર લાખ નકલો વેચાઇ છે! જે લોકોની માતૃભાષા અંગ્રેજી નથી એવા લોકોને સરલ રીતે અંગ્રેજીના બોધ અને શિક્ષણ માટે એમનો આ શબ્દકોશ વિશ્વમાં અનુપમ પ્રતિષ્ઠા પામ્યો છે.

એમનો જન્મ ૧૮૯૮માં ચેસ્ટરમાં થયો હતો. લંડનની યુનિવર્સિટી કૉલેજમાંથી અંગ્રેજી ભાષા અને સાહિત્યમાં સ્નાતક થઇને ૧૯૨૩માં તે અંગ્રેજી સાહિત્યના અધ્યાપન માટે જાપાન ગયા. ત્યાં એમણે જોયું કે એમના જાપાની વિદ્યાર્થીઓ શેક્સપિયર અને ડિકન્સન સારી રીતે સમજી શકતા હતા, પરંતુ તેઓ અંગ્રેજી બોલવા અને લખવામાં ખૂબ જ નબળા હતા. એમણે પ્રોફેસર હેરૉલ્ડ પામરની મદદ લઇને અંગ્રેજી વાક્યરચનામાં આવતા શબ્દો અને મુહાવરાઓની જુદીજુદી અર્થછાયાઓ સમજાવવા માટે સરલ વાક્યો રજૂ કરીને અર્થ સ્પષ્ટ કરવાની રીત અજમાવી. આ દિશામાં એમણે–Guide to patterns and usage in English (1954) અને Teaching of Structural Words and Sentence patterns જેવાં પુસ્તકો તૈયાર કર્યાં અને પછી એમના કર્તૃત્વની યશકલગી રૂપે ૧૯૪૮માં પૂર્વોક્ત ઍડવાન્સ્ડ લર્નર્સ ડિક્ષનરી બહાર પાડી. એના પ્રથમ સંસ્કરણની બાર આવૃત્તિઓ અને બીજા સંસ્કરણની નવ આવૃત્તિઓ છપાઈ છે.



જી. એન. સાહી



પ્રો. હૉર્નબી

જાપાનથી આવ્યા પછી બ્રિટિશ કાઉન્સિલે પ્રો. હૉર્નબીને પોતાના ભાષાકીય સલાહકાર તરીકે ઇજિપ્ત અને ઈરાનમાં મોકલ્યા. થોડા સમય પછી એ લંડન ગયા અને એમણે 'ઇંગ્લિશ ટીચિંગ જર્નલ' નામના ત્રૈમાસિક પત્રનું સંપાદન શરૂ કર્યું. એ સામયિકનાં પ્રારંભિક વર્ષો દરમ્યાન એના એકમાત્ર લેખક એ પોતે હતા. તેઓ જુદાં જુદાં નામોથી તેમાં ભાષાશિક્ષણની રીતિઓ સમજાવતા. પછી તો આ સામયિક ઑાક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસમાંથી પ્રસિદ્ધ થવા લાગ્યું અને એમાં માઇકેલ વેસ્ટ, આઈ. એ. રિચાર્ડ્સ, હૅરૉલ્ડ પામર, ઈ. વી. ગેટનબી તથા રોઝર કિંગડન જેવા આંગ્લભાષા વિશારદો લેખો લખવા લાગ્યા.

ત્યાર બાદ પ્રો. હૉર્નબી ઑાક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસમાં પૂર્ણ સમયના લેખક અને સંપાદક તરીકે કામ કરવા લાગ્યા. એમણે ઈરાક માટે અંગ્રેજી શીખવાની ચોપડી તૈયાર કરી આપી. પોતાની ભાષાકીય રચનાત્મક પ્રવૃત્તિઓને ઉપકારક બનાવવા માટે પશ્ચિમ એશિયા, દક્ષિણ અમેરિકા, આફ્રિકા, જાપાન, બ્રહ્મદેશ, ભારત અને પાકિસ્તાન આદિ દેશોની એમણે અનેક શિક્ષણ યાત્રાઓ કરી હતી. પૂર્વોક્ત શબ્દકોશ ઉપરાંત એમણે એના કરતાં જરા નાના પણ વૈવિધ્યપૂર્ણ અનેક અંગ્રેજી શબ્દકોશોનું નિર્માણ કરી અંગ્રેજીના શિક્ષાર્થીઓનો માર્ગ સરળ કરી આપ્યો છે—જેમ કે ઍન ઇંગ્લિશ રીડર્સ ડિક્ષનરી, ઑાક્સફર્ડ સ્ટુડન્ટ્સ ડિક્ષનરી ઑાવ કરન્ટ ઇંગ્લિશ વગેરે.

પોતાના આવા અતિ લોકપ્રિય શબ્દકોશોની રૉયલ્ટી વડે પ્રો. હૉર્નસી માતબર કમાણી કરી શક્યા હોત, પરંતુ ૧૯૬૧માં એમણે એક શૈક્ષણિક ટ્રસ્ટ બનાવીને પોતાની રૉયલ્ટીઓનો મોટો ભાગ એ ટ્રસ્ટને સોંપી દીધો હતો. જેના વડે વિકાસમાન દેશોના શિક્ષાર્થીઓ ઇંગ્લૅન્ડ આવીને વધુ અધ્યયન કરી પાછા સ્વદેશ જઈ ત્યાંના શિક્ષકોને સરલતાથી અંગ્રેજી શીખવી શકે. પ્રો. હૉર્નબીના પોતાના જ શબ્દોમાં કહીએ તો: 'To have the money used for Education and go back to the countries from which it comes.'

એમની એંશી વર્ષની જયંતી પ્રસંગે એમના માનમાં એક અભિનંદન-ગ્રન્થ પ્રસિદ્ધ થયો છે. એમની વિદ્વત્તા અને અવિરત સાધનાના સન્માનમાં ઑાક્સફર્ડ યુનિવર્સિટીએ એમને ડૉક્ટરેટની પદવી આપી હતી ને લંડન યુનિવર્સિટીએ એમને ફેલોશિપ (વરીય સદસ્યતા) આપેલી. તેઓ ખૂબ જ વિનયી ને શાલીન ગૃહસ્થ હતા. એમના છાત્રો ને મિત્રો એમના પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા ને પ્રીતિ ધરાવે છે. —શં. વિ.

## બૈરૂત

જ્યાં ખ્રિસ્તી અરબો અને મુસ્લિમ અરબો વચ્ચે ત્રણ વર્ષથી ખૂનખાર લડાઈઓ લડાતી આવી છે એવા લબનાનના પાટનગર બૈરૂતમાં લબનાનની પાંચમા ભાગની વસ્તી વસે છે. ભૂમધ્ય સમુદ્રના કાંઠે અને




સુંદર ડુંગરમાળાની ઓથે વસેલું અને કુદરતી બારું ધરાવતું આ પાટનગર ઘણું જૂનું છે. કંઈ નહિ તો ૩,૫૦૦ વર્ષ પહેલાં જ્યારે આર્યો ભારતમાં આવ્યા ત્યારે ભૂમધ્યના કાંઠે બૈરૂત. વહાણવટી ફિનીશિયન પ્રજાનું એક મુખ્ય બંદર હતું. રોમન ભૂગોળવેત્તા સ્ટ્રાબોએ લખ્યું છે કે ઈ. સ. પૂર્વે ૧૪૦માં રોમનોની લડાઈમાં બૈરૂતનો નાશ થયો હતો. રોમન સમ્રાટ ઑગસ્ટસના સૈન્યે ઈ. સ. પૂર્વે ૧૫માં બૈરૂતને પોતાનું લશ્કરી સંસ્થાન બનાવ્યું હતું. રોમન શાસનમાં બૈરૂતને ભવ્ય ને સુંદર ઈમારતો મળી હતી. તેમના અવશેષો પચાસ વર્ષ પહેલાં મળી આવ્યા છે.

બાઇઝેન્ટાઈન રોમન સામ્રાજ્ય દરમ્યાન બૈરૂત એક વિદ્યાધામ પણ હતું. રોમ અને કૉન્સ્ટન્ટિનોપાલ (ઈસ્તંબુલ) કરતાં બૈરૂતનાં વિદ્યાધામો વધુ પ્રખ્યાત હતાં. ઈ. સ. ૫૫૧માં એક ભયંકર ભૂકંપે બૈરૂતનો ઘણો નાશ કર્યો, તે પછી તેને પોતાની ભવ્યતા પાછી મળી નહિ. ઈ. સ. ૬૦૦માં બૈરૂતની ભવ્ય ઈમારતો ખંડિયેર દશામાં પડી હતી. અને રોમન સ્થાપત્યના ભવ્ય સ્તંભોના ટુકડા વહાણોમાં નીરમ તરીકે વપરાતા હતા. ઈ. સ. ૬૩૫માં સીરિયામાંથી અરબોએ બૈરૂતનો કબજો કર્યો.

ખ્રિસ્તી યુરોપ અને મુસ્લિમ તુર્કો તથા અરબો વચ્ચેના વિગ્રહોમાં ઇજિપ્તના દરિયાઈ કાફલાએ ઈ. સ. ૧૧૫૧માં બૈરૂતને લૂંટ્યું હતું. એ ધર્મયુદ્ધો દરમ્યાન ખ્રિસ્તી યુરોપના લોકોએ જેરૂસાલેમમાં ખ્રિસ્તી રાજ્ય સ્થાપ્યું હતું, પરંતુ ઈ. સ. ૧૨૯૧માં મુસ્લિમોએ તેનો નાશ કર્યો તે પછી બૈરૂત મુસ્લિમોના હાથમાં આવ્યું. તેની ઉપર પહેલાં ઇજિપ્તના મામેલૂક સુલતાનોનું અને તે પછી ડ્રુઝ અમીરોનું અને પછી ઈ. સ. ૧૫૧૭થી તુર્કોનું રાજ આવ્યું. ડ્રુઝ અમીરોના સૌથી પ્રખ્યાત ફખ્ર એદ-દીન (૧૫૭૨-૧૬૩૫) હતો જેણે તુર્કોથી સ્વતંત્ર થઇને બૈરૂતને પોતાની રાજધાની બનાવી અને તેની કિલ્લેબંધી કરી તેનો વેપાર વધાર્યો. પરંતુ ઈ. સ. ૧૭૬૩માં અને ફરીથી ૧૭૮૯માં તુર્કોએ બૈરૂત જીતી લીધું.

પહેલા વિશ્વવિગ્રહમાં તારીખ ૮-૧૦-૧૮ના રોજ બ્રિટિશ અને આરબ દળોએ બૈરૂત ભંગાર દશામાં કબજે કર્યું અને લબનાનનું રાજ્ય સ્થાપી તેને પાટનગર બનાવ્યું. આમ કંઈ નહિ તો ૩,૫૦૦ વર્ષના લાંબા ઇતિહાસ દરમ્યાન બૈરૂતે ઘણી ચડતીપડતી જોઈ છે. ભારત અને પશ્ચિમ વચ્ચે વિમાની પ્રવાસ કરનારાઓમાંથી ટૂંકા વિસામા દરમિયાન બૈરૂત જોયું હશે. પરંતુ આજે બૈરૂતનું સૌંદર્ય આગ, લોહી, ધુમાડા ને પ્રજાની યાતનાઓ વડે ખંડિત થયું છે. (જનશક્તિ) —વિજયગુપ્ત મૌર્ય



## ગોળના ચાર પ્રયોગો

આયુર્વેદની અનેક વિશેષતાઓમાં એક વિશેષતા છે એના સરળ, ઘરગથ્થુ પ્રયોગો. સામાન્ય લાગતા, રોજિંદા વપરાશના, સરળ, સુલભ, સસ્તાં દ્રવ્યો પણ અનેક વાર ઉત્તમ ઔષધની ગરજ સારે છે. આપણી સર્વપરિચિત સૂંઠ એ આધુનિકોના મોંઘા, અપરિચિત, કૃત્રિમ, શરીર પર માઠી અસર કરનારાં ઔષધો કરતાં ગુણની દૃષ્ટિએ અનેક ઘણી ચડિઆતી છે. જેનાથી આપણે શુભ પ્રસંગે ગળ્યું મોં કરીએ છીએ એવા ગોળના પ્રયોગો : (૧) પ્રથમ પ્રયોગ છે 'આમ' માટે. જેમને શરીરમાં કાચો રસ ઉત્પન્ન થતો હોય એવા દર્દીએ તેલ, ઘી, મીઠાઈ જેવા ચીકણા, ભારે પદાર્થો ત્યજી દઇને આ પ્રયોગ કરવો. સૂંઠનું ચૂર્ણ અને ગોળને સરખા વજને લઇને સારી પેઠે કૂટી, ખાંડીને સોપારી જેવડી ગોળી બનાવવી. આવી એક ગોળી સવારે ખાલી પેટે ચાવી જવી; એક ગોળી સાંજે પાંચ વાગ્યે ચાવી જવી. આ પ્રયોગ ઉત્તમ આમનાશક છે. (૨) જેમને પચતું ન હોય અને અજીર્ણ રહેતું હોય એમણે એક ટંક ખોરાક છોડી દેવો. પછી શેકેલું, બાફેલું, હલકું ખાવાનું રાખવું. ગોળ ને લીંડીપીપર સરખા ભાગે લઈ ખાંડી, એકરસ કરી. એની ચણા જેવડી ગોળી બનાવી. સવારે, બપોરે, સાંજે બે બે ગોળી પાણી સાથે ગળવી. (૩) જેમને પેશાબ ટીપે ટીપે અને કષ્ટ સાથે આવતો હોય એમને માટે આ રહ્યો ત્રીજો પ્રયોગ: ગોળ અને જીરું સરખા ભાગે ખાંડી, લસોટી કૂટી એકરસ કરી સોપારી જેવડી ગોળી બનાવવી. સવારે સાંજે એક એક ગોળી ચાવી જવી. ખોરાક હલકો લેવો. (૪) છેલ્લો પ્રયોગ છે હરસ-મસા (પાઈલ્સ)ના દર્દીઓ માટે. ગોળ અને હરડે સરખા ભાગે લઈ ઉપર પ્રમાણેની વિધિથી તૈયાર કરીને એની સોપારી જેવડી ગોળી બનાવવી. સવાર સાંજ ખાલી પેટે એક એક ચાવીને પાણી સાથે ગળી જવી. ખોરાક હલકો, તેલ વગરનો, બાફેલો, શકેલો ખાવો. (જનશક્તિ) —લાભશંકર ઠાકર

## ભાવનગર જિલ્લામાં કૃત્રિમ વરસાદનો પ્રયોગ


આ વર્ષે ભાવનગર જિલ્લામાં તા. ૨૮, ૨૯, ૩૦ ઑગસ્ટ તથા ૧૭ સપ્ટે. પહેલી જ વાર કૃત્રિમ વરસાદ માટેનો પ્રયોગ હાથ ધરાયો હતો, જેમાં એકંદરે ઠીકઠીક સફળતા મળી. આ દિવસોમાં વરસાદી વાતાવરણ હોવાથી કૃત્રિમ વરસાદ માટે તે અનુકૂળ હતું, એટલે પ્રયોગના પરિણામે કેટલેક સ્થળે ઝરમર વરસાદ તેમજ ઝાપટાં પડયાં હતાં.

કૃત્રિમ વર્ષાના આ પ્રયોગમાં ગુજરાત એગ્રો-ઈન્ડસ્ટ્રીઝ કૉર્પોરેશનના ડાકોટા વિમાન દ્વારા વાદળોમાં સોડિયમ ક્લોરાઈડ તથા સૉફ્ટ સ્ટોન ૯:૧ના પ્રમાણમાં છાંટવામાં આવ્યાં હતાં. આકાશમાં હજાર ફૂટની ઊંચાઇએ જઈ વાદળાની અંદર તેમ જ ઉપરથી મિનિટે દસ કિલોગ્રામ જેટલાં રસાયણોનો છંટકાવ કરાય છે, અને એકંદરે એક દિવસમાં હજાર કિલોગ્રામ જેટલું રસાયણ છાંટવામાં આવે છે.

રસાયણ છાંટતાં પહેલાં હવામાંનો ભેજ, વાદળાંની ઘનતા વગેરે અનુકૂળતા તપાસી વાદળાં વચ્ચે જઇને તેમ જ ક્યારેક તેની ઉપરથી છંટકાવ કરવામાં આવે છે. ભેજવાળું હવામાન અને વાદળાં હોય તો રસાયણ છાંટવાથી હવામાંનો ભેજ વધુ ઠંડો પડીને વરસાદ પડી શકે છે તથા વરસાદ સાધારણ પડતો હોય તો તેને વેગ મળી શકે છે. વાદળાં વચ્ચે જઇને તેમ જ ક્યારેક તેની ઉપરથી વરસાદ માટે એકંદરે કુદરતી વાતાવરણ મહત્ત્વની બાબત છે, છતાં રાસાયણિક પ્રક્રિયાથી તેને વેગ મળે છે તેમ કૃત્રિમ વર્ષાના આ પ્રયોગથી કહી શકાય. —'યોજના'માંથી

---

**ટિકિટ-સંગ્રહ** ઈઝરાએલની આ ચારટપાલટિકિટના સેટમાં ત્યાંની રેલવેનાં ચાર ઍન્જિનો રજૂ કર્યાં છે. વિષયમાં નવીનતા નથી, પણ એની રજૂઆતમાં વાસ્તવિક આલેખન સાથે સરળતા, સચોટતા અને સૂર્ય તથા ધુમાડાના વળાંકો દ્વારા એનું સુંદર કલામય આલેખન કર્યું છે. ટપાલટિકિટ જેટલા બહુ નાના વિસ્તારમાં માત્ર રેખાઓ દ્વારા એ ઍન્જિનોની સાથે પશ્ચાદભૂમાં જે દશ્યો નિરૂપ્યાં છે તથા તેનાં બહુ યોગ્ય સ્થાને ચાતુરીથી જે લખાણ સમાવ્યું છે તે ચિત્રકલાના વિદ્યાર્થીઓને પાઠ રૂપ છે.



# આ માસના આકાશમાં




ઉત્તર આકાશમાં પૂર્વથી વાયવ્ય તરફ આડી ફેલાએલી આકાશગંગાના પટમાં હાલમાં દેખાતાં તારામંડળો આમ તો આપણાં ઠીકઠીક પરિચિત છે. એમાં એક વધુ ઉમેરાતા જતા 'બ્રહ્મમંડળ (Auriga)નો વિગતે પરિચય આપણે આ વર્ષે માર્ચ અંકમાં કર્યો છે. એમાંના મુખ્ય તારા 'બ્રહ્મહૃદય' (Capella) અથવા 'બકરી' ને તેની બાજુમાં ત્રિકોણાકારે ગોઠવાએલાં એ બકરીનાં ત્રણ લાવરાં (બચ્ચાં–the Kids) ને, તથા 'ગાલવ' (Menkalinan), 'પ્રજાપતિ' (Theta Aurigue), 'અગ્નિ' (El Nath)ને પણ આપણે ઓળખીએ છીએ. 'વૃષપર્વા' (Cepheus), 'શર્મિષ્ઠા' (Cassiopeia), 'દેવયાની' (Andromeda), 'યયાતિ' (Perseus), 'ત્રિકોણ' (Triangulum), 'અશ્વિની' (Aries), શરટ (Lacerta) વગેરે અન્ય તારામંડળો પણ ઓળખીએ છીએ.

યયાતિમાં અલ્ગૂલ (Algol) તારો એ પર્સીઅસે જે રાક્ષસી મેડુસાનો વધ કર્યો હતો તેનું મસ્તક મનાય છે. અલ્ગૂલ ગ્રહણવર્તી યુગ્મતારો છે અને તેના તેજની વધઘટ બહુ નિયમિત રીતે થાય છે. અલ્ગૂલના બંને સાથી તારા એકબીજાથી ૧૩૦ લાખ માઈલ દૂર છે. એ બેમાંનો જે વધુ તેજસ્વી તારો છે તે આપણા સૂર્ય કરતાં કદમાં ત્રણ ગણા વ્યાસવાળો છે ને બીજો ઓછો તેજસ્વી લાગતો તારો તો એનાથી યે મોટો છે. ૨ દિવસ અને ૧૩॥ કલાક સુધી અલ્ગૂલનું તેજ એકધારું દેખાયા પછી એકદમ ઘટતું જઇને ૩॥ કલાકમાં એ બહુ ઝાંખો દેખાવા લાગે છે. પાએક કલાક તેની આ પરમ તેજોહાનિ એકસરખી રહી ફરી ધીરેધીરે એનું તેજ વધતું જઇને પછીના ૩॥ કલાકમાં તે પુનઃ મૂળ તેજસ્વિતા ધારણ કરી લે છે. ફરી ૨ દિવસ અને ૧૩॥ કલાક પછી પાછું તેનું તેજ ઘટવા લાગે છે. તેનો આ તેજોવિકાર નિયમિત છે.

'બ્રહ્મહૃદય' પણ યુગ્મતારો છે. ચળકતા પીળા રંગનો દેખાતો આ તારો સૂર્ય જેવો છે, પણ તેની તેજસ્વિતા સૂર્ય કરતાં ૧૩૦ ગણી છે. એ બંને સાથીતારા સૂર્ય ને પૃથ્વીની વચ્ચે છે તે કરતાં યે ઓછા અંતરે એકબીજાથી દૂર રહીને એક સામાન્ય ગુરુત્વકેન્દ્રની આસપાસ દર ૧૦૪ દિવસે એક ચક્કર પૂરું કરે છે. 'બ્રહ્મહૃદય' આપણાથી ૪૭ પ્રકાશવર્ષ દૂર છે ને દર સેકંડે ૨૯ કિ. મી.ના વેગે વધુ ને વધુ દૂર સરતો જાય છે.

'યયાતિ'ની દક્ષિણે દેખાતું કૃત્તિકા' (Pleiades)નું તારાગુચ્છ તો બહુ જાણીતું છે. છૂટાછવાયા સેંકડો તારાઓના આ ઝૂમખામાંથી જો નજર તેજ હોય તો નરી આંખે યે છએક તારા સ્પષ્ટ અને આંખ ખેંચીને જોઈ શકાય તો સાતમો એક ઝાંખો તારો જોઈ શકાય છે. ગ્રીક કલ્પના પ્રમાણે પૃથ્વીને પોતાની કાંધ પર ધારણ કરી રહેલા ઍટલાસની આ સાત પુત્રીઓ છે. આપણે સાતે ય ને નામ આપેલાં છે. વર્ષયંતિ, દુલા, ચુપૂણિકા, મેઘયંતિ, અભ્રયંતિ, તિતિસ્રી, અને અંબા. આમાંનાં પ્રથમ છ નામ અપ્સરાઓનાં છે. પ્રાચેતસ દક્ષે સોમને આપેલી સત્તાવીશમાંની એક કન્યાનું નામ 'કૃત્તિકા' છે. આપણી જૂની નક્ષત્રગણના પ્રમાણે ૨૭માંનું કૃત્તિકા બીજું નક્ષત્ર છે. —બિ. ટાં.

## તાંબાના ઘડાનું પાણી

આપણા દેશમાં પાણી ભરવા માટે તાંબાનાં વાસણોનું ચલણ વરસોથી ચાલ્યું આવ્યું છે. તેની પાછળ એક એવી માન્યતા પ્રચલિત છે કે તાંબાના વાસણમાં રાખેલું પાણી આરોગ્યપ્રદ છે. આજે હવે જે વૈજ્ઞાનિક પુરાવા સાંપડે છે તે પરથી લાગે છે કે આપણા બાપદાદા ખોટા નહોતા.

હમણાં નાગપુરની વિશ્વેશ્વરૈયા એન્જિનીઅરિંગ કૉલેજ મારફત થએલ સંશોધનમાં જણાયું છે કે ચોખ્ખા, ચળકતા તાંબાના વાસણમાં પાણીને જો ૨૪ કલાક સુધી રાખવામાં આવે, તો તેમાં રહેલ સૂક્ષ્મ જીવાણુઓ બધા નાશ પામે છે તથા કોલીફોર્મ જીવાણુઓનું પ્રમાણ બે હજાર પરથી શૂન્ય પર આવી જાય છે. તાંબાના આયન–વીજભારવાળા પરમાણુ પાણી સાથે મળીને આવી રાસાયણિક પ્રક્રિયા જન્માવે છે.

આમ, પાણીને જંતુરહિત બનાવવા માટે આ એક ઘણી સાદી, સરલ ઘરગથ્થુ પદ્ધતિ છે. આ પદ્ધતિ અચૂક પરિણામ આપનારી છે. માત્ર જોવું એટલું જોઈએ કે પાણી અત્યંત ગંદું ન હોય, તાંબાનું વાસણ ચકચકાટ થાય એટલી હદે માંજેલું હોય તથા ફટકડી કે બીજી કોઈ એસિડયુક્ત વસ્તુ પાણીમાં નાખેલી ન હોય.

સ્ટેઈનલેસ સ્ટીલના મૉડર્ન આક્રમણને લીધે હડધૂત થઈને હડસેલાઈ ગએલ તાંબાના ઘડા, લોટા, તાંબાકૂંડી ફરી વસાવવામાં જ અદ્યતન વૈજ્ઞાનિક દષ્ટિ રહેલી છે એમ આના પરથી નથી લાગતું?

('મેડિકો ફ્રેન્ડ સર્કલ બુલેટિન'ના આધારે 'ભૂમિપુત્ર'માં)

## ગણિત-ગમ્મત

બે જુદી જુદી ધારેલી રકમો શોધી કાઢવાની એક રમત.

(૧) તમારા મિત્રને કોઈ પણ એક રકમ (અ) ધારવાનું કહો. અને તેને બીજી કોઈ ધારેલી રકમ (બ)થી ગુણવા કહો. જે જવાબ આવે તેમાં પ્રથમ ધારેલી (અ) રકમની અર્ધી સંખ્યા ઉમેરવા કહો. જે સરવાળો આવે તેમાંથી મૂળ ધારેલી બંને રકમનો સરવાળો બાદ કરવા કહો અને જે જવાબ આવે તેને ધારેલી બીજી રકમ (બ)થી ભાગવાનું કહો, અને આવે તે જવાબ જણાવવા કહો. (૨) હવે ઉપર પ્રમાણે જે જવાબ આવ્યો તેમાંથી મૂળ ધારેલી બંને રકમોનો સરવાળો ફરી બાદ કરવા કહો અને જે જવાબ આવે તે પ્રથમ ધારેલી રકમમાંથી બાદ કરાવો અને જવાબ જાણો.

ઉપર પ્રમાણે પહેલી વખત (૧ નો) જે જવાબ આવ્યો તેમાં ૧ ઉમેરીને બેથી ભાગશો તો મૂળ પહેલી ધારેલી રકમ (અ) આવશે, અને બીજી વખતે (૨ પ્રમાણે) જે જવાબ મળે તેમાંથી ૧ બાદ કરવાથી બીજી ધારેલી રકમ (બ) આવશે. દા. ત. પહેલી ૭ અને બીજી રકમ ૯ ધારી છે. તો ઉપર (૧) અને (૨) પ્રમાણે–

(૧) ૭×૯ = ૬૩ + ૭/૨ = ૬૬·૫ × ૨ = ૧૩૩–(૭+૯) ૧૧૭
૧૧૭ ÷ ૯ = ૧૩......(૧) = ૧૩

(૨) ૧૩–(૭+૯) = –૩, ૭—(–૩) = ૧૦.
(૧૩ + ૧) ÷ ૨ = (૧૩+૧)/૨ = ૭ પહેલી ધારેલી રકમ.
૧૦–૧ = ૯ બીજી ધારેલી રકમ. —કિશોર ગોરધનદાસ

# આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં

'નૉવેમ' એટલે નવ. માર્ચથી શરૂ થતી જૂની રોમન વર્ષગણના પ્રમાણે આ માસ નવમો આવતો એ પરથી એનું નવેમ્બર નામ પડયું. જૂના સમયમાં આ માસની ૧૧મી તારીખ એ શિયાળો બેસવાની તારીખ તરીકે ઉજવાતી અને આ માસથી શિયાળુ પવન ફૂંકાવો શરૂ થવાને કારણે ઍંગ્લો સેક્સનો તેને 'વિન્ડ મૉનાથ' એટલે કે વિન્ડ મન્થ – પવનનો માસ કહેતા.

**તા. ૧/૧૯૫૪** ભારતમાંની ફ્રેંચ વસાહતો પોંડિચેરી, ચંદનગર વગેરે ૧૪૦ વર્ષે મુક્ત થઈ તેનો વહીવટ ભારત સરકારને સોંપાયો.

**તા. ૬/૧૮૧૭** ઈ. ૧૭૫૬માં મોમીનખાન પાસેથી જીતેલા અમદાવાદ પર મરાઠાઓનો રગશિયો અમલ ચાલતો હતો. ઈ. ૧૭૭૯ના ફેબ્રુઆરીમાં જનરલ ગૉડાર્ડની સરદારી નીચે બ્રિટિશ લશ્કરે અમદાવાદ પર છાપો મારેલો, પણ પછી તે મરાઠાઓને પાછું સોંપાએલું. અંતે ૧૮૧૭ની ૬ઠ્ઠી નવેમ્બરે બ્રિટિશ ગવર્નર જનરલે ફતેહસિંહરાવ ગાયકવાડ સાથે સંધિ કરીને અમદાવાદ પર કબજો મેળવ્યો અને મિ. ડનલોપ તેના પહેલા કલેકટર નિમાયા. લગભગ એક સૈકાની મરાઠા સમયની અંધાધૂંધીમાં શહેરની જાહોજલાલીનો જે નાશ થએલો તેનાં હવે વળતાં પાણી થયાં અને તેના આધુનિક વિકાસનો આરંભ થયો.

**તા. ૭/૧૬૬૫** ઈંગ્લૅન્ડનું ને અંગ્રેજી ભાષાનું સૌથી પહેલું સમાચાર પત્ર 'લંડન ગૅઝેટ' પ્રકટ થયું.

**તા. ૯/૧૯૪૭** સૌરાષ્ટ્રના બાબી રાજ્ય જૂનાગઢનો આરઝી હકૂમત તળે હિંદી લશ્કરે કબજો લીધો.

**તા. ૧૨/૧૮૪૧** વાઢકાપમાં સહાયક બેહોશીની દવા કલૉરોફૉર્મનો પ્રથમ પ્રયોગ થયો.

**તા. ૧૫/૧૯૨૦** ગુજરાતમાં બુનિયાદી તાલીમના કેન્દ્ર સમી ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના.

**તા. ૧૭/૧૯૨૮** અંગ્રેજોના લાઠીમારમાં સખત ઘવાએલા લાલા લજપતરાયનું અવસાન.

**તા. ૧૯/૧૮૦૫** સુએઝની નહેર બાંધનાર ફ્રેંચ ઈજનેર ફર્ડિનાન્ડ દ લેસેપ્સનો જન્મ. એણે બાંધેલી એ નહેરમાંથી પહેલું જહાજ પણ ઈ. ૧૮૬૯ની આ જ માસની ૧૭મી તારીખે પસાર થઈ એ જલમાર્ગના ઉપયોગનો આરંભ થયો હતો.

**તા. ૨૦/૧૯૧૦** સર્વ કળાઓમાં જીવનોત્કર્ષના સાધનના દ્રષ્ટા સાહિત્યર્ષિ ટૉલ્સ્ટૉયનું અવસાન.

**તા. ૨૩/૧૫૧૧** અહમદાબાદ–આજના અમદાવાદના સ્થાપક અહમદશાહ સુલતાનનો પૌત્ર મહમદ બેગડો બાવન વર્ષ રાજ્ય કરી અવસાન પામ્યો. એણે ચાંપાનેર ને જૂનાગઢ જેવા દુર્ગમ કિલ્લાઓ સર કરી ગુજરાતની સલ્તનત મારવાડ–મેવાડથી કોંકણ સુધી અને માળવાથી સૌરાષ્ટ્રની પશ્ચિમ કંઠાર સુધી વિસ્તારી હતી. બાગબગીચાનો એ શૉખીન હતો. એના સમયમાં ગુજરાતમાં હિન્દુ–મુસ્લિમ શૈલીના ઐક્યવાળી આગવી વિખ્યાત સ્થાપત્ય રચનાઓ થઈ હતી. હિન્દમાં ઘૂસતા જતા વલંદાઓને હાંકી કાઢવા એણે છેક તુર્કસ્તાન સુધી સહકાર સાધીને યુરોપના રાજકારણમાં પણ પોતાની હાક બેસાડી હતી.

**તા. ૨૫/૧૭૫૯** ચિન્સુરા નજીક બીદેરા મુકામે વલંદાઓને હરાવીને અંગ્રેજોએ એમનો પગદંડો હિંદમાંથી ઉખાડી મૂકયો.

**તા. ૨૭/૧૦૦૧** લાહોરના હિંદુ રાજા જયપાલનો પરાભવ. હારૂન–અલ–રશીદના અવસાન પછી મધ્ય એશિયામાંથી ફૂટી નીકળેલાં નવાં રાજ્યોની માફક તુર્ક ગુલામ સબક્તગીને પણ ગઝની અને કંદહારની આસપાસ પોતાનું એક રાજ્ય સ્થાપ્યું, અને તેને વૈભવથી શણગારવા પડોશના સમૃદ્ધિશાળી હિન્દુસ્તાનને લૂટવા ચડાઈ કરી. લાહોરના હિંદુ રાજા જયપાલે તેને કાબુલ પાસે અટકાવ્યો હતો. એ સબક્તગીનના પુત્ર મહમદ ગઝનીએ તખ્તનશીન થતાં જ હિંદ લૂટવા સવારી કરી. જયપાલે એને પણ પેશાવરમાં અવરોધ્યો, પરંતુ સૈન્યની અશિસ્તના કારણે પોતાના બે પુત્રો સહિત એ કેદ પકડાયો. પાછળથી એના બંને પુત્રોને બાનમાં રાખીને ખંડણી ભરવાની શરતે મહમદે જયપાલને છોડયો. પરંતુ પરાભવથી નિરાશ થએલા જયપાલે શરમના માર્યા અગ્નિપ્રવેશ કરી આપઘાત કર્યો. પરદેશથી હિંદ લૂટવા આવતા આક્રમકો સામે ઝઝૂમનાર લાહોરનો એ છેલ્લો હિંદુ રાજા. જતાં પછીનાં પચ્ચીસ વર્ષમાં સત્તર વાર હિંદ પર ચડી આવીને મહમદે અઢળક સંપત્તિ લૂટી હતી.




પીઠાવાળો: ચાલ્યો કયાં? શરાબનું બિલ તો ચૂકવતો જા.

શરાબી: 'શું બોલ્યો?

પીઠાવાળો: બૉટલનું બિલ ચૂકવતો જા.

શરાબી: તેં એનું બિલ ચૂકવ્યું હતું?

પીઠાવાળો: હા, આપ્યું હતું.?

શરાબી: તો પછી હું શેનો આપું? એક જ માલનું બિલ બે જણ ચૂકવે?

ꟷ

એક મોટર ઍક્સિડેન્ટમાં એક રાહદારીને સારીપેઠે વાગ્યું. ડ્રાઈવર પર ચાલેલા કેસમાં જજે ચુકાદો આપ્યો કે ઇજા પામેલા માણસને વળતર રૂપે પાંચસો રૂપિયા આપવા.' તેના વકીલે તેને સો રૂપિયા આપતાં કહ્યું: 'મેં મારી ફીના પૈસા કાપી લીધા છે. બાકીની આ રકમ તમારી છે.' ઈજા પામેલો માણસ ખમચાઇને વકીલની સામે જોવા લાગ્યો. એટલે વકીલે પૂછ્યું: 'કેમ સંતોષ ન થયો? શું વિચારો છો?'

પેલો બોલ્યો: 'હું એમ વિચારું છું કે ઈજા કોને થએલી—મને કે તમને?'

પત્ની: તમારી મૂર્ખાઇનો પાર નથી.

પતિ: તેની શરૂઆત હું તારી સાથે પરણ્યો ત્યારથી કરી!

એક મિત્ર: મારી પત્ની ઘણા મોટા કુટુંબમાંથી આવી છે.

બીજો મિત્ર: પણ મારી પત્ની તો મોટું કુટુંબ સાથે લઇને જ આવી છે.




(જનસત્તામાં સ્વ. 'શિવ')

મર્દની મોકાણમાં જાવું ભલે, કાયરોની જાનમાં ચડવું નથી;
મોતની મુસ્કાન મીઠી માણશું, જિંદગીમાં જીવવા રડવું નથી.
—મકરન્દ દવે—

મુંબાઈના શાહ વેપારી સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસને કારકિર્દીની શરૂઆતમાં પેઢીની કરાચીની શાખામાં મુખ્ય માણસ તરીકે મોકલ્યા ત્યારે ત્યાં આખા રૂ બજારમાં સારા રૂ સાથે રાશી રૂ ભેળવીને વેચવાનો રિવાજ હતો. પુરુષોત્તમદાસે આનો વિરોધ કરતાં જૂના માણસોએ દાદ ન દીધી, એટલે એમણે મુંબાઈ પાછા આવી આ અપ્રામાણિકતા અટકાવવાની શરત મૂકી. એમને સત્તા મળી અને એમણે એ ભેગ અટકાવ્યો. પરિણામે ઊંચા રૂના વધુ ભાવ મળ્યા, હલકું રૂ સસ્તું હોઈ વધારે ખપ્યું અને પેઢીની આંટ વધવા સાથે વેપારને લાભ થયો.

અનેકાર્થી શબ્દ : યતિ=જિતેન્દ્રિય પુરુષ; તપસ્વી, સંન્યાસી; જૈન સાધુ; કાવ્યના છંદમાં આવતો વિરામ; વાક્યમાં આવતી ટાપ; સંગીતમાં તાલના દસ માંહેનો એક પ્રાણ; બ્રહ્મદેવના માનસપુત્રોમાંનો એક; વિશ્વામિત્ર ઋષિનો એક પુત્ર; એક જાતનો હંસ; વિધવા.

અંકસંદર્ભ:–આઠ: અષ્ટ વસુ–ધ્રુવ, અધ્વર, સોમ, આશન, અનિલ, અનલ, પ્રત્યુન, પ્રભાસ.

ગણિત-ગમ્મત : કોઈ પણ છઅંકી સંખ્યા (જેમકે ૧૨૩૪૫૬) ત્રણ વખત પાસેપાસે મૂકો : ૧૨૩૪૫૬૧૨૩૪૫૬૧૨૩૪૫૬. તેને ૧૯થી નિઃશેષ ભાગી શકાશે. —મૂળજી જેઠુ જોષી

કહેવત : 'પૈસામાં કોઈ પૂરો નહિ, ને અક્કલમાં અધૂરો નહિ'—માણસમાત્રનો ધનનો લાભ કદી સંતોષાતો નથી અને દરેક માણસ પોતાના મનથી પોતાને સંપૂર્ણ ડાહ્યો માને છે, એ સામાન્ય માનવ-સ્વભાવ નિરૂપતી કહેવત.

निःसारस्य पदार्थस्य
प्रायेणाऽऽडम्बरो महान् ।
न सुवर्णे ध्वनिस्तावद्
यादृक् कांस्ये प्रजायते ॥

સાર-વિહીન વસ્તુઓનો આડંબર ઘણો હોય છે. જેવો મધુર ધ્વનિ કાંસાની ધાતુમાં હોય છે, તેવો સુવર્ણમાં હોતો નથી.



વિષુવવૃત્ત ઉપર બળબળતા સૂર્યતાપની નીચે ઠંડીમાં થીજી જઈને વીસ માણસો મોતને ભેટયા હતા એમ કોઈ કહે તો માની શકાય? પણ એ ખરું છે. આફ્રિકામાં ૧૪,૫૦૦ ફૂટ ઊંચા કારીસિમ્બી શિખરનું ચઢાણ કરતાં ૧૨,૦૦૦ ફૂટની ઊંચાઈએ એકાએક પ્રસરેલી ઠંડીનાં મોજાંમાં તેઓ ઠરીને માર્યા ગએલા.

૧૯૩૫માં થએલા કવેટાના માત્ર બે જ મિનિટના ધરતીકંપથી એકીસાથે ૫૬,૦૦૦ માણસો મૃત્યુ તથા ઈજા પામેલા!



કલાકણિકા : માનવ આકાર પર આધારિત પથ્થરની આ બેઠક પ્રાચીન ઈક્વૅડોરની કળાનો નમૂનો છે. એના પર બેસનાર ઉચ્ચ અધિકારની સૂચક એની રચનામાં એના બનાવનારે ચાતુરી અને કલા બંને દાખવ્યાં છે.




ટિકિટકથા : સહેલાણીઓમાં પ્રિય થઈ પડે એવાં સ્થળોનાં ચિત્રોવાળી રોજિંદી ટિકિટોની એક માળા આઈલ ઑવ મૅનમાં ગયા વર્ષે બહાર પડી છે એમાંની આ એક ટિકિટ છે. તેમાં સીસાની ખાણમાંથી પાણી બહાર કાઢવા માટે ઈ. ૧૮૫૪માં ઊભા કરેલા જંગી 'લૅક્ઝી વ્હીલ'નું આ ચિત્ર છે. આ ચક્રનો વ્યાસ ૭૨½ ફૂટ છે અને એ દર મિનિટે ૧૦૦૦ ફૂટ ઊંડેથી ૨૫૦ ગૅલન પાણી બહાર લાવે છે.

## ગ્રામ વિકાસ અને અંત્યોદય જનતા સરકારના બે ગુરુમંત્રો

રાજ્યની વાર્ષિક યોજનાની ૭૦ ટકા જેટલી રકમ ગામડાંના સર્વાંગી ઉત્કર્ષ માટે ફાળવીને અમલમાં મૂકાયા છે આ કાર્યક્રમો-

- સંકલિત ગ્રામવિકાસ
- ખેતી અને સંલગ્ન કાર્યક્રમો
- ગ્રામોદ્યોગો અને ગ્રામમાર્ગોનો વિકાસ
- ઝડપી ગ્રામ વીજળીકરણ
- ગ્રામપાણી પૂરવઠા યોજનાઓ
- ગ્રામ આરોગ્ય સેવાઓમાં વૃદ્ધિ
- પ્રાથમિક શિક્ષણનું વિસ્તરણ
- ગ્રામ રોજગારીમાં વૃદ્ધિ
- વધુ જમીનને સિંચાઈ
- સ્થાનિક વિકાસ કાર્યોને પ્રોત્સાહન
- પૂરક વ્યવસાય માટે સહાય
- ગામડાંને દત્તક લેવા પ્રોત્સાહન
- ગ્રામ વિકાસ સંસ્થાઓના કાર્યક્રમોનું વિસ્તરણ
- રુરલ ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ તથા માર્કેટીંગ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના
- કામના બદલામાં અનાજની યોજનાનો અમલ.

**ગુજરાતના ગ્રામજીવનમાં ચેતનાનો ધબકાર**

